ખરો કે ખોટો?

બ. ન. કાબરાજી.

મીઠી કે જુઠી?

ઈંગ્રેજી સંસારની એક વારતા.

(ઈંગ્રેજી ઉપરથી)

બનાવનાર

બહમનજી નવરોજજી કાબરાજી,

"ફુરસદ" તથા "નવરાસ"ના અધીપતી; "દેલજંગે દલેર," "સિપાહ
બચ્ચાની સજની," "ધીરજનું ધન," "પાકીજેહ પ્યાર,"
"ફુરાંમર્ઝ," "કાચા કાનની ખરાબી," "જુગાર," "કાવલાની
કાંહાણી,"—ભાગ ૧ થી ૪, "સંસાર," "વફા પર જફા,"
"અંધારી રાત્રે મગ કાળા," "બેહેરા બેહેલાકાકા,"
"એક પથ્થરના પ્રતાપ," "સુખલાજીનાં સંકટો,"
"ભુલો પડેલો બીમબાઇ," "ગામરેની ગોરી,"
"સદગુણી શીરીનનાં સંકટો"—ભાગ ૧ થી ૪,
"રસીક વારતા સંગ્રહ," "ભોલી ગુલ,"
"કળજુગ," "ભુલનો ભોગ," "એક
પરણેતરનો પ્યાર—પઇસા?" "તડકામાં
એક વાદળી," બેદીલ કે બેવફા ?"
કોણુ સરસ—વાહરયાની વીલુ કે
પટેલની પીલુ ?" "વમળમાં
કમળ," "દોરંગી દુન્યા,"
"બાગે બેહેસ્ત," "દી-
લસોઝ કે દીલબર ?"
"સંકટની સુલમાં
ફસેલું ફુલ,"
"નુરે નેકી,"
ઇત્યાદીના
કરતા.

૧૯૧૨.

મુંબઈ, પરેલ, લાલબાગ મધ્યે માલેક મી૦ બ. ન. કાબરાજી માટે
જ. ન. પીતીત પારસી ઑરફનેજ કૅપતન પ્રિંટીંગ વર્કસમાં
મેહેરજી બા. માડાઇવાલાએ છાપ્યું છે.

મીઠી કે જુઠી ?

અર્પણ.

પોતાનાં બેટા બેટીઓને એક બી સહુરાગત વગરના શુધ્ધ
પ્રેમની બુલંદ ફીદાગીરીથી ચાહવાવાલી
આખી આલમની તમામ નેકબખ્ત માતાઓને
એક મીઠી માવીતરનાં અગાધ અને સાચાં હેતની કદ્રયત
રજુ કરતું આ મારી નવીન વારતાનું ન્હાનું પુસ્તક,
તેમનાં તે ખુદાની ખુદાઇ પુરવાર કરનારાં હેત માટેની મારી
અદના પ્રસંશામાં, મારા તરફની એક નીસ્કીન "નજર" તરીકે,
ઘણાં મોટાં માન સમેત

હું અર્પણ કરૂં છું.

બ. ન. કાબરાજી.

ફ્રીયર રોડ, કોટ,
જુન ૧૯૧૨.

"But what strange art, what magic can dispose
The troubled mind to change its native woes?
Or lead us, willing, from ourselves to see
Others more wretched-more undone than we?
This books can do: nor this alone; they give
New views to life, and teach us how to live;
They soothe the grieved–the stubborn they chastise,
Fools they admonish, and confirm the wise;
Their aid they yield to all; they never shun
The man of sorrow, nor the wretch undone:
Unlike the hard, the selfish and the proud,
They fly not sullen from the suppliant crowd:
Nor tell to various people various things,
But show to Subjects what they show to Kings."

દીબાચો.

—:०:—

આ ન્હાનકડાં પુસ્તકને કોઇ લાંબાલટાક દીબાચાની જરૂર નથી. ગુજરાતી વાંચનારો શોકીન વર્ગ માહરાં અહના લખાંણોનો જાબજા કદર કરતો થયો છે તે માટેના મારા પરમ સંતોષ સાથે આ એક ન્હાની "નૉવેલ" જોડે તેમની ફરી એક વાર મીલાકાત કરતાં મને ઘણી ખુશી હાંસલ થાય છે.

આ "નૉવેલ" ન્હાની છે, પણ તેની અસર, અગત અને ચાનક તેમજ રસીકતામાં તે મારાં આગલાં કોઇ બી પુસ્તકો જેટલીજ મોટી છે. એ ઇંગ્રેજી ઉપરથી મેં ઉપજાવેલી છે, ને વારતાનો અસલ જોસ ને મીઠાસ બીગડવા નહી દેવાની મતલબથી તે મેં મરડી બચડીને દેશી સંસારને લાગુ કરવાને બદલે તેનાં અસલ ઇંગ્રેજી સ્વરૂપમાંજ જાહેરમાં મેલવાને વધારે લાયક માન્યું છે. એમ છતાં જેઓ આ ટુંક સફામાં સહેલ કરશે તેઓ જોશે કે વાંચતાં ચીક આવે એવું આ કોઇ ઇંગ્રેજીનું કંટાલારૂપ ભાષાંતર નથી. એ લગભગ મારાજ બોલોમાં ને મારીજ ઢપછપે મેં એક અસલ વારતા જેવાં જોસ ને ઝમકથી રજુ કરવાનો પ્રયાસ કરયો છે, અને નામો, સ્થળો વિગેરે સઘળું સઘળાંને સહેલથી સહમજ પડે એવી સંભાલથી લખેલું હોવાનાં કારણથી મારા તમામ ઉલ્લટમંદ વાંચનારા વર્ગને, એક બી અપવાદ વગર, એ વારતા ગમશે એમ માનવાને હું કશીજ સંદેહ ધરાવતો નથી. સારી ફત્તેહમંદ વારતાઓ લખી શકવા માટે મને જાહેર સનદ મલી ચુકી છે—એ સનદ સહમજદાર ને કદરસનાસ ગુજરાતી વાંચનારી આલમે પોતે વગર માંગવે મને સપુર્દ કરવાની ઇજ્જત આપી છે, ને એ અચુક લોકપસંદગીની ઇર્ષા ઉપજાવાજોગ ઇજ્જત માટે હું તે માહનામી કરીમોકારસાજ સામે સર નમાવી લખ્ખો મરતબા શુકરગુજાર થાઉંછું.

આ એક ખરી હેતવંતી મોશીતરના પ્રૌઢ પ્યારના મહત્વનું દીલપઝીર દાસ્તાન છે, ને એક માતાના કેહવતરૂપ થઇ પડેલા પાક અને અખુટ પ્યારની બુલંદ પુરવારી રજુ કરતું એ મારૂં ન્હાનકડું પુસ્તક, તેથી,

આખી આલમની તમામ નેકબખ્ત ને ખરી હેતવંતી માતાઓને વગર રજાએ અર્પણ કરવાનું મને માન છે. એ તેમની પાક જનાબમાં મારા જેવા એક મીસ્કીનની ખરાં દીલની પ્રસંસાની એક અદના "નજર" છે.

છેલ્લે, જે સાહેબો હર સાલ મને મારાં પુસ્તકોની નકલો ખરીદી નિયમીત ઉત્તેજન આપે છે, અને જે સદ્ગ્રહસ્થો, વળી, પોતાના ધંધાની જાહેર ખબરો મારાં પુસ્તકોમાં છપાવી મને શોભા આપે છે તે સઘળાંઓનો એકત્ર ઉપકાર અત્રે જાહેર કરવાને હું મારી ફરજ સમઝું છું. હું તેઓની એ બક્ષાશ ખરેખર ઘણી કીંમતી જાણું છું.

બ. ન. કાબરાજી.

જુન, સને ૧૯૧૨.

જાહેર ખબરો.

બીજી જ્ઞાતના ઝવેરીઓને તસ્દી આપવા શી જરૂર છે ?

☞ હવે પારસીઓ દરેક ધંધામાં પડે છે—અને નફ્ટ નોકરીને સલામ કરીને, 'મોનોપોલી' લઇ બેઠેલા હરેક ધંધાદારી ગ્રહસ્થો વચ્ચે ફત્તેહમંદીથી આગળ વધે છે. તેનો એક જાણવાજોગ પુરાવો :—

આ ☞ **આદરજી દોસાભાઇ**
ચોકસી, ઝવેરી,
મુસ બીલ્ડીંગ—ગ્રાંટરોડ.

નાં પ્રસીદ્ધ ખાતાંનો છે.

☞ **અમારે ત્યાં તમને શું મલશે?**

માંગો તેવા ઘાટના—માંગો તેવાં કામના—અને ચાહો તેની ફેશનના તરેહવાર મોહડું શોભે તેવા દાગીના.

વળી બીજું શું ?

ઉત્તમ કામ—મધ્યમ દામ—એકજ વાયદો—દગાની ચીંતા નહીં—ઠગાવાની ધાસ્તી નહીં.

દરેક કામ છેલ્લામાં છેલ્લી ફેશન મુજબ અપ-ટુ-ડેટ થાય છે. ભલાં ભલાં ઘરાકોએ તે જોયું છે—અને જોઇને વખાણ્યું છે.

તમો બી એકવાર અમારી દુકાને પધારો.

એક ફેરો ખાશો તો કાંઇ નવુંજ જોશો—
નવુંજ જાણશો—
અને નવુંજ શીખશો.

☞ મજુરીના ભાવ સેંકડે ૨૫ ટકા ઘટાડયા છે.

બહારગામના ઓર્ડરોપર તાકીદે ધ્યાન આપવામાં આવે છે.

☞ ટેલીફોન નંબર ૨૦૩૦.

જાહેર ખબર.

આ તમારે ત્યાં દીકરી છે કે?

જો હોય તો લગનની રીત માટે આજથીજ તૈયારી કરો!

એક દાખલોઃ—

એક ૩૦) વરસના ગ્રહસ્થ પોતાની ૫) વરસની દીકરીને ૨૫) મે વરસે પરણાવવા માંગે છે, અને સાથે રૂ. ૩૦૦૦) ની રીત આપવા ખુશી છે. એ ગ્રહસ્થ અમોને દર મહીને રૂ. ૧૦॥) જો આપે તો એઓને નીચલા લાભ મળી શકે છે!

લાભ પહેલો—૨૫) મે વરસે દીકરીનાં લગન વખતે રૂ. ૩૦૦૦) રીતનાં અને લગભગ રૂ. ૧૫૦૦) બીજા અમો પહેરામનીના આપીશું.

લાભ બીજો—લગન અગાઉ પીતાજીની કજા થાય તો દીકરીની માતા યા ભાઇ, યા કોઇએ પણ અમોને એક ભરવી નહીં, પણ બાઇનાં લગન ઉપર ૨૫) મે વરસે અમે રીતના રૂ. ૩૦૦૦) આપીશું.

લાભ ત્રીજો—લગન અગાઉ જો દીકરીની કજા થાય તો જે રકમ એઓના પીતાએ અમોને ભરી હશે તે ૩॥ ટકાનાં વ્યાજ સાથે પાછી વાળીશું.

કેમ, શું ધાર્યું?—તમારી ઉંમર, તમારી દીકરીનાં લગન કેટલાં વરસ પછી કરવા કરવા ચાહોછો અને શું રીત આપવા માંગો છે તે અમો ઉપર લખી મોકલો, અને તમોને શું ભરવું પડશે તે અમો તમોને તુરતજ જણાવીશું.

કવીન ઍન્ડ સેકસબી,
વીમાવકીલ.
વટાછટવે બીલ્ડીંગ, કોટ, મુંબઇ.

જાહેર ખબર.

થર્સટો!

તે શું? નહીં સમજયાં?

એક મોંહ સ્વાદીયું છે—

મોંહ સ્વાદીયું?

છાંટાપાણીનો ઝાડયો કહાડનારા પેલા ટેંપરંસવાલાઓ બી પીવાને અચકાય નહી

તેવું એક

નમુનેદાર—સ્વાદીષ્ટ—તોફા ફલેવરવાલું ઉમદા પીણું છે.

જરા જોવો તો ખરાં?—

મોહડાંપર મુકશો તો જાણું હોઠ ચુસ્યાજ કરો તેમ થશે.

જુઓ—એક વાર અજમાવી જુઓ—

બાટલી એકના પૈસા ચાર.

એકલા બનાવનારા—

ડયુક એંડ સન્સ.

૧૪, હુમમ સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

મીઠી કે જુઠી?

ઇંગ્રેજી સંસારની એક વારતા.

પ્રકરણ ૧ લું.

સસેકસના પ્રખ્યાત ઉમરાવ લોર્ડ ફીલીપ લીસ્ટરને ક્રિસમસની મજાહમાં મજાહ કરતાં કંટાળો વિશેષ જણાતો હતો. તે પોતે દુન્યાની મોજમજાહથી પોતાની લાયક ઉંમરની આગમચથી ધરાઇ ભરાઇ ગયલો એક ધનવાન અર્લ હતો. તેના વખતમાં—બલ્કે ખરી રીતે કહીએ તો તેનો લાયક વખત આવે તે આગમચ, પોતાની બેસુમાર દોલતને મુકાબલે, તેણે એટલી બધી મોજમજાહો કરી લીધી હતી કે હવે તેને માટે જાંણે કોઇ બી વાતમાં કશી મજાહ હતીજ નહી.

તે પોતાના મોટા મેહલ નામે "રેનવૉલ્ડ" નાં એક આરાસ્તા પણ એકાંત દીવાનખાનાંમાં હાલ એકલોજ હતો. તેની આસપાસની બધી ખલકત ક્રિસમસના રમણ્ય તેહવારોની વાર્ષીક ખુશાલીમાં હળીમળી રહી હતી, તેની પોતાની ઉપર કીંમતી પારસલો—એ મુબારક હીંગામને અનુસરતી તરેહવાર ભલી દુવાઓ સાથે—ભેટસોગાદ તરીકે ઢગલાબંધ આવી પડયાં હતાં, પણ તે બધાં ઉખેડવા, જોવા કે તપાસવા જેટલી બી તેને ઉલટ થતી ન હતી. નોકરોનેજ તે ખુલવાનો તે બેદરકારીભર્યો હુકમ આપતો, અને જયારે કીંમતી હીરાઓનાં ઝળઝળ થતાં પેકેટો વિગેરે આંખને છેક છક કરી મેલનારી ભેટસોગાદો બેહદ ફીસમે ટેબલ ઉપર પડેલી જાંણે એક શરમભરેલા ગેરઇનસાફની ફરીઆદ પુકારતી હતી, ત્યારે તેને પોતાને તો તે બધાની એક બી તુંભા કરવા જેવો કશો એ મોહ બરપા થયલો જણાતો ન હતો!

તેનો ટપાલનો કોથલો રાએતા મુજબ તેની ખીદમતમાં લાવીને ખોલવામાં આવ્યો, પણ તેમાંથી બી ઉપરટપકેથી કવરો તપાસીને થોડાંજ ખોલવા ને વાંચવાની ઝેહમતને તે જેમ તેમ પોંહચી શકયો. રાજદરબારનાં દમામદાર મોનોગ્રામોવાલાં ભપકાભર્યાં કવરો ને સુગંધમય ખુશબોથી બેહક બેહક થતાં નાજુક ઘડીનાં જીનાં સુંદર પરબીડાંઓ તે ફકત ઉપરથી જોઇને બાજુ મુકતો ગયો. તે બધાં જોવા, વાંચવા ને તેના જવાબ કરવાનું કામ તેનાં મત મુજબ તેનું નહીં પણ તેના સેક્રેટરી જીરાલ્ડ ડનમોરનું હતું. તે કાગળોમાં ઘણાંખરાં ડીનરો અને બૉલોનાં તેડાંઆણાનાં, મિટીંગો અને કાઉનસીલોને લગતી ખબરોનાં અને વળી કાઇક પ્યારના મીઠા પેગામોનાં હતાં; પણ જવાંન લોર્ડ લીસ્ટરને કોઇ વાતની પરવાહ હોય એમ જરા એ દેખાયું નહીં.

તે આ ક્રિસમસ પર તેની આખી જીંદગીમાં પેહલીજ વાર એમ પોતાના મોટા મેહલનાં એકાંતમાં એકલો હતો. તે તો બીરટલનો ડયુક એજ દિવસે એક મોટી પારટી સાથે શિકારગાહે જનાર હતો તેમાં સામેલ થવાનું આગલી રાત્રે કબુલી ચુકયો હતો, પણ તે રાત્રે ઘોડા પરથી ઉતરતાં તેનો પગ કાંઇક ઝોંક આવી જવાથી જરા જોખમાયો હતો, એટલે આજે તે પોતાના "રેનલાલ્ડ" મેહલમાં હજી એકલોજ હતો.

તેને બાહેરની ગડબડઓરી દુન્યાનો ધામધુમ્યો ઘોંઘાત ઘણો મોટો કંટાલો ખવાડતો હતો, અને તેથી તેણે બાહેરના ઘોંઘાટથી અલગ થવા જોગી દરેક યોજના કરી. તે જે ઘોંઘાટ પોતાને કાંને આવતો નહીં બંધ કરી શકયો તે ફકત દેવલમાં ચાલુ થઇ ચુકેલા ઘંટના લોખંડી અવાજના થોકા હતા. તે અવાજ ના તો તે પોતાના કાનમાં ઘોંઘાટ કરતો દાખલ થતો બંધ કરી શકયો, કે ના તો તે અવાજથી યાદ આવતી તેની બચગીની ગઇગુજરી તે મનમાંથી દુર કરી શકયો. તેણે યાદ કર્યું કે વરસોની વાતપર તેની વીધવા માતાનાં જવાંન પાસાંમાં દબાઇને તેણે એ દેવલના ઘંટની લોખંડી જબાન તેના એકસરખા થોકાઓથી એમ અવાજ કરતી શું કેહતી ને સમજાવતી હશે તે તેને પુછયું હતું, અને તે ભલી માતાએ ત્યારે તેને સમજાવ્યું હતું કે એ આપણને સર્વને બેહસ્તનો પેગામ પુગાડે છે કે આ દુન્યાથી કાએર થયલાં ને કંટાલેલાં માટે, જો તેઓ સદમાર્ગે આ જીંદગીમાં જીવ્યાં હોય તો, પેલી દુન્યામાં હંમેશગીની રાહત અને સુખ છે!

"મારા વાહલા દીકરા," તે કેહતી હતી, "મારી તુંને દુઆ છે ને તું ઘણું વરસ જીવશે, અને જીવીને એ ઘંટ દર ક્રિસમસે સાંભળશે, વાસ્તે તે સાંભળે ત્યારે સદા સચ્ચાઇથી વરતવા અને નીતીથી ચાલવાને મારી આજની શીખામણ તું વરસ દર વરસ યાદ કરતો રહેજે."—અને તેણે તેમજ વરતવાની તે ભલી માતાને કબુલાત આપી હતી, મગર અફસોસ કે તેવીજ નીખાલેશ જીંદગીથી વરતીને તે કબુલાત તેણે પાળી હતી એમ તે પોતાની છાતીપર હાથ મુકીને આજે કહી શકવાની હાલતમાં નહીં હતો!

તેની જવાંન આંખો આંસુથી ભરાઇ ગઇ. એક બાપનો સાહયો તો તે છેક બચગીથીજ ખોહી બેઠો હતો, પણ આવી એક ભલી અને મેહરબાંન માતા બી જો તેને નસીબે જીવવા પામી હોત તો તે આજે એક જુદીજ રકમનો માણસ થતે એમ તેને લાગ્યું. તેને આજની ક્રિસમસે કશીજ રાહત મલવા દીધી નહીં. તે દરેક જણથી અને દરેક ચીજથી કાયર થતો જણાયો. તે બેસુમાર પૈસાનાં પ્રબળથી વધતો ઓછો બેહકી ગયો હતો. અને ધારવા કરતાં વેહલો ધરાઇ જઇને હવે પસ્તાતો હતો.

"રેનવાલ્ડ" ના એ બધા લોર્ડ લીસ્ટરો પુરાતમપણાંથી પ્રસીદ્ધ હતા. તેઓ ઇંગ્લાંડનાં સૌથી આગેવાન કુટુંબમાં આમેજ હતા, અને એ ઉમરાવોના પુર્વજો છેક અસલવારેથી મોટા અને માનવંત લેખાતા હતા. એ રેનવાલ્ડ મેહલની તેમની મીલકત વટીક આખાં સસેકસમાં સર્વથી મોટી અને માન પામેલી ગણાતી હતી. વંશપરંપરા એ ઉમરાવો બાહદુર, ખુબસુરત, સાચા અને લડાયક ઉપરયા હતા. તેઓ મગરૂર, કરડા, અને અદેખા હતા. તેઓની મોટાઇજ ગોયા પોતાથી કોઇને પણ શ્રેષ્ટ નહીં જોઇ શકવામાં સમાયલી હતી, અને એ જાતના સદગુણ કે દુરગુણોનો વારસો પેહડી દર પેહડી નવા આવનાર ઉમરાવની રગોમાં જાણે એક સ્વભાવિક પ્રેરણાથી ઉતરતો આવતો હતો. લોર્ડ ફીલીપ લીસ્ટર, એટલા વાસ્તે, એજ પ્રકાર ને એવીજ તબીયતનો એક મોટો દમામદાર ઉમરાવ ઉપરગો હતો. તેનો ચેહરો કરડો તોપણ ખુબસુરત ને મગરૂર તોપણ મનમોહન હતો. તેની હીલચાલ તેજસ્વિ અને અદા ખાંન્દાંની દેખાતી હતી. તેનો ઉમરાવ બાપ તેને ફકત એક વરસની ઉમ્મરનો થયલો જોઇને હંમેશગીમાં ચાલ્યો ગયો હતો,

અને તેની ભલી માતા પણ તેને ફકત સાત વરસનો કરવા પાંમીને આ ફાની જેહાનથી અસબાબ ઉઠાવી ગઇ હતી, જેથી એક દુરનો સગો તેનો વાલી થવા પામ્યો હતો, ને તેણે કાંઇ પણ આંકોશ વગર એ બાળક ઉમરાવને મનને ગમે એમ બગડવા ને વીખરવા દીધો. તેને પૈસાની કશી બાધ કે તંગી ન હતી. તે જીવ ચાહે એટલું એકકી વારે ખરચી ખાતો. સુભાગ્ય એટલુંજ કે કેળવણી તેણે ઉંચા પ્રકારની લીધી, અને પોતાનીજ ઉંફ અને ઉલટના સબબે તે ઘણું સારૂં અને ઘણું જલ્દી શીખી પોતાના દરજાને જેબ દેતો ઉછરયો.

તેનું ઉમરાવપદ બેસુમાર પૈસો સાથે લેતું આવ્યું હતું. તેની ત્રણ ત્રણ મોટી મીલકતો અને જાગીરો હતી. સારે સારે ઘેરનાં તેની ઉપર મરી પડતાં હતાં, અને તેને પોતાની દીકરીઓ પેહેડાવી દેવા સેંહેંકડો માબાપો અતીઘણાં આતુર થઇ રહયાં હતાં; પણ મોજશોખના તે મોજીલા ઉમરાવને લગ્નની જુસરીનો કદી ખ્યાલ થવા પામ્યોજ ન હતો. તેને ખરા પ્યારથી કોઇએ આજતક ચાહયો ન હતો, અને તેથી તે પોતે બી પ્યારની અસરગાં આજસુધી બેઅસર અને નાવાકેફ ઉછરગો હતો. સારાંશ, એ રીતે તે હજી તો બત્રીસ વરસની છેક જવાંન ઉમ્મરમાં હતો તેટલાંજ પૈસા, માનઅકરામ, મોજશોખ, અને એ સર્વથી ધરાઇ બરાઇને તે પરવારી ગયો હતો. છેક બાળક ઉમ્મરે લગભગ સ્વતંત્ર થઇ રહેવો હોવાનાં પરીણામમાં તેને એ છુટાપણું પેહલી હરોળમાં ઘણું ગમ્યું, અને તેથી તેણે તે ઘણું ભોગવી લીધું.

તેને પરણવાની ઘણીક ભલામણો થઇ હતી. તેના વાલીઓએ બી તેને એજ સલ્લાહ આપી હતી. તે સુધરીને સમો થાય અને તેની ધરાઇ બરાઇ રહેલી જીંદગીનાં કંટાળાથી બચીને પાછો સુખી થઇ શકે એટલામાટે તેની કોઇ પસંદગીની મોહરદાર સાથે પરણવા તેઓ તેને ભલાંમણ કરતા હતા; પણ તે વાતને તે આજતક કદી બી એક-મત થઇ શકયો નહી હતો. પરણવાજોગી ગંભીરતાથી તે એક પણ અબળાને અત્યાર સુધી જોઇ કે ચાહી શકયો હતોજ નહી. મોટાં મોટાં આલીશાંન અને ઉમરાવ ખાંન્દાંનની નાજનીનો તેના હાથની ઉમેદવારી કરતાં કાયર થઇને કંટાલી ગઇ હતી. તે બેઅસર જવાંનને પ્યારની જંજીરમાં કોઇ બી અસીર કરી શકયુંજ નહીં, અને પરીણામ એ થયું કે તે આયંદે કોઇ બી વારસ વગર મરી જશે એવોજ દેખીતો

સંભવ હોવાથી તેનો પીત્રાઇ આલબર્ટ, તેના હવે પછીના વારસ તરીકે, તેની જોડે "રેનવૉલ્ડ" મેહેલમાં રેહવા આવ્યો. તેજ છોકરો હવે પછી માટે તેનો જાહેરમાં વારેસ લેખાતો હતો. એ રીતે લોર્ડ ફીલીપનો હાલ તુરત તો કોહેલો સડેલો કારોબાર હતો, જેવા એક કારોબારથી, ઉપર કહ્યું તેમ, છેક જવાંન ઉમ્મરે તે અત્યારમાંજ પુરતો કંટાલી ગયો હતો, અને મજકુર "ક્રિસમસ ડે" ના વેલાતના સૌથી ધામધુમ્યા તેહવારને દાહડે તે સૌથી વધારે કંટાળેલો જણાતો હતો.

અંતે તે કંટાળાથી બચવા ને બાઝ આવવા તે પાંઉપ્યાદો તડકાંની ટોપી પેહડી લઇને ફરવા નિકળી પડયો. તે ઘણું ચાલ્યો. ચાલવાની કસરતનો તે હંમેશનો શોખીન ઉમરાવ આજના કંટાલાની ધુંધમાં વધતું ચાલ્યો, અને પોતાના મેહલની સરહદથી છેક ઘણે દુર "કૉલ્ડર વુડસ" નાં જંગલોમાં ઉતરી ગયો.

ત્યાં હવા ખુશબોદાર અને ખુશનુમા હતી. સઘળું શાંત અને ચુપ હતું. ક્રિસમસને લગતી ધમાલ કે ગીરદીની ગડબડ જેવું ત્યાં કશું એ હતું નહીં. એ બાજુની ટેકડીઓ અને મેદાનો તે ચલકતાં તડકાંવાલા દિવસે લીલોત્રીથી તર થયલાં, આંખને જાંણે તાહડક પમાડતાં હતાં. ઝાડો ફુલપાન અને પાત્રાંઓથી ભરાઇ ગયાં હતાં, અને ઉમંગના રંગમાં ડોળતી ડાળીઓ ત્યાં દરેક તાજગીનીજ જાંણે સાહદત પુકારતી હતી. પીલાં "કાઉસ્લીપ્સ" અને ફીક્કાં "પ્રીમરોઝીઝ," બાદશાહી "ચેસ્ટનટસ" અને નાજુક "બ્લુબેલ્સ" વિગેરે વિગેરે ફુલોની દીપક અને બહેકાત એ સઘળું તે જંગલોમાં જોવાજોગ હદ સુધી રમણ્ય હતું. જાંણે તે ખુદરતને પોતાને પ્રિય થઇ પડેલી એક જગા હતી. પાતરાંઓનો ખણુખણાત, પક્ષીઓનું ગાયન, પવનનો સરોદ અને નાચતી કુદતી ડાળીઓનો ખખડાત જાંણે આસપાસનાં ઘાસપર નાચીજ રહયાં હતાં!

ફીલીપ (લોર્ડ લીસ્ટર) એ બધું જોતો, તપાસતો અને તેની મજાહ મેલવતો આગલ અને આગલ ચાલ્યો. તેનાં તનને કસરત અને મનને રાહત મળી, અને એમ ચાલતો તે જંગલો વટાવીને એક મોટાં નાલાં આગળ આવીને થોભ્યો, કે જેનો ખળખળ વેહતો ખણુખણાટ ખુદરતની ખુબીઓમાં તેનાં હાલમાં ઉસ્કેરાયલાં મગજ માટે એક નવું "મ્યુઝીક" હતું. તે નાલાંની સરહદે ચાલ્યો; પણ જરા

વારમાં ચમક્યો અને થોભ્યો. તેણે શું જોયું ? તેણે ત્યાં એક પીકચર જોયું કે જેની ખુબસુરતી અને સુંદરતાએ તેને સરબસર માહત કરી લીધો. તેણે જે જોયું તે એક પીકચર તરીકે કેનવાસપર જો ઉતારયું હોય તો ત્યાં પણ આંખને છક કરે એમ હતું, માટે આ જીવતો જાગતો ખુદરતી નકસ તે સરજનહારની પોતાની પીછીનાં પરીણામ તરીકે તેને જાબજા હેરત કર્યા વના રહી શકયો નહીં. તે અજાએબીનાં એક આહ સાથે તે દેખાવ જોતો ઉભો.

તે નાલું ઓળંગવાને વચ્ચે મોટા પથ્થરોની ગોઠવણી થઇ હતી, જે પથ્થરો કુદાવતી એક મધુરી બાળા એક મનહર બોજો ખાંધે ઉપાડી, ગાતી લલકારતી આગળ વધતી હતી. તેનાં સોનેરી જુલફાંઓ કમ્મર સુધી વેરવાર વીખરાઈ પડેલાં હતાં, કે જ્યારે નાચતો કુદતો પવન તે લાડલીનાં તે જુલફાંઓ સાથે આલીંગણ કરવાના લાડ કરવા પડયો હતો.

તે સીધી, પતલી અને ઉંચી હતી, અને એમ છતાં શેહરી ઓરતો જેવી તે કાંઇ કંટાયલી તવાયલી કે સુકાયલી ન હતી. તે ખુશાલ, તંદરોસ્ત અને મજબુત બાંધાની એક નાઝનેનખરાંભરી નાજનીન હતી. તેના ચેહાપર ગામરેની આસુદગીનો રતાસ અને તંદરોસ્તીનો બહાર પ્રગટ નજરે આવતો હતો. ફાશીનનું ચેટક કે ખુબસુરત દેખાવા માટેનાં હુનરમંદ ફાંફાંઓની બાબદમાં તે ગામરેની ગોરી બીલકુલ દ્રોખરહીત દેખાતી હતી.

તેના પગ પાણીમાં ચાલતાં લગભગ ગુઠણ સુધી ઉંધાડા કરેલા હતા, અને ઝભ્ભાની બોંહે પણ છેક બાજુ સુધી વાલી દીધેલી હોવાથી તે ભરેલા હાથો લગભગ તેજ મીસાલે નગ્ન હતા. તેની ખાંધે એક બાળક બેઠેલું હતું તે પણ તેટલુંજ ખુશાલ, રમતયાલ અને તંદરોસ્ત દેખાતું હતું. તેઓ બંને પાણીમાં ગમત કરતાં આગળ વધતાં હતાં.

લોર્ડ ફીલીપ હુપીને મનભાવતી કીસમે તેને જોવા બાજુમાંનાં એક મોટાં ઝાડને ઓથે દબાઇને ઉભો, કે જ્યારે તે વિશાલ નાલાંમાં એક વચગાંના મોટા પથ્થરપર તે સુંદરી પોતાના દીલખુશ બોજા સાથે આવી ઉભી, અને સુર્યનારાયણની તેની ઉપર પડતી સીધી દ્રષ્ટિનાં પરીણામમાં બેવડાં તેજથી તેજસ્વિ બનેલી તે સુંદરતાને ફીલીપ તેની સંતાવાની જગ્યાએથી સંપુર્ણ કીસમે જોઇ શકયો.

તે એક દેવતાઈ સ્વરૂપ હતું. તેણે આ આગમય સેંહેંકડો સુંદરતાઓ જોઈ હતી, પણ આવી એક બી મધુરી—એક ખરી સ્વપ્નવત સુંદરતા—તેણે આગળ એકે જોઈ ન હતી. તે જાંણે પોતાની નજર તે પવિત્ર દરશન ઉપરથી એક પળ પણ ખસાડી શક્યો નહીં: એક લાગણી કે જેણે તેને જકડપકડ પકડી લીધો ! તે તાજુબ થયો કે ગરીબ વર્ગનો એ સેતારો કોણ હશે ?

તે અબળાએ અલબત ફીલીપને જોયો નહીં. તે હવે પાણીમાં ઉતરી હતી, અને તેના ઉંઘાડા પગપર તે પાણી જ્યારે એકઠા સમુહમાં વિંટલાઈ રહ્યાં હતાં ત્યારે તે ખુશાલ તબ્યતથી હસ્તી તે બાળકને નગ્ન બનાવી તેમાં જબકોરતી અને નહવડાવતી હતી—એક ક્રિયા કે જે તે નિર્દોષ બાળકને પોતાને પણ એક ઘણી મોટી ગમત અને મજાહ આપતી જણાતી હતી.

ફીલીપ તે બધું જોતો ઉભો. તે પોતાનાં મનથી અજબ વટીક થયો કે આ તેની શી ગતી થઈ ગઈ હશે કે તે આગળ વધવાનું હવે મન કરી શકયોજ નહીં ? આ અબળા કોણ હતી કે જેણે નજરબંદી કે જાદુનાં જોરે જાંણે તે ઉભો હતો તે જગ્યાપરજ તેને બાંધી લીધો ?

તે બાળકને નહવડાવ્યા પછી તે સીધી હરોલમાં જે બાજુ ફીલીપ હતો તે કિનારે આવી, અને પોતે પગ સાફ કરી સ્લીપર્સ પેહડયાં, કે જ્યારે પોતાનો ભીસફીન ડ્રેસ વિગેરે સમો કર્યા પછી તે બાળકને તેણે તેજ ફીસમે કપડાં પેહડાવી તૈયાર કર્યું. એ પછી બાજુમાંનાં એક શીતલ છાંયાવાલા પથ્થર ઉપર તે નાજનીન એકાદ પલ વીસામો કરતી બેઠી, જે બધો વખત તે બચ્ચાંને વહાલથી વાત કરાવતી અને હેતથી બોલાવતી રહી—જ્યાં સુધી કે તે બચ્ચું તે પ્યારા હાથોની પાસબાનીભરી પનાહમાં નીરાંતથી નીંદ્રાવશ થઈ ગયું, અને તેને ઉંઘાતું જોઈ તે મધુરીએ ત્યાંના એકાંતમાં મીઠા સ્વરોદથી એક હાલરડું ગાયું, જેણે લોર્ડ લીસ્ટરના જીગરને છેક અંતર સુધી આરપાર છેદી ભેદી નાખ્યું !

તે અદેખો થયો. તે બાળક કે જે તે અબળાનાં પાસાંમાં દબાઈને નીરાંતથી પોઢતું હતું તેની ઉપર જાણે તેને ઈર્ષાની ઝાંઝ ચઢી. તેણે ચાહ્યું કે તે બચ્ચાંને તે મધુરીનાં પાસાંમાંથી એક ઝટકે ઝુટવી લઈ

તે નાલાંમાં ડુબાડી મારી નાખવામાં આવે ! આવી એકનો પ્યાર તે પીઆસલાં ઉપર તેને મન બધો વ્યર્થ અને હરાંમ ગુમાવવામાં આવતો હતો. તે પોતે પોતાની એ અદેખી લાગણીથી અજાએબ થયો, અને તેમ છતાં તે છોકરી તે નીંદ્રાવસ બાળકને ઉપરાસાપરી લીધેલી મીઠી ચુમીઓથી નવાજવાનું ચાલુ રાખતી હતી તે પોતે ભાગ્યેજ જોઇ શકતો હતો !

શું તે તેનુંજ બચ્ચું હશે ? તે પોતે અતીઘણી જુવાંન અને બાળક જેવીજ નાઘલી છોકરી દેખાતી હતી, કે જ્યારે તેનાં ખોલામાં ઉંઘતું તે બચ્ચું કમમાંકમ બે વરસની ઉમ્મરનું નજરે આવતું હતું.

લોર્ડ લીસ્ટરે પોતાની બેવકુફીને હસી કાઢવા ચાહ્યું, પણ તેમ તે કરી શકયો નહીં. તે એક આવાં નિર્દોશ નિરાશ્રીત બચ્ચાં માટે અદેખો થનો હતો, અને વળી અદેખો બી એવી એક અબળાના સંબંધમાં કે જેને તેણે પોતાની આખી જીંદગીમાં આજતક કદી જોયલીજ નહીં, અને હમણાં બી જે એક કેવળ ત્રાહીતથી કોઇ રીતે તેને અધીક નહી હતી. વળી એક અબળા કે જે તેની પોતાની પંકતી ને પદવીથી લખ્ખો મરતબે ઉતરતી હતી, કાંકે દેખીતી રીતે તેના પેહરવેશ ઉપરથી તે છેકજ મોહતાજ અને મુફલેસ એક તડાકે જણાઇ આવતી હતી !

પ્રકરણ ૨ જું.

લોર્ડ લીસ્ટરના એ વિચારોનાં દરમ્યાનમાં ને તે અબળાને ઘણી મોજથી જોવાની તેની મજાહની હરોલમાં હવે તડકું વધતું માંથે આવતું હોવાથી તે ઉઠીને ઉભી થઇ, અને કીનારે કીનારેથી આગલ ચાલતી થઇ. તે છેક તેની લગોલગથી પસાર થઇ, પણ તેણે તે ઉમરાવને જોયો નહીં. પોતે એ પોતાની સુંદરતાથી કોઇનું બી ધ્યાંન ખેંચી શકી હોય એ વાતની તમામ નિર્દોશ બીનમાહીતગારી વચ્ચે તે મધુરી બાળા પોતાના મનહર બોજા સમેત હવે એક ઝપાટે ચાલતી આગલ વધી.

ફીલીપ તેની પુઠે ગયો. તે કયાં જતી હતી અને કયાં રેહતી હતી તે જાણવાને તે તલબગાર બની ગયો હતો, અને "કૉલડર વુડસ" નાં ભીત્તરમાં એક મોટી ટેકડીની બાજુએ ગરીબ લોકોનાં ઝુપડાંની જે એક ચાલી હતી તે ગલીમાં હેરચું લેતાં તે અબળાએ નાકા

પર ઉભેલી એક ન્હાની બાળકી સાથે એક બે બોલ વાત કરી તે તેણે દુરથી જોયું, અને પછી તે અબળા તેની નજરે આવતી બંધ થઇ.

ફીલીપે હવે અસારતથી તે ચાલીની બાહેરની એક "સફેદ ચકી" આગલ ઉભેલી તે ગરીબ બાળકીને પોતાની પાસે તેડી. "બુચી," તેણે પ્યારના દેખાવથી પુછ્યું, "એ હમણાં ચકી આગલ તારી સાથે વાત કરીને અંદર ગલીમાં ગેઇ તે છોકરી કોણ છે?"

"તમે નહીં જાણતા!" તે ચતુર બાળકીએ અજાએબીથી પુછ્યું; "અહીં તો આખું ગામ એને ઓળખેછ. એ તો અમારી ગ્નેડીઝ હાર્ટલેન્ડ છે."

"ગ્નેડીઝ! ગ્નેડીઝ!" તે ઉમરાવ અરધું મનસે પટપટયો; "કેવું સેહલું, સાદું અને તોબી મીઠું અને મધુરૂં નામ છે!"— અને પછી મોટેથી વધાર્યું, "અને એની સાથે જે બચ્ચું છે તે કોણ છે?"

"તે? તે વળી કોણ? તે તો એનો દીકરો 'લીઓ' છે."

"ત્યારે તો એનો વર બી હોશે?" તે જવાંને દુઃખના એક દેખીતા નાઉમેદ ઝટકાથી તરત સવાલ કર્યો.

"નહીં, એનો વર નથી; એ હમણાં તો એકલીજ રેહછ," તે ચાતુરીએ દીલખુશ જવાબ કર્યો. "તેના વરને મરી ગીયાને તો વરસ થઇ ગયું. અમારી પાસેનાં ઝુંપડાંમાં એ તો બીચારી પોતાના બચ્ચાં સાથે હવે એકલીજ રેહછ, ને મારાં બુઢાં બપાઇ એ બેઉપર ઘણુંજ હેત રાખેછ."

"એનો વર શું ધંધો કરતો હતો?"

"તે ઇદરવૅલીનાં ખેતરમાં ખેતી કરતો હતો."

"તું ઘણી દાહી છોકરી છે," તેણે વખાણ કરી કહયું, અને તેના હાથમાં એક શીલીંગ સેરવી દેતાં તે બોલ્યો, "મીઠાઇ ખાજે;"— અને પછી ત્યાંથી તે ચાલતો થયો.

તેનું ચીત ચોરાઇ ગયું. ગ્નેડીઝ! તે ગોયા જાગતાં બી ગ્નેડીઝનાંજ સ્વપ્ના જોયા કરતો, અને ઉંઘતાં પણ તેજ મોહીની મુરતની મીઠી યાદમાં ગીરફતાર ગરક થતો! તેણે તેને ભુલી જવાની કોશેશ કરી, પણ વ્યર્થ!

એજ કીસમના પછાડાઓમાં તેણે એમ ચાર છ દીવસો ગબડાવી કાઢયા, પણ અંતે મન નહીં માનવાથી તે "કૉલ્ડર વુડસ"ની સહેલગાહે એક વાર પાછો ગયો, અને પેલીજ મુબારક જગ્યામાં તેજ શીતલ છાંયા હેઠલ તેણે તે માદીકરાંને ગોઠવાયલાં જોયાં. મા સીવતી બેઠેલી હતી—બાળક બાજુમાં ખેલતું હતું.

તે સુંદરી આજે તો વધતી ખુશનુદ, વધતી ખુબસુરત, જયાદા દીલચસ્પ દેખાતી હતી! વાદળાંમાં જેમ વિજળી તેમ તે ઝાડોના શીતલ છાયામાં તે સુંદરીનું તેજ તમામ ઝગઝગી રહયું હતું. તે બચ્ચું તેનુંજ હતું, કેમકે તે બાળક જરા જરા વારે તેને "મમા! મમા!" કહી પુકારતું હતું. તે પોતે હજી તો એક બાળક હતી, અને તેથી તે એક બચ્ચાંની માતા હતી એ ખ્યાલ તે જવાંન ઉમરાવને કાંઇક રંજકારક થઇ પડયો.

તેણે તેને વાત કરાવા ચાહયું. તે પરવાળાં જેવા પ્યારા હોઠ તેની જોડેની એકાદ વાતચીતમાં ઉઘડે એવી તેણે દીલોજાંન તલબ કરી, અને ભાગ્યદેવી પ્રસન્ન થઇ હોય તેમ પવનના એક સપાટા સાથે તે બાળકનાં માથાંપરની ટોપી બીજીજ પળે ઉડીને તેના પગ પાસે આવી પડી, જે ઉંચકી લઇને તે એક કુદકે બાહર આવ્યો.

"તમારાં બચ્ચાંની આ એ ટોપી પેલી તરફ ઉડી આવી હતી," તેણે કહ્યું,—અને તેનાં દીલમાં ખુશાલી નાચી રહી, કેમકે એક મીઠાં "થેંક યુ" સાથે મીઠાસથી હસીને તેણીએ પોતાનાં કામમાંથી માથું ઉંચું કરી તેની તરફ જોયું. હવે ખરી રીતે તો તે ઉમરાવે ત્યાંથી એ પછી તરતજ ચાલી જવું હતું. તે તો તેનો એક મીઠો સરોદ રૂબરૂ સાંભળવાનેજ તલબગાર થયો હતો અને તે તેણે સાંભળ્યો હતો, માટે હવે તેને વધારે વાર થોભવું અતીશાકું નામુનાસેબ હતું; પણ એમ છતાં તે થોભ્યો, અને "કૉલ્ડર વુડસ"નાં જંગલો અને તે રમણીય નાલાંની વાખવાણી વિશે તેને વાત કરાવનો તે એકાદ પળ ત્યાં જયાદા ખોટી થયો: પણ વળી તે જેમ વધતો ખોટી થયો તેમ જયાદા જખમાયો, અને તે ચળકતી આંખની રોશણીની બાહેર સઘળો સુનકાર ને અંધકારજ વ્યાપી રહયો હોય તેમ તે હવે તેને મુકીને મુતલગ અલગ થઇ શકયો નહીં!

"આએ તમારૂં બચ્ચું છે?" તેણે પુછ્યું—અને હસીને વધારયું, "એક બચ્ચાંની માતા થવાને વાસ્તે તમે પોતે ઘણાં નાઘલાં દેખાઓછ?"

"હાજી, મારી નાચારીના સબબે હું ઘણી જલદી પરણીતી," તેણીએ કાંઇક ગમખારીથી કહ્યું. "તે વખતે મારી ઉમ્મર ફકત સોલ વરસની હતી."

"અને હમણાં તમારા વર નથી?"

"નહીં જી: તેવણ ગીએ વરસે મરણ પામેલા છે."

ફીલીપ બેઠા. તેણે ઘણીજ મમતાથી તે કમનસીબ જવાંન બાંનુની આગળી હકીકતને લગતા વધતા સવાલો કર્યા, અને તાજુબીની વાત કે તેના તેણીએ નિર્દોષતાથી કશી બી આનાકાની વગર સઘળા સાચ્ચા જવાબો આપ્યા! "મારી હકીકતમાં તાજુબીભરેલું કશું બી નથી," તેણીએ હસીને કહ્યું. "મારા બાપ "કૉન્નડર લુડસ" માં ખેતી કરતા હતા, અને તેવણ અમોને મા દીકરીને ઘણીજ ગરીબીમાં મુકીને મરી ગયા હતા. તે પછી બી અમોએ મજુરી કરીને અમારૂં પુરૂં કરવાનું ચાલું રાખ્યું, અને તેટલાં મારાં ગરીબ માતાનું પણ અચાનુચ મરણ નિપજયું. એ રીતે હું ઘણી જવાંન ઉમ્મરે નિરાધાર રવડી પડી, અને મને આએ બોહળી ધરતીપર કોઇનો બી ઓથો કે આધાર રેહ્યો નહીં, કેમકે અમારાં કોઇ બી સગાં વાહલાં હતાંજ નહીં, અને કોઇ દુરનાં સગાંઓ હોય તો હું તેઓને જાણુતી કે ઓળખતી હતી નહીં. હવે એવાં મારાં દુખમાં તેથી મારાં પરગજુ પડોશીઓને મારી ઘણી દયા આવી ને તે લોકો મારાં માયબાપ થયાં. તેઓમાં એક હાર્ટલેન્ડની અટકનું કુટુંબ રેહતું હતું, કે જે કુટુંબના વડા દીકરા દેવીડ હાર્ટલેન્ડે મને પોતાના હાથની ઓફર કરી. તેનું ઘનડરવેલી આગલ એક મોટું ખેતર હતું, અને તેઓ અમારા ખેડુત વર્ગમાં બે પૈસાથી સુખી ગણાતાં હતાં. એટલામાટે એ કારજ આંખ વીંચીને બાહલ રાખવાની મને બધાંએ ઘણી ભલામણ કરી, અને મને આબરૂ દરકારથી મારૂં પુરૂં કરવાનું સાંધણ મલતું જોઇ મેં તે માંગણી તરત બાહલ રાખી. તે ઘણો ભલો હતો. તે મારી પર ઘણો પ્યાર રાખતો હતો, અને મારા જોડે અત્યંત માયાથી વરતતો હતો. હું તેની સાથે મારા ગરીબ સંસારે પુરતી સુખી હતી, અને તેવામાં મારા વાહલા લીઓનો જનમ થવાથી હું વધતી સુખી થઇ."

"લીઓ તે આએ રમેછ તેજ છોકરો કે ?"

"હાજી; એ મારી આખી દુન્યા છે," તેણીએ ગમખારીથી કહ્યું. "મારા દેવીડને તો ખુદાએ જલદીજ પછીથી તેડી લીધો. તે ઘાસની ગંજીનું એક મોહું ગાડું હાંકી જતો હતો તેવામાં તેને ઉંઘનો ઝોંકો આવવાથી તે બિચારો પડી ગયો, અને તેનાં માથાં પરથી તે મોટાં ગાડાંનું ભારી ચાક ફરી ગયલું હોવાથી તે બીચારો બે દાહાડા જીવીને મારગે લાગી ગયો. તેનાં માએબાપ બી એ દરમ્યાનમાં મરી ગયાં હતાં, અને એક નાઘલો ભાઇ પોતાનાં કુટુંબ સાથે છેક સ્કોટલંડ જઇ રહયો હતો, જેથી ગરીબ દેવીડનાં મરણ પછી હું અને મારો લીઓ તદનજ નીરાધાર પાછાં રવડી પડયાં."

"પછી ?"

"પછી ઇનડરવૅલીનું અમારૂં ખેતર અમોને વેચી નાખવું પડયું, કેમકે દેવીડનાં મુવા પછી જણાયું કે તેને માથે મોટું કરજ થઇ ગયું હતું, અને તે કરજ આપ્યા પછી અમો માદીકરા છેક ભીખારી હાલે આવી ગયાં. તે પછી પેલી સફેદ ચકરી આગળની એક ચાલી-પરનાં ઝુંપડામાં આજે વરસ દાહાડો થયો હું રહેલી છું, અને મજુરી કરીને તેમજ સીવી સાંધીને ટકેવકે મારૂં ને મારા વાહલા લીઓનુ પુરૂં કરૂંછ."—અને એમ કેહતાં તે મધુરીની મીઠી ચશ્મો આંસુઓથી ભરપુર ભરાઇ ગઈ.

"ગરીબ છોકરી !" તે ધનવાન ઉમરાવ દયાથી પટપટયો. "ગરીબીનાં એટલાં બધાં સંકટો ઉપાડવાને વાસ્તે તું હજી ખરેખર ઘણી નાઘલી કેહવાય."

"મને કંઇ એ સંકટોનું ઝાઝું દુઃખ નથી," તેણીએ આંસુઓ વચ્ચેથી હસીને કહ્યું. "હું મારાં વાહલાં બેબીનાં સુખમાં એટલી બધી સુખી છેઉં કે મને બીજાં કોઇ બી દુઃખનો ચમટો દુટી શકતો નથી, અથવા ખરી રીતે કેહું તો મને તે દુઃખોનો વિચાર કરવાને વખતજ ફાજલ રેહનો નથી ! ફકત તેને માટે જોઇતી કરતી ચીજોનો જરૂરી અસબાબ ખરીદવા કરવા જેટલા પૈસા મારી પાસે નથી ફાજલ થઇ શકતા ત્યારેજ મને ખરેખરૂં દુઃખ તો લાગેછ."

તેઓ એમ વરસોની પીછાણ અને દોસ્તી હોય તે રવેસે એકમેકને

પોતાના વિશ્વાસ આપ લે કરી સુખથી ને નીરાંતથી તાહેલાં ચલાવતાં બેઠાં હતાં ! દીલમાં બન્ને ચોખ્ખાં હતાં એટલે બેમાંથી એકને પણ તે માટે કશી શંકા કે અજાએબી થઇ શકી નહીં. અગતકરીને નિર્દોશ ગ્રેડીઝને એમાં જરા એ અચકાવા કે અજબ થવા જેવું માલમ પડયું નહીં.

" તમારી બધી વાત ઘણી દુઃખભરેલી છે," જરા વારે તે ઉમરાવે પાછું કહ્યું; " તમે સુખ તો જાંણે જાણ્યુંજ નથી!"

" મારૂં મોટામાંમોટું સુખ મારા લીઓ છે," તેણે મગરૂરીથી તે કીનારે રમતાંખેલતાં બાળકપર નજર દોડાવીને કહ્યું;—અને એ સાંભળતાં પોતાના દાંતો અને હોઠો વચ્ચેથી તે જવાંન કાંઇક પટપટયો, કે જેનો ભાવાર્થ, અલબત, તે સુંદરીને સમજાયો નહીં.

તેને હજી ત્યાંથી ઉઠી જવા ગમતું ન હતું ! તેની બાજુમાં બેસીને એકથી હજાર સવાલો કરવા તેને ગમતા હતા, કે જે, એમ છતાં, હાલનેહાલ આ પેહલીજ મુલાકાતમાં એકદમ પુછવાને તે પુરતી હીંમ્મત જમા કરી શકયો નહીં. તેને તે ઘણું અમર્યાદશીલ લાગ્યું, અને તેથી હવે તે રજા લેતો ઉઠયો. એમ છતાં ફરીથી તે મધુરીને મળવાનું તેણે તેના પાસે માંગી લીધું. તેણે એક તડાકે જોઇ લીધું કે આ નાજનીનને જો ખરેખર જીતવી હોય અને તેનાં મનપર પોતાની ભલાઇનો છાપ તેણે બેસાડવો હોય તો તે પેલાં બચ્ચાં મારફતે કરવાનું એક બચ્ચાંની રમત જેવું સેહેલ હતું; પણ એ રીતે ઠગાઇથી કામ લેવાનાં અધર્મપણાં માટે તે પોતાનાં મનને સમજાવી શકયો નહીં. તે પોહચેલબુટટી હતો, અને તેથી તેને ખબર હતી કે એવાં મોટાં વાહાલથી બચ્ચાંઓપર વીહવી પડનાર માતાઓ તે બચ્ચાંપર જે હેત કરે તેને માટે એકદમ સારૂં માની લીએછે, અને તેથી લીઓને આગળ તેડીને પંપાલવા, પસવારવા, કે પેટમાં ચાંપવાથી તેનું કારજ ઘણું સુધરી શકતે; પણ એમ છતાં તેણે તે રસ્તે ઠગાઇથી કામ લેવા પોતાનાં મનને જાણે ચોખ્ખી ના કહી.

તે આખે રસ્તે આ મોહક સુંદરતાને લગતાજ વિચારો કરતો ઘેર ચાલ્યો. તેની તાજુબી એ હતી કે આવી એક કોમળાંગી ડેવીડ હાર્ટલેન્ડ જેવા ગામડીઆ ખેડુતને ચાહીજ કેમ શકી હશે ! દેખીતી રીતે તે કોઇ છાકટોભાગતો ઉંધનસીનેણુસી હોવો જોઇએ, કેમજે તેનું

મોહોત એ વાતની મોટી પુરવારી હતી. તે ગાડું હાંકતાંજ ઉંઘનો ઝોકો ખાઇ પડયો હતો—કદાચ બબ્બાના બાહરનો બી તે એક ઝોક હોય!—અને ગાડાંનાં ચાક તળે તે એમ કચડાઇને મરી ગયો હતો તેવા એક લોઠાને માટે આ સુંદરી સરજાવા પામી એ ફાંટાબાજ કુદરતના ચીત્રવિચીત્ર ફાંટાથી જાણે તેની અક્કલ હેરત રહી, અને તેની રગેરગનું લોહી અદેખાઈનાં આવેશમાં તપી આવ્યું.

તે બીજે દિવસે પાછો આવ્યો, અને આ વખતે ઘણીક ફ્રુટ અને ફુલોની ભેટ સોગાદો સાથે તે મજુરીને મનાવતો મળવા આવ્યો. તેણીએ તે ભેટો ઓશકાઇ શરમાઇને કબુલ રાખી. તેના લીઓને એ મોટી ન્યામતથી મોજ મલશે એ ગુખી વિચારોએ તેને હરખાવી ને તેથીજ તેણે એ ભેટ કબુલ રાખી. તેણીએ વળી આ વખતે હીમ્મત કરીને અતી ઘણી ઓશકાતાં તે કયાંથી આવતો હતો તે વિષે તેને એક બે સવાલો બી પુછ્યા, અને ત્યારે તેણે તેને સમજાવ્યું કે "હું છેક દેવનશાયરથી ચાલતો આવું છ."

"છેક દેવનશાયરથી?" તેણીએ ઘણી અજાએબીથી કહ્યું;—અને એક હાય ખેંચી વધાર્યું, "ખરેખર પૈસા વગરનું જીવતર જ઼ દદ છે."

"તે કેમ?"

"તો નહી? જો તમારી પાસે પૈસા હતે તો તમે બીચારા પગ ઘસતા એટલું બધું લાંબું ચાલતે તો નહીં?" તેણીએ નિંદોષ ભોલાઇમાં જવાબ કર્યો.

તે એ સાંભળી મનથી હસ્યા, પણ તેણે તેને ભેદ બાંજીને પોતાની મોટી શ્રીમંત હાલત વિશેનો ખરો ખુલાસો તુરત વેળા કશો કહ્યો નહીં. તે મુછમાં હસ્યા કીધો. દોલતના દરંગોએ કરેલા બીગાડનાં પરીણામમાંજ ક્રિસમસ ડેને દિવસે તેને પાંઉપ્યાદો એમ કસરત શોધતો નિકળવું પડયું હતું એ ખુલાસો તે કેમ કહે?

તે ચુપ રહ્યો. તે અબળા તેને તેના પૈસાને વાસ્તે નહીં પણ તેનાં પોતાવત માટેજ ચાહતાં શીખે એવું તે ચાહતો હતો. તે મુફલેસ અને મોહતાજ હતી માટે તેના પૈસાને ખાતર તે પીગળે તે જોવાને તે રાજી થઇ શકતો ન હતો, ને તેને એ વિચાર આવી જવાથી તેની તે

અજમાયસ લેવા ચાહતો હતો. તેણે પોતાને તેથી એક સાદા "મી૦ ફીલીપ" તરીકેજ ઓળખાવ્યો.

એ પ્રમાણે તે એ પછી રોજ ત્યાં તે તરફ આવતો જતો થયો, ને એ મીલાકાતો દરમ્યાનનાં તેનાં મોટાં સુખમાં તે જે જોઇને સદા જલતો રહયો હતો તે એ માતાનો તેના વ્હાલા બાળક બેટા લીઓ માટેનો પ્રૌઢ પ્યાર હતો. તે એ પ્યાર જોઇ કે ખમી શકતો ન હતો! તે નહીં જોઇ શકવાનું અદેખાપણું અમોએ ઉપર કહયું તેમ તેની નસોમાં વંશ પરમપરા ઓરે ઉતરેલું ને પ્રવેશ પામેલું હતું. તેની આગલના સઘળા લોર્ડ લીસ્ટરો એજ મુજબ અદેખા અને તુમાખી થઇ ગયા હતા.

પ્રકરણ ૩ જું.

એક રાત્રે ખુશનુમા ચંદરણીની મોજ ભોગવતો પેલી "સફેદ ચક્રી" તરફ તે આવ્યો ત્યારે ગ્લેડીઝ તેને કોઇ લાંબે તરફેથી પાછી ફરેલી મળી. લીઓ એ વેળાએ તેની સાથે ન હતો, અને આટલા લાંબા વખતની મીલાકાતોમાં આજેજ તે તેને એ રવેસે એકલી મળી.

"તું કાંહાં જઇ આવી?" તેણે અજાએબીમાં પુછયું.

"મેં ઘણી મેહનતે થોડીક લેસ તૈયાર કીધી હતી," તેણીએ ખુશાલ જીગરે જવાબ દીધો, "અને ખોદાની મેહરબાનીથી તે બધી હું આજે વેચી શકીછ. હું પાધરી તે વેચીનેજ પાછી ફરૂંછ,"—અને તેણીએ ઘણા હર્ષથી ખોબો ભરીને પૈસા જે તે કમાઇ લાવી હતી તે તેને બતલાવ્યા અને વધારયું, "મારા વાહલા લીઓને વાસ્તે હું થોડાંક કેક બી ખરીદી લેતી આવીછ. તેને બીચારાને આજ સુધી કેક તો હું ખવાડી શકીજ નથી!"

તેણે તે મીઠી અબળાના નાજુક હાથો પોતાના હાથમાં લીધા.

"ગ્લેડીઝ," તેણે કહ્યું, "મારી સાથે નાલાંની બાજુની હંમેશની આપણી પેલી માનીતી જગા પર આવશે? મારે આજે કાંઇક તુંને પુછવું છે."

તે ગભરાઇ ગઇ. ભવિશ સમજી જવા જેવાં જ્ઞાનથી દુ:ખ અને સુખની ભેગી લાગણીઓ સમેત તેનું બદન કાંપવા લાગ્યું.

તેઓ ચુપચુપ તે નાલાંની બાજુમાં ચાલ્યાં.

"તું મને ખરૂં કેહ; તું શું તારા દેવીડ હાર્ટલેન્ડને ચાહતી હતી ?"

"ચાહતી હતી?" એ અજબજેવા સવાલમાં તેણીએ અજાએબ થતાં પુછ્યું; "તે મારીપર ઘણો પ્યાર રાખતો હતો, અને તાબેદાર મોહરદાર તરીકેની ફરજમાં હું પછાત નહીંજ હતી."

"તે હું નથી પુછતો; પણ પ્યાર ?"

"તે વિશે તો કોઇ દાહડે મેં વિચારજ નથી કીધો," તેણીએ કાંઇક અચકાતાં કહ્યું. "તમે શું પુછવા માંગોછો તે હું બરાબર સમજી શકતી નથી, મી૦ ફીલીપ. તે ગુજરી ગયો ત્યારે હું ખરાં દીલથી દુઃખી થઇ હતી."

"હું શું જાણવા માગુંછ તે તું હજી બરાબર સમજતી નથી," તેણે કહ્યું. "હું તુંને સમજાઉં: તે તારી પાસે નહીં હોય ત્યારે તે પાસે આવે ત્યાં સુધી તું મિનિટો વટીક ગણે, તેના અવાજથી તારૂં દીલ ખુશીના પડઘા મારે, દિવસે કે રાતે તુંને તેનો ને તેનોજ ખ્યાલ રહે, તે તારી જીંદગીની જોત અને જીવનું અમૃત થઇ પડે એ બધી લાગણીઓ તેને માટે કોઇ દાહડે તુંને થઇ હતી ?"

"નહીં બા, એટલું બધું તો કાંઇ હું જાણુતી નથી," તેણીએ વિચારવંત જવાબ આપ્યો.

"ત્યારે તું તેને ચાહતીતી નહીં."

"હું ચાહતીતી તો ખરી."

"પણ હું કેહુંચ તે કીસમના પ્યારથી તો નહીંજ !" તેણે આંકે કરાવ્યું; "તે કીસમનો પ્યાર જીંદગીમાં એકને અને એકજ વખત આપી શકાયછ. તે તારો પ્યાર હજી સુધી ફાજલ હોવોજ જોઇએ, અને તે તું મને આપશે ?"

"તમોને ?" તેણીએ ચમકીને કહ્યું.

તે બીહી ગઇ! એજ કીસમની વાતચીતની વકીથીજ તે અત્રે આવી હતી તે છતાં આએ જાહેર એકરાર સાંભળતાં જાણે તેની છાતી ખુશી અને ગમીની મીશ્રીત લાગણીઓથી ધ્રુજી આવી !

"ઓ ગ્લેડીઝ, વાહલી ગ્લેડીઝ," તેણે કહ્યું, "હું તુંને ખરાં

દીલથી ને ઘણીજ પ્રમાણીક મતલબથી ચાહતાં શીખ્યોછ. આએ દુન્યામાં તારી કીસમે કોઇ મારૂં દીલ જીતી શકયું નથી,"—અને ઓશક અને હયાથી તે અગળાએ ભાગા તુટા સ્વરે તેનો જે જવાબ કર્યો તે સાંભળવામાં પણ જાંણે પુરો પાધરો આવી શકયો નહીં!

એ રીતે બીજું એક અઠવાડયું ગબડી ગયું, અને ગ્લેડીઝ પોતાના કબુલ રાખેલા ભવિશના ભરથારને આસ્તે આસ્તે ચાહવા લાગી,—એક ભરથાર કે જે તેને માટેના પોતાના મોટા પ્યારને ખાતર પોતાનાં પૈસા, પદવી, અને ખાન્દાન વગીક જાંણે ભુલી જતો હતો! તે અસલમાં વધનોઓછો છકેલ, બેહકેલ અને બુરો હતો, પણ એક સાચ્ચા પ્યારની શુદ્ધતાએ તેને હવે એક નવોજ માણુસ કરી આપ્યો હતો.

એવું પ્યારનું પ્રબળ છે, ને એવા પાક પ્યારની અશોઇને હસનારા હેમકો ખુદ ખુદાની ખુદાઇનો અનાદર કરવાનો અપરાધ કરેછે. અરસપરસની એક સાચ્ચી ફીદાગીરી આ ધરતી પરનું બેહસ્ત છે, અને તેની બુલંદીની અસરો જાંણ્યા કે સમજ્યા વગર તેને વગોવનારા નિંદકો એ બેહસ્તમાં દાખલ નહીં થઇ શકનારા દોજખીઓ છે.

"તું એક રાણી થવાને સરજાવી જોઇતીતી," તે તેણીની બોલવા ચાલવાની અદા, સ્વભાવિક ચંચળાઇ, અને એક મોટાં ઘેરને શોભાવે એવી સમજદારીઓની અવારનવાર વખાંણ કરતાં બોલતો. તે તેને એક મોટા અદેખા પ્યારથી વીહલો પડીને ચાહતો હતો.

"એક અબળાને બે વખત પરણવું પડે એ કેવું મોટું કમનસીબ છે," તેણીએ એક વખત રડી દઇને કહ્યું.

"તું પરણેલી છે એ વાત હું તો જાંણે માનતોજ નથી," તેણે જોસ્સાથી કહ્યું. "પ્યાર વગરનું પરણવું પરણેલું કેહવાયજ નહીં. કેહ મને, ગ્લેડીઝ, તું શું મને ખરા પ્યારથી ચાહતી નથી?"

"હું તમોને જે કીસમે ચાહતાં શીખીછ તે કીસમે હું મારા આગળા મરનારને ચાહતી હતી નહીં," તેણીએ ઓશકથી તેની છાતીમાં પોતાનું માથું છુપાવી કહ્યું. "હું કબુલ કરવાને અચકાતી નથી કે તમે મારૂં ચીત ચોરી લીધું છે. હાલના જેવી લાગણીઓ આગલ કદી મને થઇજ નથી."—અને એક મીઠી બચીથી ઉમરાવ ફીલીપે એ પવિત્ર એકરાર પર પોતાની ખુશાલીભરી મોહોર કરી.

"તમે ધારોછ કે બે વાર પરણવું એ ગુનાહ નથી ?" તેણીએ શંકાશીલ પાછું પુછ્યું.

તેનો ચેહરો ઇર્ષાથી લાલ થઇ ગયો. તેણે ચાહયું કે તે નજીસ ગઇગુજરી તેને એમ સંતાપતી નહીં હોતે ! તે ગઇગુજરીઓની યાદ તેનાં જીગરમાંથી જડમુળથી ઉખેડી કાઢવા તે ઘણોજ ખંતી જણાયો, પણ બની તે ન બની કેમ થાય ? તે આગલાં નેહસ્ત લગનની યાદ આપનારી એક જીવતી સાહદત તેનો બાળક બેટો લીઓ હાલ બી જીવતો હતો !

"મેં તુંને કહ્યુંની કે એ આગલાં લગન યાદ કરવાજોગ લગન છેજ નહીં ?" તેણે કાંઇક કરાજીથી કહ્યું;—અને પછી એ નાપસંદ વાત ફેરવવા તેણે તરત બીજી વાતો કાઢી.

એ રીતે બીજો અરધોએક કલાક બીજી કેટલીક વાતચીતો થયા પછી ગ્લેડીઝે કાંઇક આતુરતાથી પુછ્યું, "પણ ફીલીપ, ગુસ્સો ના કરતા; —તમો ધારોછ પાકે કે તમો અમારાં ગુજરાણનો બોજ ઉપાડી લઇ શકશો ? એટલી તમારી ગુંજાસ છે ?"

તે તેની ભોલાઇ પર મોટે સાદે ખુશ મિજાજથી હસ્યો. આ છોકરી તેના પૈસા કે પદવીને માટે નહીં પણ તેને તેનાં પોતાવત માટેજ ચાહીને પરણવા કબુલ થઇ હતી તે ખ્યાલજ તેને અતી ઘણો સુખકારક થઇ પડયો.

"હું ધારૂંછ હું તારૂં પુરૂં કરી શકશ, પ્યારી," તેણે સાહાઇથી કહ્યું.

ગરીબ ગ્લેડીઝ ! તેને તેણી કોઇ પોતાના વર્ગનોજ એક માનતી હતી ! તે ગામરેની ગોરી એટલી બધી ભોલીભાલી ને સીધીસાદી હતી કે તેના પહેરવેશ કે પોષાકપરથી બી તેની મોટાઇનો તેને કાંઇ ખ્યાલ થયો નહીં.

"તમે કાંઇ ફકર ના કરતા," તેણીએ તેને સધ્યારો ને હીંમત આપીને કહ્યું; "મારાં પોતાનાં હાથકાં બી કસાયલાં ને મહેનતુ છે. હું તમોને ઘણી મદદ કરશ. હાલ બી તો હું પોતેજ મારૂં ટકેતકે પુરૂં કરી શકુંછ કેની ?"

ટુંકમાં, તેઓ વચ્ચેનો પ્રેમ એ રવેસે દીન ઉગે ઘણાં બળવાન પ્રમાણમાં વધતો આવ્યો. ફીલીપે હજી સુધી તેની આગળ પોતાની મોટી પદવીનો કશો એ ખુલાસો કર્યો ન હતો. તે આએ કીસમના તે ભોલી ભારજાના

નિખાલેશ પ્યારમાં પુરતો સુખી હતો. તેણીએ દેખીતી રીતે આગલા કદી દેવીડ હાર્ટલેન્ડને એ હાલનાં પ્યારને સામે હીસ્સે બી ચાહ્યો નહીં હતો. તે તેના તરફ સાચ્ચી અને વફાદાર હતી—આભારી અને હેતવંતી હતી, પણ આએ કીસમનો પ્યાર તે મુફલીસ મરનારને માટે આગળ કદી તેણે અનુભવ્યો ન હતો.

ફીલીપનો ગ્રહસ્થપણાંમાં દીપતો મરદાનગીભર્યો દેખાવ, તેના સુઘડ અને સુધરેલા હાવભાવો, તેની વાત કરવાની અદા, સાલેસાઇ અને ચતુરાઇ, તેનો મોહક મુખડો, મીઠો શરોદ અને પ્રેમભર્યું વર્તન એ સઘળું તે હદ વનાનાં વાહલથી હવે વખાણતાં ને ચાહતાં શીખી હતી. તે મોટા વીશ્વાસ અને અણહદ હેતથી તેને પોતાનો જાંણતી હતી, અને તેઓના તે દીલોજાંન પ્યારના એકલાં ગુવાહ તે વાદલાંમાં રાત્રે ચુપકીથી ચકચક કરતા પેલા સેતારાઓ, રાતની રાણી માહતાબ, અને ખળખળ ગાયન કરતું વેહતું તે નાલાંમાંનું નિર્મળ નીર વિગેરે હતાં !

તે ઉતાવળો થયો નહીં. તેણે ગ્લેડીઝનાં જીગરમાં એ મોટા પ્યારનું પ્રબળ પુરતાં પ્રમાણમાં પ્રગટવા દીધું. તેના પ્યારમાં દગો નહીં હતો, અને એમ છતાં તેને એક પોતાની મતલબ કાઢી લેવી હતી, માટે તે તેનો પ્યાર તેણીના પોતાના પ્યાર જેવો તમામ નિષ્કલંક કે બીન-સ્વાર્થી હતો નહી; અને તે પોતાની મતલબને જવાબ કરતો તેણીની પાસે જવાબ મેલવવા એક દાહડે તેણે તે મધુરીને સવાલ કર્યો, "ગ્લેડીઝ, તું મને ખોહવા રાજી થાય કે મને ખોહી બેસવા કરતાં મરવા રાજી થાય ?"

"મરવા !" તેણીએ વગર આનાકાંનીનો તાબરતોબ જવાબ આપ્યો. "હવે હું ધારીજ નથી શકતી કે હું તમારા વગર જીવી શકું !"

"ત્યારે હવે આપણે કાલે કાંઇક વધારે અગતની વાત કરવા અત્રે પાછાં એકાંતમાં એકઠાં મળશું," તેના એ જવાબથી રાજી થઇ તે દિવસે છુટાં પડતાં તે જવાંન ઉમરાવે કહ્યું; "કાલે તું આએજ વખતે અહીં પાછી એકલીજ આવજે."

"લીઓ સાથે હોય તો કાંઇ અડચણ છે ?"

"હા, તે નહીં ચાલશે, વાહલી," તેણે કહ્યું. "મારે ઘણી અગતની ને લંબાણ વાત કરવાની છે, ને આપણે એકલાં હોઇશું તો

તે વધારે સુખથી કરી શકશું."—અને એમ તેઓ બીજે દિવસે ઠરાવ પ્રમાણે તેજ એકાંતમાં પાછાં એકલાં મલ્યાં.

ગ્નેડીઝ અજબ થતી આવી. તેને એવી જરૂરનું એટલે લંબાણથી તે એકાંતમાં શું કહેવું હશે તે માટે તે છોકરીને ઘણીક ચટપટ તે ફરીથીની મીલાકાત થતાં સુધી થતી રહી હતી.

"ગ્નેડીઝ," તેણે કહ્યું, "હું હવે આજે તુંને જે કેહુંછ તે આપરાં બેઉનાં ભલાંનું છે. તુંને મારામાં પુરતો વીશ્વાસ છે? તારા બેઉ પ્યારા હાથો મારા હાથમાં આપીને મને કહે કે તુંને મારાપર પુરતો વીશ્વાસ છે?"

તેણીએ પોતાના બન્ને નાજુક હાથો ઘણી ખુશીથી તેના ભરેલા હાથમાં આપ્યા, અને ઉલટથી કહ્યું, "વાહલા ફીલીપ, મને તમારામાં પુરતો ને બધો વીશ્વાસ છે."

"તું જાણેછ હું કોણ છેઉં?"

"તમે મારા ભવિષના ભરથાર છો."

"હા, પણ તું મને જે જાંણેછ તે અને તેવોજ હું નથી. હું તારો સાદો ફીલીપ ખરેખર તો લોર્ડ ફીલીપ—લીસ્ટરનો અર્લ—છું, ને તું વહાલી કાઉન્ટેસ લીસ્ટર થવાની છે!"

તે અજાએબી ને હેબતની એક ચીસ સાથે એ અજાએબજેવો એકરાર સાંભળતાં તેની ગોદમાંથી હઠી ગઇ. તે ખુબસુરત ચેહરો ફીકો પડયો, અને તે પ્યારા હોઠો ધ્રુજવા લાગયા!

"ઓ, એ શું ખરી વાત છે?" તેણીએ હબતી જતાં પુછયું.

"ખરી છે, પણ તેથી ખરાબી કશીજ નથી," તે ઉમરાવે કહયું. "એટલા ખાતર આપરાં લગનમાં વધન આવવા જેવું એક બી કારણ નથી. હું સ્વતંત્ર ને મારી મરજીનો એકલો આપખુદ માલેક છેઉં. જો તું કાઉન્ટેસ થવા નહીં કબુલ થાય તો હું મારૂં સર્વસ્વ તજીને તારી સાથે આએ "ફોલડર વુડસ"નાં ખેતરોનાં એક સાદાંમાંસાદાં ઝુપડાંમાં રેહવા બી તૈયાર છું!"

"ઓ નહીં, નહીં!" તેણીએ આજીજીથી ચીસ પાડીને કહયું.

"હવે ત્યારે કેહ મને, જરૂર પડે તો તું વાહલી એટલાજ ભોગો મારે વાસ્તે આપવા તૈયાર છે?" હવે તેણે પોતાની મકસદને લગતો સવાલ કર્યો.

"મોટી ખુશીથી," તેણીએ હીમ્મતવાન જવાબ કર્યો. "મારી જીંદગી વટીક મારી નહીં પણ તમારી છે."

તેણે તેના આ હીમ્મતવાન જવાબ માટેની પોતાની મોટી શીકાગીરી એક મીઠા બોસાથી પ્રદર્શીત કરી.

"હવે હું એક ઉમરાવ છેઉં તેથી તું મને ઓછી ચાહતી તો નથીની?"

"તમે ઉમરાવ હોવો કે ફકીર, પણ હું તો મારો જાન તમોને અર્પણ કરી ચુકીછ, અને હું હવે સદા સુધી તમારીજ છેઉં."

"મારી એકલાની?"

"હા."

"મારી એકલાની?"

"હા વાહલા ફીલીપ," તેણીએ પાછું વધારે જોસથી અને તેને ખાત્રી આવી જાય તેમ કહયું.

"વાહલી ગ્લેડીઝ," તેણે કહયું. "હવે ત્યારે સાંભળ: હું એટલાં જોશથી તારી પાસે હા બોલાઉંછ, સબબ હું મારા પ્યારમાં એક બી હરીફ શાંખી શકું એમ નથી—પછી તે હરીફ ગમે તે હોય. મારૂં આખું ખાન્દાન અસલવારેથી એ અદેખાઇ માટે પ્રખ્યાત છે. એટલા માટે તારી બધી આગળની ગઇગુજરીનો એ મારા મોટા પ્યારને ખાતર તારે દરેક ભોગ આપવો પડશે. તારા મરનાર ભરથારને તારે હંમેશને માટે ભુલવો જોઇશે, અને તારાં બચ્ચાંને પણ તેજ રીતે સદાનું ઓવારનીવાર કરવું પડશે!"

"ઓ ફીલીપ! એ તમો શું કેહોછ?" તેણીએ એકદમ ચમકી ઉઠી કહયું.

"હા વાહલી," તે તુમાખી ઉમરાવે કહ્યું. "એ બચ્ચું આપણી સાથે હશે તો મારૂં દીલ જખમાવ્યા કરનારી એ તારા આગલા ખેડુત ભરથારની યાદ મારાથી કદી વીસરાવાની નથી, અને આપણે ત્યારે સુખથી કદી રહી શકવાનાં નથી. તે બચ્ચું તારે વાસ્તેના પ્યારમાં મારો હરીફ થાય તે વટીક હું ખમી શકું એમ નથી!"

"ઓ ફીલીપ," તેણીએ પાછું કહ્યું, "તમે શું કેહવા માંગોછ! તમે શું ખરેખર એ બચ્ચાંને મારી પાસ ઓવારનીવાર કરાવા માંગોછ?"

"હા, ને મેં તે વાસ્તેનાં મારાં જોરાવર કારણો તને કહ્યાં," તે ઉમરાવે શાંતપણે કહ્યું.

"ઓ નહીં, નહીં, એમ ના બોલો!" તેણીએ માંગી લીધું. "હું એક ઘડી બી તેનાથી છુટી થઇ શકવાની નથી. એક બચ્ચાંની અદેખાઇ ? ને તે બી વળી મારૂં પોતાનુંજ બચ્ચું ! ઓ ફીલીપ, તમે મારી મજાક કરોછ!"

"હું મજાક નથી કરતો, વાહલી," તેણે ગંભીર થરસાથી કહ્યું; "એ મજાક મસ્કેરીને બરની વાત છેજ નહીં. તું શું તે બચ્ચાંને મારાં કરતાં વધારે ચાહેચ ? મારે ખાતર બી તું શું તેને ઓવારનીવાર કરવા નહીંજ કબુલ થઇ શકશે ?"

તે ધ્રુજતી છાતીએ તેની ગોદમાંથી પાછળ હટી!

"મને તો તારો આખો પ્યાર જોઇએ," તેણે ચાલુ રાખ્યું. "આખો નહીં મલે તો તેના એક ભાગની મને કશીજ પરવાહ નથી. એ મારા મોટા પ્યારમાં એક બી હરીફ હું તામોસ કરી શકું એમ નથી. તું તે બચ્ચાંપર પ્યાર કરેછ કે તેને બકીઓ લેછ તે વટીક હું જોઇ કે તામોસ કરી શકતો નથી. તેને કબુલ કરતી હોય તો મને નાકબુલ કર. તેનેજ કબુલ કરવા ચાહતી હોય તો મને ત્હારે નાકબુલ કરવોજ પડશે!"

"ઓ મારો લીઓ! મારો વાહલો નાચાર બેચાર દીકરો!" ઘ્લેડીઝ રડમસ હાલે રડીને પટપટી.

"હવે મને એકાદ પળ ધીરજથી સાંભળ!" તેણે જરા વાર થોબીને કહ્યું. "એ બચ્ચાંને તું મને ચાહતીજ હોય તો સદાનું તરક કર; કબુલ છે?"

"ઓ નહીં, નહીં, હું એ વાતને કદી બી કબુલ થવાની નથી," તેણીએ આજીજીના હાથ જોડીને કહ્યુ. "હું મારાં બચ્ચાંની માએ છેઉં કે દુશ્મેન ? હું આગલ રહીને તેનું ભલું વાંચું કે બુરૂં ?"

"ભલું," તે ઉમરાવે ભાર નાખીને કહ્યું. "જો તું મારી સલ્લાહ પ્રમાણે વરતીને સમજદારીથી કામ લેશે તો તરત જોશે કે તું તે બચ્ચાંનું ભલુંજ વાંચે છે. હું નથી કેહતો કે તું એ બચ્ચાંને ફેંકી

દે યા મારી નાંખ; તે હાલ છે તે કરતાં મારા પૈસાનાં જોરે હું તેને હજાર ઘણાં વધતાં સુખમાં રખાવી શકશ. હું તેને ઘણાજ માયાળુ હાથોને સપુર્દ કરશ. હું તેની કેળવણી વાસ્તે મોટી પૈસાની રકમ ખાસ હલાએદી કાઢશ. હું તેને કોઇ ઉંચી પંકતીના હોનરમાં નાંખવાની કાળજી કરશ: હવે તુંજ વિચાર કર, વ્હાલી, કે તું જો મને નાકબુલ કરશે અને એ બચ્ચાંનેજ ટેટે બાંધી રાખશે તો પરીણામ શું થવાનું છે? તે જીવશે તો બીચારો સદા ગરીબીમાંજ અવત્યાં મારયા કરતો એક મજુર ઉઘરશે! હવે ત્યારે તેને વધારે સારે રસ્તે મેલવાજોગી મારી આએ ઑફર કબુલ કરવાથી, તું વીચાર કરીને કેહ કે, તું તેનું ભલું કરશે કે બુરૂં ?"

"ઓ નહીં, નહીં, ફીલીપ!" તેણીએ મોટું કલ્પાંત કરીને કહ્યું; "એ ફરજ મને ના પાડો! મારા પ્યાર કે સુખ બદલ હું મારાં એ ગરીબ બચ્ચાંને વેચવા ચાહતી નથી. હું મારા લીઓના પ્યાર વગર જીવીજ શકવાની નથી!"

"ગ્લેડીઝ, હજી બી વિચાર કર ! હું તુંને મારા પૈસા ટકાથી લલચાવવાનું નીચપણું કરવા ચાહતો નથી પણ મારા બેસુમાર પૈસાટકાની મારા ગાડી ઘોડા, વાડીવજીફા, માલમીલકત, નોકરનફર દરદાગીના વિગેરે સર્વની તુંજ એકલી માલેક થશે! હું તુંને બાદશાહી સુખમાં રાખશ."

"પણ મારા લીઓ વગર મારે મન તે બધું રદ છે," તેણીએ પોતાનાં દચકાંઓ વચ્ચેથી કહ્યું.

"એ તારાં બચ્ચાં સાથે તારાં આગલાં હલકાં લગનની હીણ-પસ્તીની સઘળી યાદ વચ્ચે હું તુંને મારા મેહલમાં લઇ જઇ શકવાનો નથી તેનો તું વાહલી વિચાર કરતી નથી?" તેણે હજી તેને સમજાવાનું ચાલુ રાખ્યું. "મારા મોટા મેહલની તું સાહેબી કરનારી શેઠાણી થશે, અને તારે માથે એક કાઉન્ટેસનું તાજ બીરાજમાન થશે. તું શું એ બધું એ બચ્ચાંને ખાતર મુકી દેવા માંગેછ? તારાં મોંઢાંમાંથી પડતો બોલ ઉંચકી લેવામાં આવશે, અને તારી દરેક ખાહેસનો તું ખ્યાલ કરી શકે તે આગમચ તે તારી ખાહેસ તું બર લાવી શકશે!"

"પણ લીઓ?"

" લીઓ તારી નજરથી દુર થશે ખરો, પણ સુખમાંજ રહેશે. તને પ્યારથી ને કાલજીથીજ રાખવામાં ને ઉધારવામાં આવશે. મારૂં માન, ને તું અછાત મારીને એ મોંઢાં આગળ આવેલું તારૂં સુખ દુર કરી નાંખી તારી પોતાની ને તારા દીકરાની સદાની દુશ્મેન ના થા !"

" મને માફ કરો, ફીલીપ," તેણીએ બન્ને હાથ જોડી કહ્યું; "હું તમારી એ વાતને કદી એકમત થઇ શકવાની નથી."

" ત્યારે તારૂં બચ્ચું ગરીબીનાં સંકટમાં કંગાલીઅત ને અભણપણાં વચ્ચે ઉછરે તે જોવાજ તું ખુશી છે ? એમાં તે બીચારાં બચ્ચાંનું તું ભલું શું કરી શકેછ ?"—અને તેણીને હજી " ના," નુંજ ડોકું ધુણાવતી જોઇ ધીરજ ખોહી દેતાં તેણે કહ્યું," હું તને હજી વિચાર કરવાનો અને મને વિચાર કરીને પછીજ જવાબ આપવાનો એક દિવસ આપુંછ; કાલે હું તારા સેવટના જવાબને વાસ્તે આવશ. એક નહી પણ આપણ ત્રણ ત્રણ જણનાં સુખનો બધો આધાર તારા એક જવાબ પર રહેશે તે, વ્હાલી ગ્લેડીઝ, તું યાદ રાખજે !"

" હું કદી એ વાતને એકમત થવાની નથી," તેણીએ પાછું કહ્યું. "ઓ, તમે આવા ભલા, આવા ઉદાર, આવા દયાલુ છેઓ, અને તે છતાં એક માયને તેનાં વ્હાલાં બચ્ચાંથી જીવતાંજીવત જુદી કરવા કેમ પસંદ કરી શકોછ ? હજી તો એ બીચારો બોલતો બી થયો નથી ! હજી તો પગ ઠેડવીને ચાલી જાંણતો નથી, હજી તો મારાં ગલાંમાં હાથ નાંખીને સુયા વગર એ બીચારૂં બચ્ચું ઉંઘાતું નથી ! હું એક કલાક એને મુકીને ખસુંછ તો રડીને એ અરધો થઇ જાએછ ! ઓ, હું તેને કેમ તજી દઉં ? તે મારા વગર ઝુરપંજર પરીને જરૂર એક બે મહીનામાંજ પુરો થઇ જશે !"

" મરવાનું તું ધારેછ એટલું સહેલ કે સોંઘું નથી," તે કરડા ઉમરાવે તુચ્છકારથી હસીને કહ્યું; " મગર હવે ખેર, એની એ તકરારમાં માલ નથી; કાલ સુધીમાં તુંને ગમે તે વચિાર કરી રાખજે."—અને તે જવા કરતો હતો.

તેને ગ્લેડીઝે દાલાવાલાથી રોકયો. " તમે તેને ગમે તો ચાહતા ના !" તેણીએ કાકલુદીથી માંગી લીધું; " તમોને એ બચ્ચું નહીં ગમતું તો તમે તેની ગમ ગમે તો જોતા બી ના. હું તેને તમે

કહેશો તો તમારા રસ્તામાંથી હંમેશ ઘણી સંભાળથી દુર રાખશ, પણ જો, કોઇ બી રીતે એ મારાં વાહલાં બચ્ચાંને મારી સાથે આવવા દેઓ!"

"તે કદી નહીં બને, ગ્લેડીઝ," તેણે એકનાએક દઢ ઠરાવથી કહ્યું. "તું મારી મોહોરદાર થાય ત્યારે તારી આગલી હલકી જીંદગીની દરેક શાહદત તદન નાબુદ થઇ ગેઇ હોય તેમ ભુસી વાલવી જોઇએ, ને તેથી તું મારી દરખાસ્ત મંજુર નહીંજ કરી શકે તો ગમે એટલું મારૂં જીગર ચીરાઈ જશે તોએ આપણને સદા સુધી છુટાં થવા અને એકમેકને ભુલી જવા વના બીજો ઉપાયજ રેહવાનો નથી."—અને, એમ કેહતાં, તે રડતી બાળાને દુઃખમાં માથાં સવાઇ ગીરફતાર છોડી તે આ હલકી કીસમમાં નામદારી જાણનારો મોટો ઉમરાવ દીલ કઠણ કરી ત્યાંથી ચાલતો થયો.

'ઓ, જો એ મારા લીઓને નહીંજ ચાહવાનો હતો અને મારા લીઓને સાથે નહીંજ લઇ જવાનો હતો તો એણે મને ચાહીજ શું કરવા હોશે? એણે મને પોતાને ચાહવા શીખવ્યુંજ શું કરવા હોશે?' તે પોતાનાં આંસુઓ વચ્ચેથી મોટી ફરીઆદની ઢબે મનસે પટપટી; અને પછી દુઃખથી ફાટફાટ થતાં જીગરે તે "સફેદ ચકી" આગળનાં પોતાનાં ઝુપડાંમાં વિચારવંત પાછી ફરી.

પ્રકરણ ૪ થું.

તે આખો દહાડો ગ્લેડીઝના જીવને જરા એ સુખકરાર હતાં નહીં. આ નવાઇ જેવાં સંકડામણમાં તેણીએ કેઇ રીતે વરતવું અને કીએ રસ્તે કામ લેવું તે તેને મુતલગ સમજી શકાયું નહીં. લીઓને તે કેવી કીસમે ચાહતી હતી તે આ વારતાની શરૂઆતમાંજ આપણે સારી રીતે જોઇ લીધું છે, અને વળી, બીજા હાથ પર, તે કેટલી બળવાન ફીદાગીરીથી લોર્ડ ફીલીપને પોતાને ચાહતાં શીખી હતી તે પણ આપણે જાણીએ છીએ. એ રીતે એક અથવા બીજી આગમાં બળીને તેણીને ભસ્મ થવાનું હતું! તે અત્યાર સુધી એક મીઠી માતા હતી તે શું હવે જુઠી થાય, અને એક માતાના પ્યારનાં મહત્વને શરમભરેલી હદ સુધી દગાબાજ સિદ્ધ થાય! કેમ બને!

તેણે લીઓને પોતાની ગોદમાં લીધો, અને ઉપરાસાપરી ચુમીઓ અને પોતાનાં આંસુઓથી તે બાળકને ધોઇ કાઢયો. વળી તેનું દીલ ફીલીપના પ્યાર માટે પણ ખેંચાતું ને જલતુંજ રહ્યું. તેના વગર બી તે હવે જીવી શકે એ તેને કેવળ અશક્ય દેખાયું. તે બેચેન, ફીક્કી અને કાહેલી બની ગઇ. શું કરવું તે કાંઇ સુઝે નહીં. કોઇ એક બી આસામી એટલી હદ સુધી ખાટકી થઇ શકે ને એક વાહલાં માદીકરાનો એમ જોરજુલમથી સદાનો વિયોગ કરાવે એ બેહુંદી વાત જાણે તેની અક્કલમાં બેસતી આવતી ન હતી.

તેણીને, એમ છતાં, હવે અચબુચ એક ઝટકે ખ્યાલ થયો કે એમ કરીને ફીલીપ તેને અજમાવતો કાંય નહીં હોય ? તેના પોતાને માટેનો તેણીનો પ્યાર સાચ્ચો અને બળવાન છે કે નહીં તેની ઠાલી અજમાયસ લેવાનો આ એક ફરેબ કાંય નહીં હોય ? તેમજ હોવું જોઇએ. તેણીએ વિચારયું કે તે કેટલી મુર્ખ કે અત્યાર સુધી એ ખરી વાતનો તેને ભાસ કે અભ્યાસજ થયો નહીં ! તેના જેવો એક ડાહયોપાકો જવાંન એક ફુલબચ્ચાંની અદેખાઇ કરે ! કેમ બને ?

તેનો ચેહરો એ સુખભર્યાં અનુમાનોથી પાછો તાજગીમાં ખીલી નિકલ્યો. તે જેમ વધારે વિચાર કરતી ચાલી તેમ તેની જયાદા ખાતરી થતી રહી કે તેના પ્યારની બુલંદીને કસોટીપર કસી જોવાનો આએ ફીલીપનો એક ફરેબ માત્ર હતો. તે હા કેહે તો તેના પ્રાણથી અધીક લીઓથી કદાપી તેને આંઠ પંદર દહાડા છુટું થવું પડે ખરૂં, પણ એ પોતાની પરીક્ષામાં ફત્તેહમંદ ઉતરે ને ફીલીપ માટે તેણીનો પ્યાર સર્વોપરી છે એમ તેણી તેની ખાતરી થવા દે તો તે બચ્ચું તેને વેહલુંજ પાછું આવી ભેટવાનું છે એમ તેણીની સંપુર્ણ ખાત્રી સાથે ખાત્રી થતી ચાલી. જો તે એમજ ખાત્રીપુર્વક હતે કે લીઓને તે ફરીથી કદી મલવાની કે જોવાનીજ નથી તો તે એ જુલમભર્યા ઠરાવને એકમત થવાની દગલબાજીને કદી તાબે થતે નહીં—તે મીઠ્ઠી થઇને જુઠ્ઠી થતે નહી—ત્યારે તો તે ફીલીપના પ્યારને ગમે એ કાસમે છેલ્લી સલામ કરતે, ફીલીપ વગર ઝુરીઝુરીને મરી બી જતે, પણ એ નિરાશ્રીત નાધલ્યાં બાળને તે પોતાથી એક પળ પણ વિખુટું થવા દેતે નહીં ; પણ જ્યાં હવે તેણીની એમજ ખાત્રી થતી હતી કે આ

બધો ફીલીપનો તેને અજમાવી જોવાનો એક ફરેબ માત્ર હતો તો પછી તેની મરજીને નમવામાં, તેણીને લાગ્યું કે, કશો એ વાંધો ન હતો.

લીઓ હતોજ એવો ખુશાલ તબીઅતનો, ખુબસુરત, હસમુખો ગળગોટો કે જે તેણે જુએ તે તેને ચાહે; અને એવાં એક બચ્ચાં પર, તેથી, તે ઉમરાવને તિરસ્કાર કે ઈર્ષા આવે એ ધારવુંજ હસી કાઢવા જોગ હતું. વળી તેણીએ એક એવા ધનવાન ઉમરાવને રાજી રાખીને પરણવાનાં પરીણામોનો બી હરખથી ધ્રુજતી છાતીએ એકાદ પલ ગંભીર ખ્યાલ કર્યો. તે હાલમાં ગરીબીનાં એક છેલ્લાંમાંછેલ્લાં પગઠયાં પર અવત્યાં મારતી હતી; એક વીધવા તરીકે આ એકલવાઇ હાલતમાં પારપડોશીને આધારે તેને રેહવાનું અને જીવવાનું ઘણું જોખમભરેલું હતું. તેને પોતાની પાક હોરમતને વાસ્તે સદા બીહી ધ્રુજીને ચાલવું પડતું હતું, અને ત્યારે આ રીતે એક લાયક જવાંનને તે બી એવા એક મોટા માનવંત ઉમરાવને પરણવાનું તેનું સુભાગ્ય જે એક સ્વપ્ના જેવું સુખ હતું તેને તે કેમ ખોહી દીએ!

એ સુખનોજ માત્ર ખ્યાલ કરવાનો નહીં હતો. એ લગ્નનાં પરીણામમાં લીઓને જે સંગીન લાભ થવાનો હતો તેનો બી તેણે હેસાંનથી ખ્યાલ કરવો હતો. અગતકરીને તે બાળકની કેળવણીમાં તેને જે કીંમતી મદદ થઇ પડે તે બધું તેણે યાદ કરવાનું હતું, અને પરીણામમાં—અને પરીણામમાં તેણીએ લોર્ડ ફીલીપની લીઓ માટેની દરખાસ્ત, તે આંખ વીંચીને એકમત થતી હોય તેમ, બાહલ રાખવાંનું નક્કી કર્યું.

તેઓ મળ્યાં.

બીજે દિવસે ઠરાવ પ્રમાણે ઠરાવેલે વખતે અને ઠરાવેલી જગ્યાએ તે ભવિષનાં વરબઇએર પાછાં એકઠાં થયાં, અને ફીલીપે તેના સેવટના જવાબની આર્જુ કરી.

"તમે લીઓને કાંહ મોકલવાના છેઓ તે બી તમે મને કેહશો કે નહીં?" તેણીએ પુછ્યું.

"ત્યારે તું વાહલી લીઓને મોકલી દેવા કબુલ કરવાનાજ ઠરાવ પર આવીછ?" તેણે તે માતાના સવાલનો પાધરો જવાબ ઉડાવી નાખતાં પુછ્યું, અને ગ્નેડીઝે જીત પર ઝેહમત ઉઠાવીને કહ્યું, "હા."

* * * *

"મારા નહાનકડા, મારા વાહલા, ફકત એક બે અઠવાડયાં વાસ્તે હું તારેથી જુદી પડુંછ," પોતાને માંથે આવતી આફતથી બેખબર નિરદોશતામાં તે હસતાં બાળકને પેટમાં ચાંપતાં તે રડતી માતા પોતાનાં ઝુપડાંનાં એકાંતમાં એકલી એકલી બોલતી હતી; "એ બધું તારાં સુખને વાસ્તેજ હું કરૂંછ; તું મોટો થાય ને શીખી ભણીને સુખી થાય તેનેજ વાસ્તે હું કરૂંછ," વિગેરે.

લીઓને ઘણુ સુંદર ફ્રૉકમાં સજ્જ કરેલો હતો. તેનાં બદન પરનાં ચીંદડાં ને વાવટા જેવાં કપડાં સદાનાં દુર થઇ ગયાં હતાં. ફીલીપે ફકત તેનાં પુરતાં કપડાં ચપડાંજ કરવાને વાસ્તે નાણુંથી ખચખચ ભરેલી એક થેલી ગ્રેડીઝના હાથમાં મેળી, અને તેનું તે પરીણામ હતું.

ગ્રેડીઝનાં પારપડોશીઓ તે સુંદરીનું મોટું સુભાગ્ય હવે જાણવા પામ્યાં હતાં. તેઓને અત્યાર આગમચનો પુરતો વેહમ ચાલુ થઇ ચુકયો હતો, કેમકે અવારનવાર લીઓને તેઓનાં સ્વાધીનમાં એકલો છોડી પેલાં નાલાંની બાજુના તે રોજના ધરમધકેલામાં પડી હતી તે સઘળું તેમને વેહમાવાને બસ હતું, કે જયારે વળી કેટલાંક કનવારખોરાંઓએ તો તેને ફીલીપ જોડે એકાંતમાં જોઇ અને પકડી પણ કાઢી હતી!

તેઓ બધાં તેને માટે અવ્વલથીજ ઘણું સારૂં માનતાં હતાં માટે તે છુપી મુલાકાતોનું એવું સુખી સેવટ આવેલું જોઇ તેઓ તેને ખાતર સર્વે કોઇ ઘણાં રાજી થયાં. વળી એક એવા મોટા શ્રીમંત અર્લ જોડે તેનાં લગ્ન થનાર હતાં એ વાતની માહીતી થતાં તો તેઓની અજાએબી અને હરખનો સુમાર રહયો નહીં. જણેજણ તેને મુબારકબાદી આપતું અને તેની ખુશામદ કરતું રહયું. તેનાં શ્રેષ્ઠપણુંમાં અને શ્રીમંતપણુંમાં તે આ ગરીબોને અને તે "સફેદ ચકી" આગલનાં નિર્ધન પારપડોશીઓને યાદ કરતી રેહ એવું તેઓએ માંગી લીધું, અને એ લગ્નની ખાસ ખુશાલીમાં ફીલીપની રજાથી તે આખી ચાલીને પાદશાહી પરોણાગતની સુંદર ગ્રેડીઝે પોતે ઉપરની ઉપર રહીને એક મોટી જીઆફત આપી તે દીને તે મધુરીનો હર્ષ જોયલો જોવાય નહીં તેટલો હતો.

હવે ત્રણ દિવસમાં લગ્ન કરી નાખવાનું નક્કી થયું હતું, અને લગ્નનેજ દાહડે લીઓને લેવા જે બબળા આવે તેને સપુર્દ કરી દેવાનો હતો. તેને માટે ગાડું ભરીને રમકડાં આવ્યાં હતાં, અને એક બાળકને બરનો જોઇતો કરતો તહરેવાર કીસમનો અસબાબ આવ્યો હતો, જે

બધું ગ્લેડીઝની નજરોબાર પૅક કરવામાં આવ્યું હતું. ફીલીપ ધારતો હતો કે તે બાળકના સંબંધમાં એવી ઉદાર વૃતીથી કામ લેવાથી તે માતાનું જુદાઇનું ઝેર ઘણું કમી થઇ જશે, કે જ્યારે એ બધી ખરચાળ મોહબતની નીશાનીઓનાં પરીણામમાં ગ્લેડીઝ તો વધારે ભરોસાથી માનતી હતી કે તે બચ્ચાંપર ફીલીપ કોઇ રીતે ખફા હતોજ નહીં, અને પરણીને મેહેલમાં ગયા પછી આઠ પંદર દાહડામાં તો જરૂર પાછું તેને પોતાની ગોદમાં સદા સુધી સાચવી રાખવા તેડાવી લઇ શકાશે.

એમ છતાં જુદાઇનો જખમ તેને માટે હજી બી ઓછો જખુન કે ઓછો જીવલેણુ નહીં હતો. તે અજાએબજ એમ થતી હતી કે 'જ્યારે લીઓને કોઈ લેવા આવશે ત્યારે હું આપીજ કેમ શકશ ?' પણ ફીલીપે ઘણી સમજદારીથી કામ લીધું. તે તેને પોતા સાથે કાંઇક ખરીદી પર લઇ ગયો, અને જ્યારે તે પરવારીને ઝુપડાંમાં પાછી ફરી ત્યારે તેણે જોયું કે તેનો વાહલો લીઓ અને તેને માટે તૈયાર કરી મુકેલો સઘળો અસબાબ કોઇ આવીને ત્યાંથી લઇ ગયું હતું; અને પડોશીઓ આગલ એ શરમભરેલાં કંટ્રાકટનું પોગલ ઉંગાડું નહીં પડે તેટલા માટે તે બાપડીને પોતાનાં આંસુઓ ખંચાવી લેતાં ભારે જેહમત થઇ.

તેને તે પછી તે બચ્ચાં વગરનાં અને તેની મીઠી પટપટ વગરનાં એકલાં પડેલાં તે એકાંત ઝુપડાંમાં ઉડયા વા વાગવા. એમ છતાં તે એકજ ઉમેદપર ધીરજ ધરી બેસી રહી, અને તે તેને એકાદ અઠવાડયાંમાં પાછો જોવાની ને મલવાની હતી.

તેજ દાહડે ખાસ લાઇસન્સથી ગ્લેડીઝ ને ફીલીપનાં લગ્ન થવાનાં હતાં, અને લગ્નની આગમચ પણ ફીલીપ જોડે મીલાકાત થતાં તેણીએ જે પેહલો સવાલ કર્યો તે એજ હતો—"વાહલા ફીલીપ, મને જરા કહો તો ખરા કે મારા લીઓને કોણ લઇ ગયુંછ ને કાંહાં લઇ ગયુંછ ?"

તેનો ચેહરો એકદમ ગંભીર થયો.

"તે ઘણા માયાળુ હવાલામાં સારો ને સુખી છે તેજ જાણવાનું તારે વાસ્તે બસ થવું જોઇએ," તેણે ગંભીરતાથી કહ્યું. "તે હસતો-ખેલતો ગયોછ, અને તેથી હવે આપણા વચ્ચે આજ પછી એ વિશે જ્યાદા વાત નહીંજ થવા પામે તેની તું વાહલી સંભાળ રાખજે."

એમ છતાં તે કાંઇ સમજી નહીં ! હજી પણ તે તો એજ અને

એમજ ધારતી હતી કે તેના પ્યારનું પોઢપણું અજમાવી જોવાનો આ બધો ફીલીપનો ફરેબ માત્ર હતો.

ફીલીપે લગ્નની ધામધુમ કશી કરી નહીં. ગ્લેડીઝ બીજવર પરણુતી હતી અને વળી તે સૌથી ગરીબ પંકતીની એક મોહરદાર લઇ આવતો હતો એ બધાં કારણોથી તુરત વેળા લગ્નની આગમચ એ લગ્ન વિશે ફૅશનેબલ સરકલોમાં કશી બી ચુનોચરા કે ચરચા તેણે થવા દીધી નહીં. તેણે ખાસ લાઇસંસથી એ લગ્નની ગોઠવણુ કરી, અને તે બાજુનાં દેવલનો એક બુઢો પાદરી અને તેની બાયડી એ બેજ એ અજબજેવાં લગ્નનાં સાહેદ ગુવાહ થયાં.

તે વરરાજાનું નામ વાંચતાં તે પાદરીની આંખ અજાએબીમાં ચમકી ગઇ! એક મોટો જાહેર જાણીતો અર્લ આ રીતે વગર ગડબડે ને વગર ધામધુમે પરણુતો હતો તેથી તે અતીશય અજાએબ થયો, અને પછીથી ફીલીપે તેના હાથમાં તેની મેહનતનાં દામ તરીકે એક બાદશાહી રકમ સેરવી દીધી ત્યારે તેની તે અજાએબી હદ વનાની ખુશાલીમાં ફેરવાઇ ગઇ.

"મારી વાહલી ગ્લેડીઝ," તે પછી ફીલીપે તેણીને હૈયાં સરસી ચાંપતાં કહ્યું, "હવે તું મારી છે—મારી એકલાની! તારા માટેના મારા પ્યારમાં હવે એક બી હરીફ નથી."—અને તેના લીઓની યાદ ગ્લેડીઝનાં ગલાંમાં એ સાંભળતાં તરત પાછી ખુંચી આવી!

તેઓ લંડન ખાતે "હનીમુન" કરવા ગયાં, અને લંડનના વૅસ્ટ ઍન્ડ ખાતેના પ્રખ્યાત કાપડયાઓને ત્યાં ગ્લેડીઝના એક કાઉન્ટેસ તરીકેના સુંદરમાંસુંદર અને કીંમતીમાંકીંમતી વાગાઓ મોટી તજુમલ સાથે તાકીદના ઑરડરોએ તૈયાર કરાવામાં આવ્યા, કે જેનાં પરીણામમાં કાઉન્ટેસ લીસ્ટર સીલ્ક ને સાટીનના પોશાકોમાં, ઉચી બનાવતનાં શુઝ અને હાથપગનાં મોજાં સાથે, બાળમાં ઝળકતાં જવાહીરો અને ગલાંમાં ઝલેહ આપતાં ઘરેણાંઓ વચ્ચે એક નવીજ અબળા બની ગઇ.

નખરાંબાજ નસીબ એક આંખના પલકારામાં શું નથી કરી શકતું ? કયાં તે આગલની મુફલેસ, મોહતાજ, નિર્ધન કપડાંવાલી ચીંદડેહાલ ગ્લેડીઝ અને કયાં કાઉન્ટેસ લીસ્ટર! તે પોતે પોતાનાં આ સુભાગ્ય માટે અકકલથી હેરત રહી.

તેની સુંદરતા તેની નિર્ધનતામાં જે અજાએબજેવી ઝમક આપતી હતી તે આ નવા ફેરફારો વચ્ચે કાંઈક નવી ઝલેક આપતી થઇ, અને તેનો ભરથાર પોતે પણ તે જોઇને છક થઇ ગયો. એમ છતાં લીઓ વગર સુંદર ગ્લેડીઝ જરા એ સુખી હતી નહીં. તે બાળક જો તે માતાને આ અદભુત ફેરફારોમાં જુએ તો પોતાની નિર્દોષતા વચ્ચે કેટલું બધું મગ્ન થઇ જાએ તેનો તેણીને ખ્યાલ થયા વના રહયો નહીં.

તેઓ " રેનવૉલ્ડ " મેહલમાં જવા આગમચ લંડનમાં થોડુંક સુધી થોભ્યાં, અને તે દરમ્યાનમાં તે ઉમરાવે પોતાની માનવંત મોહરદારને વાસ્તે સાહેલીઓ અને દાયાઓ રાખવાની ફૅશન મુજબની કાલજી કરી. ગ્લેડીઝ તે બધાંથી ઘણી હેરત રહી. એટલો બધો પૈસો, એટલો બધો વૈભવ, એટલો બધો ભપકો દુન્યામાં હોઇ શકે એ બી જાંણે તેને ખબર ન હતી ! લંડનની મોટાઇએ તેને છેક છક કરી મેલી. તેની ઉપર જે દાગીણાઓ અને ઘરેણાંઓનો વરસાદ વરસ્યો તેનાં તે નામ વટીક હજી તો જાંણુતી ન હતી !

તેણીએ ઘણીજ સહમજદારીથી કામ લીધું. પોતાનાં અજ્ઞાનપણાંથી હસીમાં આવી જવા જેવું તેણીએ કશુંજ કરયું નહીં. પોતે ચંચલ ઝેહનની અને તેજ બુદ્ધીની હોવાના સબબે તે જે જોતી તે હૈયાંમાં ઉતારતી અને શીખતી ગઇ, અને એ રીતે મોટે ઘેરને લગતા તાજીમતવાલા અને ફૅશનનાં ફાંકાંમાં પ્રવીણ થવાને તેને ઘણું મુશ્કેલ થયું નહીં. ટેબલનો એટીકેટ અને દ્રોઈંગરૂમને લગતી ક્રિયાઓ વિગેરે સઘળું તેના ભરથારે તેને હેતથી શીખવ્યું, અને એક વાર શીખ્યા પછી તે એક બી વાતમાં ભુલ કરતી કે ગોતું ખાતી નજરે આવી નહીં.

એ રીતે તે દરેક બાબતમાં સહમજદાર અને પાહવરદી થઇ ત્યારેજ પોતાનાં દોસ્ત આશનાઓનાં સરકલમાં એ લગ્ન જાહેર થવા દેવાની લોર્ડ લીસ્ટરે ઉંદ્દ બતલાવી. હવે કોઇ ગ્લેડીઝને અસલમાં છાકટ ડેવીડ હાર્ટલેન્ડની બઇરી તરીકે ઓળખે એ જાંણે બનવાજોગજ ન હતું. તે હલકી જીંદગીનો નાપસંદ સફો ગોયા નીસ્તીની નાબુદગીમાં નમી ગયો હતો. તે કોઇ બી મોટે ઘેરની જન્મથી મોટાઇમાં ઉછરેલી જેવીજ એક પાહવરદી નાજનીન થવા પામી.

હવે તેઓ, તેથી, "રેનવૉલ્ડ" ખાતે ગયાં, ને ત્યાં તેમના જવા આગમચ એ લગ્ન જાહેર થઇ ચુકયાં હતાં વાસ્તે એ નવી કાઉન્ટેસનું મુબારક આગમન લોકો ઉલટથી જોઇ રહ્યાં હતાં. લોર્ડ લીસ્ટરની બીસીઆર જાગીરનાં બધાં ભરમાડુતોએ પોતાની નવી શેઠાંણીને મોટા પાયાપર "વૅલકમ હોમ" નો આવકાર આપવાની ગોઠવણો કરી હતી, અને દેવલોના ઘંટો ખુશીના નાદમાં ગાજી વાજી રહ્યા હતા.

તેઓ અત્યાર સુધી લંડનમાં એક મોટે વાંધેના હૉટલમાં ઉતરયાં હતાં, પણ "રેનવૉલ્ડ" મેહલની મોટાઇ અને શ્રીમંતપણું જોતાં સુંદર ગ્લેડીઝનો ચેહરો લાગણીઓના આવેશમાં એકાદ પલ ફીક્કો પડયો. "આ મેહલ શું તમારો છે, ફીલીપ?" તેણીએ પુછ્યું.

"મારો તેટલોજ તારો," તે ભરથારે હેતથી કહ્યું; "હવે એ બધું મારૂં નહીં પણ તારૂં છે. તું આએ બધી મારી ગરીબરી શાહન-શાહતની સાહેબી કરતી શેઠાંણી અને રાજ કરતી રાણી છે."

તે મેહલને લગતા નોકરનફરોનો રસાલો કે જે એક આખી પલતણુની પલતણ હતી તે જોતાં ગ્લેડીઝનો જીવ જાંણે ગભરાઇ આવ્યો! તે આખા મેહલનો ભપકો અને મોટા કુશાદે ઓરડાઓનો ઠાઠમાઠ જોતાં તેની આંખ છક થઇ ગઇ, અને એ બધું છતાં—એ બધાં મોટાં આવતાં સુખની ખાત્રીપુર્વક ખાત્રી છતાં તે તેનાં જીગરનાં અંતરમાં એક ક્ષણ બી સુખી નહી હતી, કેમકે તેનો વાહલો બેટો લીઓ તેની ગોદમાં ન હતો.

પ્રકરણ ૫ મું.

ગ્લેડીઝની દાયાઓ અને બીજાં નોકરનફરો અવારનવાર તેને ઉદાસ અને એકલી ગમ કરતાં જોતાં, અને ત્યારે તેઓ તાજુબ થતાં કે આવી એક સુખવાસી અબળાને એવું મનનું છુપું દુઃખ તે શું હોવું જોઇએ? તેઓને કેમ ખબર પડે કે તે બધા પૈસાના વૈભવ અને શ્રીમંતપણાંના ઠાઠ છતાં, નોકરોની તાબેદારી અને લોકોની ખુશામદ છતાં, આસપાસનાંઓનાં માન અને ધણીનાં વાહલ છતાં તેનાં વાહલાં બચ્ચાંની જુદાઇના ગમમાં તેનું જીગર સદા જળતું રહ્યું હતું!

તે બોલતી ન હતી, પણ જીગરમાં બહુ બળતી હતી. લીઓની

ફરીઆદની ચીસ દિવસે કે રાત્રે, જાગતાં કે ઉંઘતાં જાણે તેના કાનમાં વાગ્યા કરતી, અને તેથી તે હદ વનાની દુઃખી રહેતી હતી, કે જે દુઃખ ધ્યાનથી જોનાર અને તપાસનાર અને તેનો પોતાનાં મનને ગમે એવો ભાવાર્થ બેસાડનાર તેનો એક શત્રુ તે મોટા મેહેલમાં તેની પુઠે પડયો હતો. તે લોર્ડ ઓલબર્ટ હતો. એ જવાંન હવે પછીના લોર્ડ લીસ્ટર તરીકે ફીલીપનો વારસ થઇ ગ્લેડીઝનાં અત્રે આવ્યા આગમચનો અત્રે આવી રહેલો હતો તે વાંચનાર યાદ કરશે. તેને ગ્લેડીઝ જરા થઇને ગમતી ન હતી. એક વખત તેને વારસ નક્કી કરવા પછી લોર્ડ લીસ્ટરને પરણવાનો હકજ નહી હતો એવું તેનું મત હતું ! તે હંમેશ એ વાતને વાસ્તે વીહલો પડતો રહયો હતો, અને તેનો મોટો સધીઆરો અને મોટી ખુશાલી એજ હતી કે લગ્નની જુસરીના ખ્યાલથીજ લોર્ડ ફીલીપ સુગાઇ ઉઠતો હતો. એ રીતે "રેનવૉલ્ડ" મહેલમાં આવ્યા પછીથીનાં પાંચ પાંચ વરસ તેણે નીરાંતમાં ગુજારયાં હતાં, અને હવે જ્યારે એ ઉમરાવ ફીલીપ પરણે એવો કશો એ સંભવ નહીં હતો ત્યારે ગ્લેડીઝે પરણીને એ પોસ્યાનો તરાપો દુબાડી નાખ્યો હતો તેથી તે તેનો શત્રુ થયો હતો.

તે બાહેરથી તો મિત્ર હતો. ફીલીપ ને ગ્લેડીઝના તાબેદાર તરીકે તે તેઓનો પડતો બોલ ઉપાડી લેતો, અને નમાનો, કહયાસાર અને વફાદાર દેખાવાના ઢોંગ કરીને તે તેઓપરથી ઓઢાઇ પંઠરાઇ જવાનો દેખાવ કરતો હતો; પણ બાતેનમાં તે ગ્લેડીઝનો મોટામાંમોટો શત્રુ થયો હતો. તે જવાંન બાહણુબને ત્યાં છોકરાં થાય અને તેનો હોઠ સુધી આવેલો સુખનો પ્યાલો ઘોળાઇ જાએ તેની તેને હવે રોજ-બરોજની ચીંતા થતી રહી હતી. એટલામાટે તે એ જોડાંમાં કાંઇ બી રણ પડે એવું શોધવાને વાસ્તે ઘણો ખંતી થયો હતો, અને તેથી ગ્લેડીઝપરની છુપી નીગાહદારીમાં જયારે તેણે પકડી કાઢયું કે તે એકાંતમાં કોઇ છુપ્યાં મોટાં દુઃખથી મુન્જાતી ને જાળતી રહેતી હતી ત્યારે તેને કેટલીક હદ સુધી નીરાંત મળી ને ધીરજ વળી. 'આ પોરીના સંબંધમાં કાંઇ બી ભેદ છે ખરો,' તે મનથી પટપટયો, 'અને હું જો તે જોઇ કાઢું નહીં અને મારા લાભમાં તેનો ઉપયોગ કરૂં નહીં તો હું મારા બાપનો બેટો નહી !'

મહીનાઓ ગબડી ગયા. નાચતીખેલતી વસંત રૂતુ પાછી માંથે

આવી. ગ્લેડીઝ રોજ પોતાના ભરથાર આગળ પોતાનાં બચ્ચાંની વાત કરવા ચાહતી, પણ તે વિશેનો તેનો હદ વનાનો અણગમો જોઇ તેની જબાં ખંચાઇ જતી. તેનો ખાવંદ પ્યારની પ્રતીમા હતો. તે તેના પર હદ વનાનું વાહલ રાખતો જણાતો હતો. તેની સુસતી અને દુન્યાદારી માટેનો આગલો કંટાલો હવે દફે થઇ ગયાં હતાં. તે એક ઉપ્યોગી ને ઉદયોગી ઉમરાવ તરીકે હવે શહેરીઓમાં નામદારી કરી શકતો હતો. એ નવી મોહરદારનાં સુખમાં સુખી ને હવે અતી ઘણો ઉલટમંદ અને મેહેનતુ થયલો જણાતો હતો.

તેણીની ચતુરાઇથી બી તે ઘણો અજાએબ થઇ રહેલો હતો. પેલા ગરીબ ડેવીડ હાર્ટલેન્ડની બઇરી તરીકે ગ્લેડીઝને પોતાની તેજ બુદ્ધિનો પ્રકાશ આપવાનો કદી પ્રસંગ થયો નહીં હતો, પણ આવા સંજોગોમાં તે તેના ધણીને કામકાજની, મદદગાર અને ઉપ્યોગી થઇ પડી, અને તેની સલ્લાહ અને સમજદારીથી તે ઉમરાવને ખરેખર કીંમતી મદદ થવા લાગી. જો તેને પારલામેન્ટનું એકાદ ભાષાણ તૈયાર કરવાનું હોય તો તે માટે પહેલાં તે પોતાની એ ચતુર મોહરદાર જોડેજ વાદવીવાદ કરી નક્કી અનુમાનોપર આવતો. વળી ગ્લેડીઝ પોતે પણ તેને દરેક વાતે હાલ તો સુખી ને ખુશી રાખી પોતાની મતલબ આયંદા કાઢી લેવાની ઉમેદ કરતી હતી. તે ધારતી હતી કે એમ કરતાં તે પીગળશે, અને તેના લીઓને તેને પાછો સપુર્દ કરશે.

એક દિવસ એમ કરતાં અંતે એ વાત કાઢવાનો તેણીને ઘણો ખુશનુમા પ્રસંગ મળ્યો. તેઓ બંને તે મોટા મહેલના ડ્રૉઇંગરૂમમાં એકલાંજ હતાં. તે રાત્રે ખાનાંપર તેઓએ ઘણાંક દોસ્ત આશનાઓને મેહમાન નોતરયાં હતાં, અને તેઓ બધાં તરતનાંજ વીદાય થયલાં હતાં. ઑલબર્ટ પણ બાગમાં ઉતરીને પોતાની સીગારની મોજ ભોગવવા તરતનોજ નીચે ગયલો હતો, કે જ્યારે પોતાના શોભાયમાન પોશાકમાં, ખભાં સુધીના ખુબસુરત ઉઘાડા હાથો સાથે અને છાતીપર ઝલકતાં ઝવાહીરો વચ્ચે, બાલમાં ખોસેલા ઝગઝગ કરતા સ્ટારોની ખુબસુરતીમાં તે પટલી, સીદી, ઉંચી ગ્લેડીઝ ઘણી પરીસુરત દેખાતી હતી, અને તેનાપર તેના ખાવંદનું હેતથી ધ્યાંન ખેંચાતું હતું એમ જોઇ તે પોતે પાધરી હવે ઉલટમંદ બની તેની પાસે ગઇ.

પ્રકરણ ૬ ઠું.

"તમે શું જોવોછ, વ્હાલા ફીલીપ ?" તેણે આગળ જઇને નરમાસથી પુછ્યું.

"હું તારી મોહક ખુબસુરતી જોઉંછ ને વખાણુંછ," તેણે મોજથી ને મગરૂરીથી કહ્યું; "જાણે મારાં ઘરમાં સુખનો સુર્ય ઉગ્યોછ !"

"એટલું બધું ? ત્યારે મેં તો એ તમારાપર જાંણે હેસાંન કીધું ?" તેણીએ હસીને મજાકથી કહ્યું.

"હું તો એમજ માનુંછ, ગ્લેડીઝ," ફીલીપે પ્યારથી જવાબ કર્યો.

"ત્યારે તેના બદલામાં હું જે માંગુ તે બખશવાની તમોને ફરજ છે ?"

તેણે તેના પ્યારા હાથો પોતાના હાથમાં લીધા, અને હેતથી કહ્યું, "સુખેથી માંગ; તુંને જે જોઇએ તે માંગી લે, અને તે હું તાબરતોબ મંગાવી આપશ."

"ત્યારે મને તો મારો લીઓ જોઇએછ," તેણીએ નીચી નજરે ને ગદગદ કંઠે કહ્યું. "ઓ ફીલીપ, એમ ના કરો ! આખી દુન્યાની દોલત અને આખી દુન્યાનું સુખ મને મારાં બચ્ચાં વગર અકારૂંછે. મને મારો લીઓ પાછો આપો ?" તેણીએ કાકલુદીથી માંગી લેતાં કહ્યું.

પણ તે આગળ બોલતી હબતીને ચુપ થઇ, કારણ કે તે ઉમરાવનો ખુબસુરત ચેહરો ગુસ્સાથી લાલ ભુંડ જેવો થઇ ગયો ! તે પોતાની બેઠકમાંથી ઉઠયો અને ગ્લેડીઝને પોતાની બાજુમાંથી હઠાડી દેતાં કહ્યું, "હજી તારૂં એ દીવાનાપણું જતું નથી ? હજી તું એ વાતમાં મને સતાવતી બંધ થતી નથી ? હું તુંને આટલાં હેતથી ચાહુંછ તે મારો પ્યાર બસ નથી કે તું એક એબદસા જેવા પોરયાના પ્યારમાં હજી તવલી મરેછ ? તું મને ઘણોજ ગુસ્સો ઉપજાવેછ. આપણે તો જાંણે કંટ્રાકટ કરી ચુકયાંછ. હું નહીં ધારતોતો કે તું હવે ફરીથી કોઇ બી દહાડે એ વાત પાછી કાઢશે, અને તે પોરયાને પાછી મળવાની ઉમેદ કરશે !"

તે ચુપ થઇ ગઇ. તેનાં બદનમાં લોહી જામીને બંધાઇ જતું હોય એમ લાગ્યું !

"ફીલીપ," તેણે રડમસ કહ્યું, "હું બી નહીં ધારતીતી કે તમે

એવા સખ્ખત થશો. તમે એમ ખરૂં ને ખરાં દીલથી કરવા માંગતાતા એવો હું અભાગણીને ખ્યાલ નહીં થયો. મેં તો એમજ ધાર્યુંતું કે તમારે માટેના મારા પ્યારને ખાતર તમો મને અજમાવી જોવોછ, ને પરણ્યા પછી મારા લીઓને તમો વેહલોજ મને પાછો સપુર્દ કરશો !"

"એવાં વાહીઆત અનુમાનો તેં કીધાં તેમાં મારો કસુર નથી," તેણે ખીજવાતથી કહ્યું. "હું એવી અગતની વાતને તું ધારેછ એટલી તુચ્છ ગણુતો નથી. મેં તુંને મારાં કારણો વગીક સમજાવ્યાં છે. એક તો મારે વાસ્તેના તારા પ્યારમાં એક બી હરીફ હું ખમી શકું એમ નથી—પછી તે હરીફ ભલે ને એક બચ્ચું હોય; ને બીજુ તો તારી આગલી તે છેકજ હલકી પંકતીની જીંદગીની યાદ ભુસી વાલવાનું ઘણું જરૂરતું હતું, જે તે છોકરો જો આપણી સાથે હોય તો કોઇ કાલે બી થઇ શકે નહીં. તે બચ્ચાંને લીધે તારી આગલી જીંદગીના બધા ખુલાસાઓ આપણાં ઉંચ સરકલનાં હાલનાં દોસ્તઆશનાઓમાં આપણને અવારનવાર આપ્યા કરવા પડે, અને તે ખેજાલતને મારાથી પુગાય એમ નહીં હતું. ત્યારેજ તો મેં તુંને મારી "ચૉઇસ" માટે વિચાર કરવાનો વખત આપ્યો. હું કાંઇ તુંને જોરજુલમથી તારી મરજીની ઉપરાંત પરણી લાવ્યો નથી ? તે બચ્ચાંને જો તું નાકબુલ નહીં કરે તો મને નાકબુલ કરવા મેં તુંને નાખીનાખીને કહ્યું હતું, અને જોકે તારી મને મોહીની લાગેલી હોવાથી તારા વગર હું કદાપી જીવી શકતે નહીં, તોબી તે બચ્ચાંને અહીં લાવવાની ખેજાલત સાથે તો હું તુંને પરણુવા કદી બી એકમત થતેજ નહી !"

તે અબળાનો ખુબસુરત ચેહરો હદ વનાનો દર્દમંદ ને દુ:ખી દેખાયો.

"અને હું બી તમોને કસમપર કેહુંછ, ફીલીપ, કે જો હું જાણુતે કે તમો એમ ખરાં દીલથીજ કામ લેવા માંગોછ તો હું કદી બી તમોને પરણુવા ને તે મારાં ફુલ બચ્ચાંને સદા સુધી છોડી આવવા કબુલ થતેજ નહીં," તેણીએ તોરથી કહ્યું. "મુઇ હું અભાગણી ! બધો વાંક મારોજ છે. મેં પેહલે ધાર્યું કે તમો ખરાં દીલથીજ કેહોછ, પણ પછી ખોદા જાંણે મને કેમ એ નેહરત વિચાર આવી ગયો કે તમો મારી અજમાયસ લેવોછ ! એ એટલું ધાટકી અને એટલું અકુદરતી હતું કે તમો મારાં બચ્ચાંને મારી પાસે ખરેખર ત્યાગ

કરાવવાજ માંગોછ એવું તો જાંણે મને લાગ્યુંજ નહીં ! એક માતા જે પોતાનાં બચ્ચાંને પોતાનાં ગમે એવાં સુખ સારૂ છોડી આવે તે મીઠી નહીં પણ જુઠી હોવી જોઇએ, ને હું હીણભાગ્યની તે જુઠી માતા પુરવાર થઇ !"—અને તે રડવા લાગી.

"હવે એ તકરારને વાસ્તે બી ઘણું મોડું થઇ ચુકયુંછ, ગ્લેડીઝ," તે ઉમરાવે તોચ્છડાઇથી તે તકરારપર તાઢું પાણી નામતાં કહ્યું.

"ઓ, તમે કેમ ભુલી જઇ શકતા હોશો કે માએ ને દીકરાદીકરીનાં જીગર ખુદા એકસરખાં સાથે સીવી લેછ, અને જે એકને જખમ કરે તે બેઉને જખમ કરેછ ?" તેણીએ જીકર કરી; "તમે કેમ માની શકયા કે હું મારૂં જીગર ચીરી નાંખીને મારાં બચ્ચાંને ફેંકી દેઇ શકશ ? ઓ મારા લીઓ ! મારા લીઓ ! હું તુને કેમ ભુલી શકું ?"—અને તેનું કલ્પાંત ઘણું હૃદયભેદક થઇ પડયું.

"મને તારી એ આજની મુરખાઇ જરા બી ગમતી નથી, ગ્લેડીઝ," તે ભરથારે પરણી આવવા પછી હવે પેહલીજ વાર એટલા-બધા ગુસ્સાથી કહ્યું. "તું આપણા વચ્ચેનાં કંટ્રાકટના કરારો ભુલી ગયલી દેખાયછ."

"આપરે જે દાહડે આએ મહેલમાં આવ્યાં તે દાહડે ગાડીમાંથી ઉતરતાં મેં એક બચ્ચાંની ખુશાલીભરી ચીસ સાંભળીતી," ગ્લેડીઝે કકલાત કરવાનું જારી રાખ્યું, "અને હું સમજી કે મને અજબ અને ખુશી કરવા તમે લીઓને આપણી આગમચથી મેહલમાં તેડી રાખેલો છે; પછીજ મને જણાયું કે તે ચીસ તો આપણી ગાડી આગળ આપુને જોવા સારૂ જમા થયલાં અલફાતુ લોકોનાં ટોલાંમાંની એક બઇરીના હાથમાંનાં બાળકે પાડી હતી, અને ત્યારે મારૂં હરખભર્યું જીગર ઉંડી ઉદાસી ને નાઉમેદીમાં નામુરાદ થઇ ગયું !"

તે ઉમરાવે ગુસ્સા વચ્ચે, કશો બી જવાબ કર્યા વગર, પીઠ મરડીને સાંભળ્યા કીધું.

"વારૂ તે બચ્ચું હાલમાં કાંહાં છે ને કોણના આશરામાં છે તે તો મને કહો !" તેણીએ જરા વાર થોભીને પુછ્યું.

"તે કેહવામાં કાઇ ફાયદો કે સાર નથી," તેણે તીખાસથી કહ્યું, "અને જો આપણા વચ્ચે સંપ અને સુખ સચવાયલું રેહે એવું

તું જરા બી ચાહતી હોય, ગ્લેડીઝ, તો હજી બી અને આજે છેલ્લીજ વાર હું તુંને ચેતાઉંછ કે તે કંગાલ બચ્ચાંને લગતી એ મોટી નાપસંદ વાત ફરીથી કોઇ દાહડે બી મારી આગલ કાઢતીજ ના!"—અને એમ કેહતાં ગુસ્સાભેર તે રડતી તવલતી માતાને તે દીવાનખાનાંમાં એકલી છોડી તે ઘુમાખી ઉમરાવ બાહેર ચાલી ગયો.

આહા, એક માતાનો પ્યાર! એક મીઠી માતાના પ્યારનું મહત્વ! એ બેમુલા પ્યારની બુલંદી તેની ખરી અસરો વચ્ચે કઇ કલમ ચીતારી શકે?

પ્રકરણ ૭ મું.

લોર્ડ લીસ્ટરે એ કજીયા પછીના દિવસે ગ્લેડીઝને તે તકરારની પાછી કશી યાદ આપીજ નહીં. તે જાણે કશુ બન્યુંજ રહી હોય તેમ અસલ જેવો હેતવંતો અને પ્યારભર તેણીને મળ્યો. ગ્લેડીઝ એક માતા તરીકે પોતાનાં બચ્ચાં માટે એ પ્રમાણે વ્હાલથી વીહલી પડે એ તેણે ઘણું સ્વભાવિક માન્યું. એ તેને ગમ્યું પણ ખરૂં. જો ગ્લેડીઝ પોતાનાં મોટાં નવાં સુખમાં પોતાના બાળક બેટાને કદી બેપરવાહીથી વીસારીજ આપતે તો તે અબળા તેનાં મનમાં અને મતમાં ઘણી ઉતરતે; પણ એ અકુદરતી બેપરવાહી એ સુંદરીમાં નહીં જોઇ તેથી તે રાજી થયો—જોકે લીઓને પાછો બોલાવા કે તેને તેની માતા સાથે મેલવવા માટે, આગળ કહેલા સબબોને લીધે, તે પોતાના ઠરાવમાં હજી એ જેવો ને તેવો મુસ્તકીમ રહયો હતો.

ગ્લેડીઝ તો, એમ છતાં, મિજાજમાંજ રહી. તે કે જે અત્યાર સુધી એક હેતવંતી મહેરદાર હતી, ખેલતી ને ખુશાલ હતી તે હવે શાંત અને મગરૂર થઇ ગઇ. તેણીએ એ તકરારના સંબંધમાં પોતાના પરણ્યા ખાવીંદ સાથે કજીયો કર્યા કરવાનું વાજબી માન્યું નહીં, અથવા તો તે મેહલમાંથી જતી રેહવાનું બી તેટલુંજ નામુનાસેબ જાણ્યું. તે ફકત પોતાની વર્તણુકમાં શાંત, સુરત અને ઠંડી થઇ ગઇ. તે ઘણું કરી એકાંતમાં પડી રેહતી. તે અગત જોગીજ વાત કરતી અને જરૂર જોગાજ હુકમો આપતી. એમ છતાં તેણીનામાં એ ફેરફારો એટલા તો ધીમા થતા ગયા કે તેણીના પ્યારમાં હર્ષ-ઘેલા બનેલા ઉલટમંદ ઉમરાવ લોર્ડ ફીલીપે તે કશા જોયા કે જાંણ્યા નહીં, અથવા જો જોયા કે

જાંણ્યા હોય તોપણ તેણે તે કશી રીતે ગણુકાર્યા નહીં. તે ખાત્રીથી માનતો હતો કે વખતના વેહવા સાથે ગ્લેડીઝનો એ જખમ રૂઝ આવી જશે, અને તેણીનો એ ગમ દફે થઇ જતાં તે આગળ જેવીજ પાછી ખુશાલ, રમત્યાલ અને હસ્તી રમતી થઇ જશે. તે હેમક ! એક માતાના મોટા પ્યારનું પ્રબળ અને મહત્વ તે શું જાંણે !

પણ ગ્લેડીઝમાં થતો ફેરફાર તેણીનાં લોહીનો તરસ્યો શત્રુ જવાંન ઑલબર્ટ એક બિલ્લીની આંખોથી જોતો અને તપાસતો રહયો હતો. તે એ જોઇ મનથી ખુબ હરખાતો હતો. ગ્લેડીઝનો સદાનો શોકજનક દેખાવ તેને માનવાને લલચાવતો હતો કે લૉર્ડ ફીલીપ જોડે પરણુવા આગમચ તે કોઇ બીજાને ચાહતી હોવી જોઇએ, કે જે પ્યારનો વિયોગ તેને આ રીતે મનથી મુંજાવનો અને છુપી રવેસે સંતાપતો રહયો હતો. એ નહીં તો, તેણે પોતાનાં મનથી તકરાર ઉઠાવી કે, એ શોકાતુર અદાઓનો બીજો ભાવાર્થજ શો હોય ? એટલામાટે તેણીની એ "બેવફાઇ"ના ભેદને પોહોંચવા અને તે પુરવાર કરી આપી વરવહુ વચ્ચે વિયોગ કરાવા જોગા મોહતના પછાડામાં તે હેમક મસ્ત બન્યો.

અંતે લૉર્ડ ફીલીપ બેચેન થયો. તે ધારતો હતો તે કરતાં તેની ગ્લેડીઝ દીન ઉગતે વધતી અને વધતી શોકમાં ને દુખમાં ગીરફતાર થતી દેખાઇ, અને ત્યારે તેણીને એક "ચેન્જ" આપવાની મતલબથી તે પોતાની જોડે તેણીને લંડન લઇ ગયો. તે વખતે લંડનમાં મોહસમ ખુલી ચુકી હતી, અને એવી એક ખુબસુરત કાઉનટેસનાં ત્યાં જવાથી આગેવાંન સોસાયટીમાં ખુશી, અજાએબી અને વખાંણુનો એક મોટો હોકારો થઈ રેહવાની તેને સંપુર્ણ ખાત્રી હતી.

"ગ્લેડીઝ," એક દિવસે તેણે તે ઉપરથી નાસ્તા પછી તેણીને કહ્યું, "તારે માટે મેં એક મોજ નક્કી કીધી છે."

ગ્લેડીઝની આંખ્યો ખુશીથી ચમકી નિકળી ! 'એક મોજ નક્કી કીધી !' ત્યારે તો તે, તેણીને લાગ્યું કે, તેના વ્હાલા લીઓ જોડેની તેણીની મીલાકાતજ હોવી જોઇએ ! તે સિવાય તેને એવી ખુશી કરવા જોગી બીજી મોજ શી હોય ?

"લંડનની મોહસમ ખુલી છે," તે ઉમરાવે તેણીના વિચારો સમજ્યા વગર ઉલટમંદ જારી રાખ્યું, "અને આપણે હવે લંડન જઇશું; ઘણી મજાહ પડશે."

ગ્લેડીઝની આંખમાંનું તેજ સમી ગયું. લંડનમાં તે શું શું જોશે અને અનુભવશે તેનો એક "બકારો" ઉલ્લટમંદ ફીલીપે હજી એ જારી રાખ્યો, પણ તે સઘળું સાંભળવા માટે જાણે સુંદર ગ્લેડીઝના કાન બેહર મારી ગયા હતા !

"તુને લંડન જવા ગમશે કેની ?" અંતે તે ઉમરાવે મોંઢે ચઢી સવાલ કર્યો.

"તમોને જે ગમશે તે મને પણ ગમશે," તેણીએ કશી પણ ઉલ્લટ બતાવ્યા વગર શાંતપણાંથી જવાબ દીધો.

તેઓ લંડન ગયાં.

બેલગેરયામાં જવાન લોર્ડ લીસ્ટરનો સસેકસ માહેલા મેહેલ "રેન-વૉલડ" જેવોજ એક મોટો મેહેલ હતો. તે એક મોટું આલીશાન મકાન હતું, અને તે હાલમાં ગ્લેડીઝનાં માનમાં લૉડ લીસ્ટરે નવા ફેરફારો અને નવા સરસામાનો સાથે નવેસરથી સજજ કરીને આરાસ્તા કરાવ્યું હતું.

લંડનની એ "સીઝન"માં સુંદર ગ્લેડીઝે ખુશીનો એક મસ મોટો હોકારો મચાવી મુકયો. લોકો તેણીપર મરી ફીટવા લાગ્યું. તેણીની અજબજેવી મોહક સુંદરતાની તારીફ જણેજણ જગેજગ કરતું રહયું, જે ગ્લેડીઝનાં નાસબર જીગરને એક જાતની સતાવણી માત્ર પુરવાર થઇ. "ક્રોલ્ડર ઉડસ"નાં ખેતરોમાંની "સફેદ ચક્કી" આગલનાં ગરીબ ઝુપડાંમાં ગરીબાઇ વચ્ચે જન્મ આપેલા પોતાના બાળક બેટાને હાલના પોતાના પૈસા ટકાના મોટા વૈભવ વચ્ચે પણ તે એક પલ વાર બી વીસારી શકી નહીં. તેણીના કાનમાં તે મા વગરના બાળકબેટાની દુખ્યારી ચીસો રાતદીસ ગણુગણુ વાગ્યા કરતી હતી !

તેની મહોરદારની સુંદરતાએ લંડનની આગેવાંન સોસાયટીમાં જે ઘોંઘાટ કરાવ્યો તેથી તે તુમાખી અર્લ ઘણો મગરૂર અને રાજી થતો જણાયો, મગર તેણે ચાહ્યું કે તેની પરણેતર હતી તે કરતાં કંઇક વધુ ઉલ્લટમંદ દેખાય, અને તે લેતી હતી તે કરતાં મોજશોખમાં કંઇક વધુ ખુશાલીથી ભાગ લઇ શકે !

તેઓ એક દિવસે લૉર્ડ ચેસ્ટરને ત્યાં સેહેજ મીલાકાતે ગયાં. એ લૉર્ડ ચેસ્ટરને નાહનાં નાહનાં છોકરાંઓ હતાં જેમના પર તે બાળકોની

માતા મરી પીટતી હતી. કોઇ ખી મીલાકાતે આવનારને તે મોટાં હેત અને ઉકમાઇથી પોતાનાં બચ્ચાં બતાવતી અને ઓળખાવતી, અને એ તેણીની ઘેલચ્છાને માટેની બીનમાહીતગારી વચ્ચે ફીલીપ તેની મોહરદારને લઇને એક સુહવારે લૉર્ડ ચેસ્ટરને ત્યાં મીલાકાતે ગયો.

"લેડી ચેસ્ટર ઓળખાણ કરવા જોગ બાનુ છે, વ્હાલી ગ્રેડીઝ," તેણે કહયું. "એવાં સહમજદાર સરકલોમાં તું ભેલાતી રહે તે ઘણું જરૂરનું છે."

લૉર્ડ ચેસ્ટરને ત્યાં અરસપરસ કેટલીક ખુશમિજાજી વાતચીતો થવા પછી એકદમ તે ઉમરાવ બાનુએ પુછયું, "લેડી લીસ્ટર, તમોને છોકરાં ગમે કે ? છોકરાંપર તમોને હેત આવે કે નહી ?"

ગ્રેડીઝનું જીગર આ પાધરા સવાલથી છેદાઇ ભેદાઇ ગયું !

તેણી મુશ્કેલાઇથીજ જવાબ દઇ શકી. અંતે પોતાની લાગણીઓને, એમ છતાં, જેમ તેમ કાબુમાં લાવી ફીકકું હસતાં તેણે કહયું, "હા જી, બચ્ચાં કોણુને નહીં ગમે ?"

"હું મારા ભુચાને તમારાં આગળ તેડું ?" લેડી ચેસ્ટરે કહયું; "છોકરીઓ તો ફરવા ગયલી છે."

તેણીએ ઘંટ વગાડયો, અને થોડી મિનીટમાં ત્રણ વરસનું એક ગુલાબ જેવું બચ્ચું હસ્તે ચેહરે તે ઓરડામાં દોડી આવ્યું. તે એક કમનસીબ સંજોગ માત્ર થયો કે તે લીઓનીજ ઉંમરનો અને લગભગ લીઓનેજ મલતા આવતા ચેહરાનો એક ગળગોટો હતો. તેજ સોનેરી વાળનાં ઝુલફાં, તેજ તેજસ્વિ બલુ આંખો ! તે "મમા" પુકારતો ઉંઘાડા હાથોથી લેડી ચેસ્ટરની બગલમાં દોડી આવ્યો, કે જે તેને હેતથી ઉપાડી બગલગીર થઇ, અને ગ્રેડીઝે તે ગમખ્વાર અદાઓથી જોયું. તે ફીકી અને ધ્રુજતી હતી, અને કાંઇ પણ બોલવાને તે અશકત બની ગયલી દેખાતી હતી. "બરટી બેટા, લેડી લીસ્ટરને ગુડ મોરનીંગ કર !" તે હેતવંતી માતાએ મગરૂરીથી કહયું;—અને તે વ્હાલું બાળક બીહતું બીહતું અને ઓરકાતું ભરાતું તે નવાં આવનારાંઓ તરફ ગયું, પણ તેટલામાં તો લેડી લીસ્ટર પોતાની બેઠકમાં બેસુદ્ધ તુટી પડી, અને તે મામલો જોઇ સઘળાં ગભરાતમાં ચીસ પાડી ઉઠયાં. પોતાના ગુમ થયલાં બાળકને મળતાં આવતાં આ નિરદોશ બાળને

રૂબરૂ જોતાં તે અભાગણી માતા અસહ્ય લાગણીઓ હેઠળ બીમાર અને બેહોશ થઇ પડી હતી.

લોર્ડ લીસ્ટર પણ ગભરાઇ ગયો, અને જોકે તે એ બીમારીનો ભાવાર્થ પુરી રવેસે સહમજી ગયો તોપણ તેણે તે સબબ સર્વને તે ઓરડાની ગરમીનાં ઓઠાંથી સહમજાવ્યો, અને તે સુંદરીને સાવધ કરવાના તેઓ સર્વ ઉપાય યોજવા પડયાં. અલબત, કહયા વના ચાલશે કે લીઓ માટેનો તે માતાનો હજુ સુધી જેમ તેમ સચવાઇ રહેલો પ્યાર જોઈ તે ઉમરાવ બની શકે તો પોતાનાં મનથી તે નિર્દોશ બાળકને બેવડો અને ચોવડો ધીકકારવા લાગ્યો.

ગ્લેડીઝ ઘણા જેહમતે સાવધ થઇ, અને પોતાનાં મનથી ફજેત પડેલા લોર્ડ લીસ્ટરે તેની બેમારીની વાત હસી કાઢી નાખવાની દરેક કોશેશ કરી.

ગ્લેડીઝે હવે તે બચ્ચાંને પોતાની પાસે તેડયો, અને ધ્રુજતા હાથોએ તેને ઉપાડીને પોતાના ખોલામાં લેતાં તે દુખી અબળાએ તેને હૈયાંસરસો ચાંપ્યો.

લૉર્ડ લીસ્ટર જેમ બન્યું તેમ એ પછી વહેલોજ ત્યાંથી રજા માંગતો ઉઠયો, અને જયારે તેણે પોતાની મોહરદારનો હાથ બગલમાં લીધો ત્યારે તેણે જોયું કે તે સુકકાં પાડદાં મીસાલે થરથર ધ્રુજતો હતો !

એ પછી ગાડીમાં પણ ગ્લેડીઝ બંધ આંખ્યોએ અને ફીકકે ચેહરે માથું પાછળ નાંખી એક ખુણામાં પડી રહી, અને તે જોતાં પોતાનાં પરણ્યાં સુખમાં ચાલુ ખલલ કરનાર તે "કમજાત બચ્ચાં" પર લોર્ડ લીસ્તરને હદ વનાનો કેહર ઉપજયો.

"ગ્લેડીઝ," તે સાંહજે તે ઉમરાવે તેણીને કાંઇક કંટાળાથી પુછયું, "તું શું મારાં ઘરમાં પુરતી સુખી નથી ? પૈસાટકા, દરદાગીના, કપડાંચપડાં એ બધું તારા પાસ જોઇએ તે કરતાં બીસ્યાર છે, બધી આગેવાન સોસાયટી તને ચાહેછે અને માન આપેછે, અને હું પોતે તારાપર મરી ફીટું છું, અને તોબી, કહે મને કે, તું શું પુરતી સુખી નથી ?"

તેણી તેના પાસથી હઠી ગઇ. તે કેમ તેને કહે કે પોતાનાં બચ્ચાંનો વિયોગ તે બીમારી માટે મોહતથી બી જબુન હતો ?

તે કેમ કહી શકે કે તે કમનસીબ વિયોગ તેણીને કદી બી સંપુર્ણ રીતે સુખી થવા દઇ શકનારજ ન હતો ?

"કેમ જવાબ દેતી નથી ?" તે ઉમરાવે પાછું પુછયું.

"હું શું જવાબ દેઉં, ફીલીપ !" તેણીએ શોકાતુર કહયું. "મારા જેવી એક મુફલીસને તમોએ આવી ઉંચી પાયરીએ ચઢાવી, અને તમો મને આટલી જાનફેસાંનીથી ચાહો છો તે અલબત મને સંતોષી થવાને ઘણું કારણ છે."

તે એ જવાબથી રાજી થયલો જણાયો, પણ તે જોઇ શકયો નહીં કે તે અબળાનાં જીગરની એક ઉંડી ઉદાસી તેના ગેરકાયદે જુલમાત સામે ફરયાદની હાય ઉઠાવતી હતી. તેણી કેહવા ચાહતી હતી કે તેનાં વાહલાં બચ્ચાંની ગેરહાજરીમાં તે કદી પણ સુખી થઇ શકવાની ન હતી; પણ તે કહેવામાં સારજ શો ? નવેસર તે કહેવાથી એક કજયો બરપા થયા વગર બીજું એક પણ પરીણામ તેણીએ જોયું કે આવનાર ન હતું—અને ત્યારે તે દાનાઇથી ચુપજ રહી.

'અરે, એવણ કેમ માની શકયા હશે કે હું મારૂં જીગર ચીરીને મારાં અંતકરણનેજ બાહેર ફેંકી દઇ શકશ ? હું આ સુખનાં સુનાનાં મુલે માહરા વ્હાલા લીઓને વેચી નાખશ એમ એવણ ધારીજ કેમ શકયા હશે ?' તેણી દુખ્યારા હાલે મનથી દરયાફત કરતી હતી.

તે ફીલીપને ખરાં દીલનાં વ્હાલથી ચાહતી હતી. તે તેને ચાહીનેજ પરણી આવી હતી, અને સત મનસનીની એક ઉંડી વફાદારી ને ફીદાગીરીથી તેણી એ પોતાના પરણ્યા ખાવીંદને તેવાંજ સાચ્ચાં વ્હાલથી ચાહતી હતી;—અફસોસ કે એ વ્હાલનાં સુખને સંપુર્ણ બનાવા તેનો વ્હાલો બેટા લીઓ તેણીની ગોદમાં નહીં હતો !

પ્રકરણ ૮ મું.

લંડનની "સીઝન" આખર થતાં તેઓ મેહેલમાં પાછાં ફર્યાં.

એ વેલાએ રેનવૉલ્ડમાં એક નવી પહરોણી આવી હતી. તે મીસ રોઝ મોરટીમર હતી. એ મીસ રોઝ મોરટીમર લોર્ડ લીસ્ટરની એક પીત્રાઇની બેટી થતી હતી.

તે પીત્રાઇ માતા પોતાની બેટી માટે થોડુંક ધન પાછળ મુકી મરી ગઇ હતી, અને મરતી વેલાએ લોર્ડ લીસ્ટરને તેણીનો વાલી અને મુરબ્બી થવા વિનંતી કરી ગઇ હતી. એ ઉપરથી ફીલીપે તે બચ્ચાંને એક ખાસ ગવરનેસ રાખી તેણીની સંભાલ હેઠલ "રેનવૉલ્ડ" ખાતે ઉછારવાનું નક્કી કર્યું હતું, અને તેથી તેણીને તેણે હવે અત્રે બોલાવી લીધી હતી.

તે એક ચાર વરસની નાહની બાળકી હતી. વળી અત્રે કેહવું ઘટે કે એ બાળકને ખાસકરીને અત્રેજ બોલાવી લેવામાં ફીલીપની એક બીજી પણ મકસદ હતી. તે ધારતો હતો કે તે મેહલમાં લીઓની ઉંમરનાં એવાં એક બચ્ચાંનું હોવું ગ્રેડીઝના સ્વભાવ પ્રમાણે તેણીને રાજી કર્યા વિના રેહશે નહીં. એ બચ્ચાંથી તેણીનું મન વેરાશે, તે પાછી ઉલટમંદ થશે, અને છેલ્લે અંતે લીઓને ભુલી પણ જશે.

અને પહેલી હરોલમાં થયું પણ તેમજ. ભલી ગ્રેડીઝને પોતાના ભરથારનો એ વિચાર ઘણો ગમ્યો. એ બચ્ચાંની વેઠ તેણી માટે મોજ થઇ પડી, અને પોતાના દુખી વિચારોથી બચી નાહાસવા તેણીએ એ જંજાલ મોટી ખુશીથી મંજુર કરી; પણ જ્યારે એ નવી જંજાલ પાછી જુની થવા પામી ત્યારે તેણીનું જીગર તેની અસલ તલબગારીમાં એકદમ પાછું તણાઇ ગયું, અને તેટલુંજ દર્દમંદ થયું. જો તેનો ફીલીપ આ કોઇ ત્રાહિત બચ્ચાં પર એટલું હેત બતાવી શકતો હતો તો તેણીનાં પોતાનાં બચ્ચાંને માટેનાં હેતથી તેણીને એમ જોરજુલમથી અલગ રાખવા તેને હકજ શો હતો? ઓ, તેના લીઓ જોડે એક અરધોજ કલાક પાછો ગુજારવા તે પોતાનું આ શ્રીમંત સર્વસ્વ આપી દેવા હજારો ખુશીથી ખુશી થાય એમ હતું;—અફસોસ કે એ તેણીની એકજ માનીતી મરજી સદા નામંજુર રેહતી આવી હતી! તે તો જાંણે પોતાની ગમે એવી ગફલત યા ગેરસમજુતનાં પરીણામમાં પોતાનું અંતઃકરણ તુચ્છ પૈસા બદલ વેચીસાટી પરવારી ગઇ હતી!

એ પછીની ક્રીસમસ પર અર્લ લીસ્ટરને પોતાને ત્યાં એક વારસ બેટાનો સુભાગ્ય જન્મ થવાથી તે વરબૈયરનાં મોંહ ખુશીમાં હસતાં થયાં. ગ્રેડીઝને પોતાને પુત્ર થવાથી તે હવે સંતોષી ને સુખમાં રહેશે એમ લોર્ડ લીસ્ટર ભરોસાથી માનતો હતો. ગ્રેડીઝનો, એમ

છતાં, પોતાનો વિચાર અને ઉમેદ વળી જુદાંજ હતાં. તે તો લોર્ડ લીસ્ટરને પોતાને તેના આ વારસ બેટા પર હેત આવતું જોઈ મનમાં ધારી બેઠી હતી કે પેહલી તકેજ જણેતાં બચ્ચાંઓ માટેનાં માબાપનાં વ્હાલની તેણે તકરાર ઉઠાવવી, અને આ નવાં બચ્ચાં માટેનાં તેનાં બાપીકાં હેતની પુરવારી આપી પોતાનાં વ્હાલાં ફરજંદ લીઓને પાછો મેલાવાની તે માનીતી તલબગારી એક વાર ફરી રજુ કરવી. તે આજ વેર ના કહી રહયો હતો, પણ એક બાપીકાં હેતનો જાતી અભ્યાસ થયા પછી તે આ નવેસરથી રજુ થયલી કાકલુદીના જવાબમાં હવે કેમ ના કહી શકનાર હતો ?

તેણીએ બાજી સમાલીને કામ કીધું. લોડ લીસ્ટર મોટા ખુશ મિજાજ સાથે પોતાના બાળક બેટાને રમાડવા તેણીના ઓરડામાં આવ્યો. તે તકનો તેણીએ લાભ લીધો. "તમને એના પર હેત આવેછ વારૂં, વ્હાલા ફીલીપ ?" તેણીએ નરમાસથી પુછયું.

"અલબત હેત આવેછ, ગ્લેડીઝ; પોતાનાં બચ્ચાંપર હેત કેમ નહીં આવે ?" તેણે ગઈગુજરી ભુલી જઈ ભોલાપણાંમાં જુલભરયો જવાબ આપ્યો.

"તમો કોઈ બી કારણે હવે એને ખોહી બેસવા રાજી થાવો નહીં ?" તેણીએ વળી તરતજ પુછયું.

ફીલીપે હવે પોતાની ભુલ જોઇ.

ગ્લેડીઝના એ ઉપરાસાપરી સવાલોનો ભાવાર્થ હવે તે ઝટ પામી ગયો, અને તેથી ઘણી સંભાળથી જવાબ દેતાં બોલ્યો, "તુને ખોહી બેસવાનાં દુખ બદલ એને અને આખી દુન્યાના ખજાનાને ખોહી બેસવાનું હું દુખ નહીં પણ સુખ જાણુશ; મગર હવે તો તું સુખી છેની, ગ્લેડીઝ !" તેણે ઉતાવલમાં વાત ફેરવવાની મતલબથી પુછયું; "તારાં પોતાનાં ફરજંદનાં સુખમાં હવે તો તું પુરતી સુખી છેની !"

ગ્લેડીઝે ધીમે સાદે "હા" કહ્યું.

તે ઉમરાવની એ વાતચીત કરવાની રીતભાત સ્પષ્ટ સહમજાવતી હતી કે તે લીઓ સંબંધી કશું પણ સાંભળવા ખુશી ન હતો, અને ત્યારે તે એક છુપી પણ સરદ હાય મારી દાનાઇથી ચુપ રહી.

હવે રેનવૉલ્ડ મહેલમાં વારસ બેટાનો જન્મ થવાથી મોટી ધીંગસો

ચાલુ થઇ. લોર્ડ લીસ્ટરે એ ખીંગસો પછવાડે હજારો રૂપીઆ ખરચી નાખ્યા, અને ત્યારે નિરધનતાની કંગાલ્યતમાં જન્મેલા અને આ પૈસાટકાનાં સુખ બદલ વેચાઈ ગયલા લીઓની યાદ કરતી તે માતા લોહીનાં આંસુ રડતી !

તે આ પોતાનાં નવાં દુધમળ બકલ્યાંને ન ચાહતી હતી એમ કંઇ ન હતું, પણ લીઓ તેને વિશેષ વ્હાલો લાગતો હતો એ તો ખરૂં.

લીઓ એક વાર તેણીનું સર્વસ્વ હતું. તે તેણીના હાથમાં ઉછરેલો, પ્યારમાં રમેલો અને ગોદમાં સુતેલો હતો તેણીએ તેને ધવાડેલો, રમાડેલો, જમાડેલો હતો. તે બચ્ચાંની માવજતમાં ગરીબાઈની કંગાલ્યત વચ્ચે તેણીનો આખો દીવસ કયાં ઢળી જતો હતો તે પણ તેણીને માલમ પડયું હતું નહીં. આ નવું બચ્ચું તો કરોડોની દોલત વચ્ચે અને તે દોલતની છતર છાંયાનાં સુખ વચ્ચે એક સુભાગ્ય જન્મ પામ્યું હતું; તેને માંથે તો એક મોહબતવંતા બાપનો બી શીરછત્ર સાહયો હતો, કે જ્યારે લીઓ તો તેણીનો એકલાનોજ હતો. તેને માટેના તેના પ્યારમાં કોઇ ભાગીદાર હરીફ ન હતો. તેજ તેણીનો સઘળો ખજાણો હતો અને તેનાંજ સુખમાં તે સુખી હતી—તેનેજ માટે તે જીવતી હતી ! આ બાળકના બાબમાં તેમ કયાં હતું ? તેને માટે તો કેળવાયલી નર્સો રહેલી હતી, અને આયા દાયાના એક આખા રસાલાના સબબે તે તેણીને ફાલે તો ઘણોજ થોડો આવતો હતો. હયાં તો બધું કાયદાથી કામ લેવાતું હતું. એ બાળક તો તેની માતાની ગોદમાં સુઇ પણ શકતું ન હતું ! એ માનવંત લેડીશીપના ઓરડામાં મોઢે ચઢીને તે બચ્ચાંને બોલાવવામાં આવે ત્યાં સુધી તેને ત્યાં લાવવાનો ધારો ન હતો. તેને ઉછેરનાર, તેને સમાલનાર સઘળા ત્રાહીત હાથો હતા.

તે રેનવૉલ્ડ મહેલના વારસના જન્મથી જે એક જણનું કાલજું બળીને બેપડ થઇ ગયું તે પેલો જવાંન આલબર્ટ હતો. તે અત્યાર સુધી ગ્લેડીઝનો શત્રુ હતો, પણ હવે તો તે ઉપલા સબબથી તેણીનો કટ્ટો ને વેરસી મુદ્દઇ થયો. તે તેને પોતાની ધાટકી નાઉમેદીના સબબથી પોતાનાં જીગરમાં કથીજ માફી બક્ષી શકયો નહીં. તે વારસનો જન્મ થવાથી તે બીચારો અદ્ધર લટકી ગયો અને પોતે જનમનો રવડી પડયો. સર્વની ખુશાલીમાં તે જરા એ ભાગ લઇ શકયો

નહીં, કેમકે જે સર્વેનાં સુખનું કારણ હતું તેજ એને માટે તો એક મોટાંમાંમોટાં દુખનું મુળ થઇ પડયું !

હવે, તેથી, ગ્લેડીઝે કરેલા એ ગંભીર બીગાડ માટે તેણીપર કીનો લેવા તે ખુંનખાર ને તલબગાર થઇ રહયો, મગર હજુ સુધી તે કીનો લઇ શકે એવું કોઇ હથિયાર તેને હાથ આવી શકયું ન હતું. બાહેરથી તો તે નમાનો, કહયાગરો અને તાબેદાર હતો; ભીત્તરેજ તે એક દોજખી શત્રુ અને વેરસી મુદ્દઇ હતો.

જ્યારે તે બચ્ચું ત્રણ મહીનાનું થયું ત્યારે તેની "ક્રિસચનીંગ" ક્રિયાની ધામધુમથી રેનવૉલ્ડનો મોટો મહેલ ધમધમી રહ્યો. લોર્ડ લીસ્ટરે મોટો હાથ કાઢયો હતો, અને ખાણીપીણી ને રંગરાગનો સુમાર ન હતો—એટલો તે અર્લ પોતાનાં બચ્ચાં પર કુરબાંન થઇ ગયો હતો! એમ છતાં એ બધી ખુશાલીમાં એક ચેહરો હજી શોકાતુર હતો.

તે સુંદર ગ્લેડીઝનો હતો. તે પોતાનાં મનથી એક પળ પણ લીઓને વિસારી શકતી ન હતી. પોતાને થયલી આ નવાં બચ્ચાંની નવાજેશ છતાં, અને તે બચ્ચાં માટે તેણીને રોજબરોજ બરપા થતાં વધતાં વ્હાલ છતાં તે પોતાના વ્હાલા બેટા લીઓને ફકત એકજ નજરે ફકત એકજ વાર જોવાને ભારે આરજુમંદ થઇ રહી હતી!

તે તાજુબ થતી હતી કે ફીલીપ જેમ લીઓને માટે અદેખો પડયો હતો તેમ આ નવાં ફુલ બચ્ચાંને માટે પણ અદેખો પડશે કે નહીં! એક વખત ફીલીપે તે બેટાને રમાડતાં ખેલાવતાં લાવીને તેણીના ખોલામાં મેલ્યો, અને તેને હેતથી એક બી ચુમી ગ્લેડીઝે નહીં કરી તે જોઇને તેણે કંઇક ઠપકાથી કહયું, "એને એક કીસ તો કર—તુંને શું થયુંછ, ગ્લેડીઝ ?"

"હું જાણું કે તે તમને નહીં ગમશે; હું કોઇ પર પણ હેત કરૂં તે તમોને તો નથી ગમતું કેની ?"

"પણ આએ તો આપણું પોતાનું બચ્ચું છે! હું મારાંજ બચ્ચાંને માટે અદેખો કેમ થઇ શકું ?"

"હા, હું ભુલી," તેણીએ શાંતપણે કહ્યું; "તમો **તમારાં** બચ્ચાંને માટે અદેખા નથી પડવાના—તમે તો **મારાં** બચ્ચાંને માટે અદેખા પડવાના!"

લોર્ડ લીસ્ટર આ સાંભળીને ગુસ્સે થયો, પણ વિશેષ કાંઇ બી બોલ્યા યા કહ્યા વના પીઠ ફેરવી ચુપચુપ ત્યાંથી ચાલતો થયો.

પ્રકરણ ૯ મું.

તે વારસ બેટો આબાદીભર્યો ઉધરવા લાગ્યો. એ એક કમનસીબી હતી કે તે લીઓના જેવોજ દેખાતો હતો, પણ એ વાત અજાએબીભરેલી હોવા છતાં તદન ખરી હતી. ગ્લેડીઝનાં જેવાંજ ભવાં, ગ્લેડીઝનીજ આંખો ! તેજ ચેહરો ને તેજ રૂપરંગ એ બંને બાળકોમાં એક સરખાં જોઇ શકાય એમ હતું.

એ નવાં બાળકનું નામ "વીલી" રાખવામાં આવ્યું હતું, અને જયારે લેડી લીસ્ટર તેને જોતી ત્યારે તેણીના લીઓની યાદ બેવડાં અને ચોવડાં જોસથી તેણીનાં ભેજાંપર દબાણ કરતી—તે એટલે સુધી કે જયારે વીલી બે વરસનો થયો (અને એજ ઉમરે લીઓને ચોરી જવામાં આવ્યો હતો) ત્યારે એ સુખભર્યાં મુકાબલાનું દુખ દુખી ગ્લેડીઝને માટે બેવડું કકલાતભર્યું અને કેવળ અસહ્ય થઇ પડયું.

વીલીનો અવાજ પણ લીઓને મલતોજ આવતો હતો, અને તે જયારે "મમા !" પુકારતો તેણીના હાથમાં ધસી આવતો ત્યારે તેનાં નાધલાં ફુલ જેવાં નાજુક પગલાંનો કાનને ખુશ લાગતો ખખડાત, તેનું રૂપાંના ખખડાત જેવું હસવું, તેના પ્યારા નાહના હાથોની તાલી, તેની મીઠી પટપટ—એ સઘળું તેને લીઓની યાદ એટલાં બળવાન જોશથી આપતું કે "સફેદ ચકી" આગળનાં તેણીનાં નિર્ધન ઝુપડાંની જીંદગીને મુકાબલે આ શ્રીમંત જીંદગીનું સુખ એક મોટી મજાક બલ્કે કરડા શ્રાપ જેવું તેણીને લાગતું હતું ! જયારે વીલી સાથે સૌ હેતથી હસતાં અને તેને હસાવતાં હતાં, જયારે તે બચ્ચાં પર અત્તર છાંટા કરવામાં આવતી હતી, અને જયારે સર્વ કોઇ તેના પર વ્હાલથી વીહલાં પડતાં હતાં ત્યારે અફસોસ—તેણીનો કમનસીબ લીઓ બિચારો કયાં હતો ? અલબત, એવું તો તે ભરોસાથી માનતી હતી કે લૉર્ડ લીસ્ટરે પોતાના પૈસાના જોરે તે બચ્ચાંને જયાં બી હોય ત્યાં પુરતાં સુખમાં રાખવાની કાલજી કરી હશે, પણ અરે, એમ છતાં એક માની સંભા-

ળથી અને માનાં હેતથી તેને કોણ ઉછેરતું હશે ! કોણ તેને પ્યારથી પસ્વારી પોહાડતું હશે ? કોણ તેના પ્યારા હાથો પોતાના હાથોમાં લઇને જીંદગીના પવિત્ર કલામો તેને ભણાવતું યા શીખવતું હશે ! રાત્રે તે બીમાર યા બીધેલો ઉઠે ત્યારે કોણ કાલજીથી તેના પર વાંકું વલતું હશે ! ઓ, એ બધા ઘાટકી વિચારો તેણીને ઘેલી કરવા બસ હતા, અને તે ફર્યાદની એક પ્રમટ ચીસ સાથે કકલાતથી ખુદા પાસ માંગતી કે યા તો તેને તેનો બીઓ પાછો મલે, અથવા તો તેણીની આ રીબતી જીંદગીનો છેડો આવી જાય !

હવે એ દુખની અગન અને સંતાપનો તાપ નહીં સહન થઇ શકે એવું તેને જણાયું, અને તેથી તે જો પોતાના ભરથારને તેની મીનતજારી બાહલ રાખવા મનાવી નહીં શકતી હતી, તો હવે પોતેજ તે ખોહવા-યલા ખજાંનાની ભાલ કાઢવાનું તેણીએ અચપુચ અને એકદમ પોતાનાં મનથી નક્કી કર્યું. ખચ્ચીત, તેને આજ વેર એ ખ્યાલ નહીં થઇ શક્યો તે પોતાની કમઅકલ માટે તે પોતેજ પોતાનાં મનથી હેરત રહી. તેને તેના વરનું એટલું ઓસ્યાલું કરયા કરવાને શું કારણ હતું ? તે જો જરૂરજોગો ખુલાસો આપવા એટલી બલતવારીથી નાજ પાડતો હતો તો હવે એ જુસ્તેજોના સંબંધમાં પોતેજ ઉલટથી કામ લેવાનું તેણીનું પોતાનું કામ હતું. તેણીને લાગ્યું કે તેણીના વરનાં અગત્યનાં કરકાગળો તથા દસ્તાવેજો વચ્ચે એક બી કાપલી કે કુપોં એવી યાદીની હોવીજ જોઇએ, કે જેથી તે બાળકને કયાં મોકળવામાં આવ્યું હતું તે વાતનો ખુલાસો મલી શકે. તેણે એ બાળકના નિર્વાહ માટે ચૅક ભરી આપ્યો હશે તેની રસીદ યા યાદી તો તેનાં કાગળ્યાંઓમાં હોવી જોઇયે !

કાગળ્યાંઓ અને દસ્તાવેજો ખોલવામાં તે પોતાના ભરથારનો અપરાધ કરતી હતી એમ તો તેણીને લાગતુંજ ન હતું. તે પોતાની માનીતી મુરાદમાં ઉલટમંદ બની એટલી ઉશ્કેરાયલી રહેતી હતી કે તે એક ખોટું કામ કરતી હતી એમ જાણવા કે માનવાનું તેણીને ભાંનજ ન રહ્યું !

લોર્ડ લીસ્ટરનાં સઘળાં કરકાગળ્યાં અને અગતના દસ્તાવેજો "લાયબ્રેરી"માં રાખવામાં આવતા હતા જેની તેને ખબર હતી, અને હાલમાં સારાં નસીબે તેનો સેક્રેટરી મી૦ દનમોર પણ રજા પર

ગયો હતો. વળી તેણીને ખબર હતી કે લાયબ્રેરીમાંનાં કબાટખાનાં અને ત્રીજોરીઓની કુંચીઓ ત્યાં ને ત્યાં બેદાદ કીસમે રખડતી નાંખવામાં આવતી હતી, અને તેથી લોર્ડ લીસ્ટર ઘરમાં ન હોય તેનો લાભ લઇ એક દિવસ એ કરકાગળ્યાંઓની જુસ્તેજો કરવા તે પોતાનાં મન સાથ એકમત થઇ.

જો તેને એવી કશી બી બાત્મી મલે તો ગમે એ જોખમે તેણીનો લીઓ જયાં બી હોય ત્યાં જઇને તેને મલવા તેણીએ મુસ્તકીમ ઠરાવ કર્યો, અને એમ કરતાં જો એ તેણીનું આચરણ તેણીના ખાવંદને ખફા કરનારૂં થઇ પડે તો તેની ઇતરાજી હરી લઇને ગમે તે સજાને પાત્ર થવા પણ તે ખુશીથી તૈયાર થઇ. ગમે તે થાય, પણ યા તો પોતાના ગુમ થયલા બેટાને રૂબરૂ મલવું, અથવા તો એ જેહમતમાં જાનથી મરવું એવોજ તે મીઠી માતાનો પક્કો ઇરાદો થઇ પડયો.

તેણીને તે કરકાગળ્યાં જોઇ વલવાની જોઈયે એવી તક કેટલાક દિવસો સુધી એક પણ મલી નહીં, કેમકે ફીલીપ કેટલાક કલાકો સુધી ઘરમાંથી ગેરહાજર થાય એવો એકે પ્રસંગ કમનસીબે થયો નહીં. એમ કરતાં એક દિવસ તે પોતાની મોહરદાર પાસે આવ્યો અને કહ્યું, "મને એક મારાં જરૂરનાં કામે 'હીલસ્ટોન' જવું છે, ગ્લેડીઝ; તું મારી સાથે આવશે ? આપણે સાંહજે ઘેર પાછાં ફરીશું."

તેણીનું હૃદય જોસથી ધડકવા લાગ્યું. એક સોના મોહર જેવી ઉમદા તક તે કરકાગળ્યાંઓની જોઇની જોસ્તેજો કરવા તેને હાથ નહીં ધારેલી આવવા પાંમતી હતી ! તેણીએ, એમ છતાં, પોતાની ઉલટને બન્યું એટલો સાદાઇનો દેખાવ કરીને સમાલી અને છુપાવી, અને પછી નાદરૂસ્ત તબિયતનું બાહણું આપીને તેનો ઉપકાર માની, પોતે ના કહી, તેને વિદાય કર્યો. એક બકી—અને તે ચાલ્યો ગયો.

તે ઉલટમંદ તે પછી અરધે કલાકે લાયબ્રેરી ભણી ગઇ, પણ તે માટેની તેની સઘળી હીમ્મત ને ઠરાવ છતાં તે અયોગ્ય કારજ હવે તેણીએ જોયું કે તેના જેવી એકને શોભતું ન હતું. તેના ખાવીંદનાં ખાનગી કરકાગળ્યાં ખોલવાનું કામ એક ચોરનાં કામથી કોઇ કીસમે જુદું ન હતું. તે તેની રજા કે જાણપીછાંણ વગર એમ કરવા ચાહતી હતી અને તે એક પાપ હતું, માટે ગ્લેડીઝ એ નાપસંદ ફરજનાં

અઘટીટપણાં માટે પોતાનાં મનથી લજવાયા અને કમકમયા વગર રહી શકી નહીં; પણ તેના વાહલા લીઓના સંબંધમાં તેના ભરથારનો જુલમાત બી તેટલોજ અઘટીત હતો તે તેણે યાદ કર્યું, અને લીઓની દુઃખી ચીસો તેના કાનમાં વાગ્યા કરતી હવે જાંણે અતરેથી હીમ્મત હારી પાછી નહીં હઠવા તેને પાછી અને પાછી વિણવતી હતી !

તે ઓરડામાં કોઇ નહીં હતું. સઘળું શાંત, ચુપ, એકાંત હતું. ચાવીઓ બેદાદ ફીસમે બાજુમાંની એક ન્હાની ટેબલપરની એક મોટી ચોપડી ઉપર પડેલી હતી.

તે મેહલમાં પોતે એકલીજ હોવાનું તે મનથી માનતી અને ધારતી હતી. તે સમજતી હતી કે તેની આ શોધખોલમાં તેને હરકત કરનાર, રોકનાર કે જોનાર તેનાં સારાં નસીબે કોઇ ન હતું; તેના છુપા શત્રુ લુચ્છા ઑલબર્ટની તો તેને યાદ થઇજ નહીં ! તે ઘરમાંજ હતો ને કેઠે ગયોજ ન હતો એ વાત તે સદંતર ભુલીજ ગઇ.

તેણીએ તે ચાવીઓ લીધી, અને એક પછી એક તે કબાટ ખાનાં ખોલીને તે અર્લનાં ખાંનગી કાગળો અને દસતાવેજો ધ્યાંનથી તપાસવા પડી. તેણે દરેક ઓચરચુ ઘણી બારીકીથી જોયું, પણ એવી કાઇ નોંધ—એવી એક બી યાદી તેને કેઠેથી મળી આવી નહીં કે જે તેનો લીઓ કયાં હતો તે વિશે કાંઇ બી જાંણવાજોગ અજવાળું આપી શકે !

ત્યાર પછી તે પોતાના ધણીની ડૅસ્ક આગળ ગઇ. તે ડેસ્કને પણ ઘણાં ખાનાં ને ચોરવકોરા હતા. તે તેણે એક પછી એક ખુલ્યાં અને તે માહેલાં કરકાગળ્યાં તપાસ્યાં, પણ પરીણામ જેનું તેજ થયું, અને ત્યારે નાઉમેદીનાં અસહય દુઃખથી તે સુંદરીની તેજસ્વિ આંખો આંસુઓથી ભરાઇ ગઇ.

એ આંસુઓ વચ્ચેથી હજી તે કાગળ્યાંઓ તપાસતી સુંદર ગ્લેડીઝ પોતાનાં કામમાં એવી ચકચુર ગીરફતાર થઇ કે તે લાયબ્રેરીનું બારણું ઉઘડયું તે તેણે જાણ્યું પણ નહીં. છેક તે ઝલઝલ થતી ડૅસ્ક ઉપર કોઇ આસામાનો પાસ થઇ જતો ઓળો પડયો ત્યારેજ તેણીએ ચમકીને પાછળ જોયું, અને જોયું તો ઑલબર્ટ તેનાં કામની પાછળ ઉભો રહી નીધાહદારી અને તકેદારી કરતો હતો !

"ઓ, તમે છેઓ કે, લેડી લીસ્ટર !" તેણે તરત અજાણ્યો દેખાવ કરી કહ્યું. "હું તો એવો બીહીધો ! એ લાયબ્રેરીમાં કોઇને બી દાખલ થવા અને કાગળીઆં તપાસવા અર્લનો હુકમ નથી, તેથી હું અત્રે ખાનાંઓ ઉઘડવાનો ખખડાત સાંભળીને ઘણો અજબ થયો અને બીધો."

"મેહરબાની," ગ્લેડીએ ઠંડાઇથી પણ ધીમા ને ધ્રુજતા અવાજે કહ્યું.

તે ચહેરો ફીકકો પડી ગયો હતો. પોતાનાં અયોગ્ય કારજમાં પકડાઇ આવવાની ખેઆલતથી ગ્લેડીઝ ઘણી ગભરાઇ ગઇ હતી. એ ગભરાત ઠાવકો ઑાલબર્ટ પ્રગટ રવેસે જોઇ શકતો હતો, અને પોતાની મુદ્દઇનો કાંટો કાઢવા જોગો આ એક સાબુત અપરાધ હાથ આવી જવા માટે તે હવે મનથી મલકાતો હતો. દીસ્તુંજ હતું કે તે પોતાના ભરથારથી છુપી રવેસે તેનાં કરકાગળીઆં જોતી હતી.

"તમે અર્લનું વીલ બીલ શોધતાં હશો !" તે લુચ્છાએ નફ્ફટાઇથી કહ્યું—અને હસીને વધાર્યું, "જ્યારે બૈરાંઓ પોતાના ખાવંદની દરસે તેનાં કરકાગળીઆં તપાસે ત્યારે ખચ્ચીત તેમનો તેમાં કાંઇ એ કીસમનો ભેદ હોવો જોઇએ, નહીં વારૂ ?"

"તમે તમારૂં કામ કરો, ઑાલબર્ટ," ગ્લેડીઝે કાંઇક ગુસ્સાથી કહ્યું. "મારૂં કામ હું સમજુંછ."

"તે તો જેમ તમારી મરજી, પણ હું તો જાણું જે તમોને શું જોઇએછ તે જો તમે મને કહો તો હું તે શોધી આપવા તમોને મદદ કરૂં," તેણે જરા ફ્રજેત પડી કહ્યું. "અર્લનો સૅક્રેટરી ઘણો ચોક્કસ માણસ છે, અને મારી ખાત્રી છે કે તમને જે જોઇએ તે મળી આવે તેમજ બધા દસ્તાવેજો ગોઠવેલા હોવા જોઇએ."

"તે બધું મને ખબર છે," ગ્લેડીઝે દમામથી કહયું. "હાલમાં હું પોતેજ અર્લનો સેક્રેટરી છેઉં, અને હું મારૂં કામ જાણુંછ."

ઑાલબર્ટ એ સાંભળી તદન ચાંઇ પડી ગયો ! તે નમીને ચાલતો થયો. તે બીહધો કે તેણે કાચ્ચું કાપ્યું હતું. પ્રાઇવેટ સેક્રેટરી રજા પર હતો તે દરમ્યાન ગ્લેડીઝનેજ અર્લે એ કામ સોંપ્યું હોય, ને તેની તેને કશી માહીતી નહીં થવા પામી હોય એ તદન બનવા ને માનવા જોગ હતું, જેથી તે સાંમો હવે પોતેજ બીહીવા લાગ્યો કે

ગ્રેડીઝને એમ હરકત કરતો જવા માટે રખે તે અર્લ આગળ સાંમી તેનીજ ફરીઆદ કરે !

બીજા હાથ પર તે એકલી પડવા પછી ગ્રેડીઝે તેટલીજ બારીકીથી પોતાનું કામ પાછું આગળ ચલાવ્યું, અને જ્યારે તે આખી લાયબ્રેરી ખુંદી રહી ત્યારે નાઉમેદીની એક ચીસ સાથે તેણીએ તે કંગાલ કામ ખતમ કર્યું. તેના વાહલા લીઓની ભાળ મળી શકે તેવી એક બી કાપલી કે એક બી યાદી ત્યાંથી મળી આવી નહીં.

તે વધતી નામુરાદ અને વધતી નાસબર બની. તેની ઉંઘ અને ભુખ તેને છોડી ગઇ. એ માનીતી તલબગારીનાં દુઃખમાં તે નખાતી અને સુકાતી ચાલી. તેને લાગ્યું કે આ ધરતી ઉપર એક માતાના પ્યાર જેવો શ્રેષ્ટ પ્યાર અને એક માતાના પ્યારનાં સુખ જેવું સર્વોતમ સુખ બીજું એક બી થઇ શકે એમ હતુંજ નહી !

પ્રકરણ ૧૦ મું.

હવે આપણે કમભાગ્ય લીઓ તરફ નજર ફેરવશું. તે માતાનો પ્યાર, તે માતાનું સુખ, તે માતાની મોજનું અવલ સાંધણ પોતે કયાં હતો અને કેવી હાલતમાં હતો !

લોર્ડ લીસ્ટરની નૈયત નેક હતી. તેણે લીઓ માયાલુ હાથો હસ્તક ઉછરે અને સારી કેળવણી પામી આયંદે સુખી થાય તે માટે પૈસો વેરવામાં કશીજ વાંણ કરી ન હતી. જે આસામીના હાથ તળે તેણે એ બાળકને સપુર્દ કર્યું હતું તે મીસીસ સ્ટોન નામની એક ઘણી લાયક અબળા હતી. એ મીસીસ સ્ટોનની માતાએ રેંનવૉલ્ડ ખાતે ફીલીપના બાપના વખતમાં ચાલીસ વરસ તક એક "હાઉસ કીપર" ની વફાદારીભરી નોકરી ઘણી નિમકહલાલી ને નામદારીથી કરેલી હતી, અને તેથી તેની દીકરી સુસન (મીસીસ સ્ટોન) પર એતબાર મેળવાને લોર્ડ લીસ્ટરને બેશક ઘણું કારણ હતું.

સુસન મી૰ સ્ટોન નામના એક પ્રીન્ટર જોડે પરણેલી હતી, અને તેઓ ગરીબીનાં સુખચેનમાં ઈંગ્લાંડની છેક ઉત્તરે "સ્કેલટન" નામનાં એક દુરનાં ગામડાંમાં રહેલાં હતાં. તેને અને તેના વર મી૰ ચારલસ સ્ટોનને ફીલીપ પોતે મલ્યો હતો, અને લીઓના ગુજારા માટે

તેઓ પોતે પણ તે બાળક મારફતે નીહાલ થઇ જાએ તેવી ગોઠવણ કરી આવ્યો હતો. તેણે તેઓને પાંચ હજાર પાઉંડની એક પાદશાહી રકમનો ચેક ભરી આપ્યો હતો, અને એમ બંદોબસ્તી કરવામાં આવી હતી કે પાંચ ટકાનાં વ્યાજે એ રકમ મેળવામાં આવે, કે જેથી આવતી અઢીસો પાંઉડની વારસીક ઉપજમાંથી એ બચ્ચાંને લગતો તેઓ ખરચ કરી શકે. તેમાંથી સો પાઉંડ તો છોકરાને રાખવા અને ખવાડવાના ખરચના જવાના હતા, અને બાકીના તેનાં કપડાંચપડાં, કેળવણી અને તે વરવહુની મેહનતના અવેજના નક્કી થયા હતા, અને લીઓ એકવીસ વરસનો થાય તે દરમ્યાનમાં તેને કોઇ ધંધાને લાયક બનાવીને તે મુદ્દલ રકમ એકવીસમે વરસે તેને પોતાને સપુર્દ કરી દેવી એવાં લખતપત્રો થયાં હતાં.

એટલું કરીને અર્લ ઘણો સંતોષ માની બેઠો હતો. તે ધારતો હતો કે તેણે પોતાની ફરજ સંપુર્ણ રીતે બજાવી હતી. તેણે કરેલી બંદોબસ્તી પ્રમાણેજ આખર તક સઘળું સમાધાન પાર ઉતરશે એવા વાહીઆત વિચારનો તે એક મુર્ખાઇભરેલો ગાંઠ વાળી બેઠેલો હતો. વચ્ચે નહીં ધારેલા સંજોગ બની આવે અને તે બિચારૂં કમનસીબ બાળ રવડી પડે એવો તો તેને ખ્યાલ કે ખટકો કદી થયોજ નહીં. તેણે વધારામાં ફકત એટલુંજ કીધું કે જો તે બચ્ચાંની કજા થાય તો એક કાગળથી મી૦ સ્ટોને તે વાતની તેને ખબર આપવી, પણ તે બચ્ચાંનાં વાલીઓની પોતાની કજા થતાં શું થાય તેનો તેને—તાજુબ કે—ખ્યાલજ થયો નહી!

ચારલ્સ અને સુસન ખરેખર દયાળુ દીલનાં આસામીઓ હતાં. તેઓને તે બચ્ચાં પર ઘણું હેત આવતું હતું. તેઓ કોઇની તારીમારી કરવાવાલાં નહીં હતાં. નિંદાનાં નરખમાંજ જેઓ જીવેછે તેઓ તો અર્લની વરતણુકથી તહરેવાર બુટ્ટાઓ ઉભા કરી શકતે, અને નજીસ અનુમાનોથી દોરવાઇ જઇને તહરેવાર તરકતો તૈયાર કરી શકતે; પણ આ ભલાં વરવહુએ તેવું કશુંજ કીધું નહીં. તેઓને પરાઇ પંચાતની પરવાજ નહીં હતી. તેઓએ ચુપચુપ તે બાળકને સ્વાધીન લીધું. તેઓ ફકત પોતપોતામાં મત કરીને એજ અનુમાન પર આવ્યાં કે લીઓ અર્લનો પોતાનોજ બેટો હશે. તે હલકે વાંધેની કોઇ અબળા સાથ પરણ્યો હોય અને લીઓ તે લગનનું પરીણામ હોય, કે જ્યારે લીઓની

માતા હવે મરણ પામી હોય જેથી પોતાને બરની સોસાયટીમાં ફરીથી પરણી શકવા અર્લે એ રીતે મોટા ખરચે લીઓને પોતાના રસ્તામાંથી સદાનો દુર કર્યો હોય. એ સિવાય બીજું શું હોય ? અને જ્યારે તેઓએ અર્લનાં લગ્ન થયલાં સાંભળ્યાં ત્યારે પોતાનાં એ અનુમાનો તેમને વધતાં ખરાં પડેલાં લાગ્યાં.

તે બચ્ચાંનું મરણ થાય તે સિવાય માંદગીમાં કે બીજાં કોઇ બી કારણથી તે બચ્ચાં સંબંધી કશો બી પત્રવ્યવ્હાર કરવા કે મલીને અર્લને કંટાળો આપવાની તેણે પોતે તે ભલાં વર વૈયરને સખ્તમાં સખ્ત મના ફરમાવી હતી. ખરી રીતે તો આ મોટાં લાભકારી કંન્ટ્રાકટની તે એક અવલ અને આગેવાન શર્ત હતી !

એ શર્ત મી૦ અને મીસીસ સ્ટોને વફાદારીથી પાળી હતી. તેઓએ લોર્ડ ફીલીપને એ નિરાશ્રીત બાળકના બાબમાં એક બી કાગળ કદી લખ્યો નહીં, બલ્કે તે ઉમરાવના રસ્તામાંથી તે બચ્ચાંની હસ્તીજ આખી ભુસાઇ જાય તેવી નીમકહલાલ સમજુતથી કામ લઇ તેઓએ તે ઉમરાવથી તે બચ્ચાંને સદાનું અલગ કરી નાંખ્યું હતું. તે બિચારાં શું જાણે કે અર્લ તે બાળકની કમભાગ્ય માતાનેજ પરણ્યો હતો, કે જે આ મોટા અકુદરતી જુલમાત સામે રાત દિવસનું બંડ મચાવી રહી હતી ?

એમ વરસો પર વરસો વહી ગયાં. વખત જતાં કાંઇ વાર લાગે છે ? વેલા પાણીના રેલા મિસાલે વહી જાય છે, ને જેઓ કાંઇ સારૂં કરવાની શક્તિ છતાં એકાદું નેક કામ કરી લેવાને વેલાસર જાગતાં નથી તેઓ હાથ ઘસતાં રહી જાય છે.

લીઓ મોટો થયો. એ વરસોનાં દરમ્યાંનમાં પોતાની વ્હાલી માતાના પ્યારા પડોસથી અચગુચ વિખુટો પડી ગયલો તે અણસહમજ બાળ ભલી સુસનનાં ભાડુતી હેત હેઠલ ઉછરીને મોટો થયો, કે જ્યારે તેની કેળવણી પાછળ પણ ઝાઝી બખીલાઇ કરવામાં આવી નહીં. અલબત, તે કેળવણી હાલહવાલ એટલામાટે હતી કે સ્કેલટન જેવાં એક મુફલીસ ને ન્હાનાં ગામડાંમાં જ્યાં લોકો ભાગ્યેજ પેટ પુરૂં રળી ખાઇ શકતાં હતાં ત્યાં ઉંચ પ્રકારની કેળવણીનાં જોઇએ એવાં સંપુર્ણ સાધણો કશાં એ ન હતાં; પણ એ કેળવણીના રોહમાં લીઓએ જે

સ્વભાવિક પ્રેરણાની મોટામાંમોટી ઉતકંઠા બતાવી તે એક ચીતારો થવાની હતી. તે બચગીથીજ એ નાદર હોનર તરફ ઉલટથી ખેંચાઇ ગયો. ચારલ્સ સ્ટોને અવલ તો થોડુંક તેને ભણાવી તેને પોતાના પ્રીંટરના ધંધામાં નાખી દેવાનું મન કરયું, પણ લીઓને તે માટે મોટો અભાવ માલમ પડયો. ચિત્રકળા એજ તેની મોજ અને સર્વેસ્વ સિદ્ધ થયું. તે બીજા એક બી હોનર કે ધંધાને માટે કમ્બખ્ત પુરવાર થયો. ફક્ત સાત વરસની ઉમરમાં તો તે કાગળ અને પેનસીલ લઇ પોતાનાં ન્હાનાં નાજુક આંગલાંઓ વડે ચોપડીઓમાંથી ચિત્રોના ઉતારા કરવાનો લોભ રાખતો દેખાયો, અને તેની તે કોશેશો તે આગળ કેવી નામદારી કરી શકે તેનો સહેલથી અભ્યાસ કરાવતી હતી.

એ જોઇને મી૦ સ્ટોને તેની વલાંણનેજ દાનાઇથી મજબુતી મલવા લીધી. "એ પોરયો કુદરતે આપેલી વલાંણથી એક ચિતારોજ થવાને જન્મેલો લાગે છે," તે પોતાની અર્ધાંગનાને કહેતો હતો. "જવા દે, એને એનાં મનની વલાંણ પ્રમાણેજ કેળવાવા દે. ટુકડો રોટલી તો પાછલી જીંદગીમાં ખોલી ખાશે ! એવા હોનરમંદો ભુખે મરતા નથી."

એ ઉપરથી સ્કેલટન ખાતે જે એક રડતી સુરત જેવી સ્કુલ આવ આર્ટસ હતી તેમાં તેણે વગ ચલાવીને ટુંક પગારે લીઓને શીખવા મુકયો, અને ત્યાં તે ઉલટમંદ છોકરો મોટી ખંત ને ઉંડા અભ્યાસથી પોતાની એ મોજમાં કેળવાવા લાગ્યો, એવામાં ખુદાનું કરવું તે મી૦ સ્ટોન એક રાત્રે અચબુચ મરણ પામ્યો. તેણે છાતીમાં દુખારો થવાની એકદમ ફરયાદ કરી, અને સુસન કોઇ બી રીતની મદદ કરી શકે તેટલાં તો હાથ પગ ખેંચી તેણે પ્રાણ મેલી દીધો. ડાક્ટરોએ તેનું મરણ હાર્ટ ડીઝીઝથી થયલું જાહેર કર્યું—જોકે તે એ જીવલેણ બીમારીથી પીડાતો હતો એવું તે મરનારનાં કે તેની માહેરદારનાં જાંણવામાં એ આગમચ કશુંજ આવ્યું હતું નહીં.

લોકોએ તે ભલા મરનાર માટે મોટો ખેદ જાહેર કરયો. પ્રીંટર ચારલ્સ સ્ટોન એ ન્હાના કસબામાં સારી રીતે જાણીતો હતો. અગતકરીને લીઓના પુન:પ્રતાપે તેને જે મોટી રકમની આએપતનો મોટો તડાકો પડી ગયો હતો, ને તે પછી તે જે કાંઇક સો ટકાને

બગતાં સુખચેનથી રહેલો હતો ત્યારથી તે લોકોની જાણ પીછાંણમાં જ્યાદા આવ્યો હતો.

તેની વિધવાએ બી જાણે અવશ્ય તો તે મરનાર જોડે મરવાજ માંગ્યું, પણ પછી એ દુખની યાદદાસ્ત જુની થતાં તે શાંત થઇ એટલુંજ નહીં પણ વળી લોકોની ઘણી અજાયબી ને 'ચટચટ' વચ્ચે તે શાંતપણે રીચર્ડ બ્રે નામના તેના મરનાર ધણીનાં કારખાનના એક જવાંન કામદાર જોડે પરણી ગઇ ! તે એવી સહમજદાર ને ભલી મોહરદાર એટલી ઉતાવલી ને નાદાન કેમ થઇ શકી હશે એજ લોકોની મસ મોટી અજાયબી થઇ પડી, કેમકે બ્રે કોઈ રીતે સારાં માણસોમાં નામધારી નહીં હતો, ને એક નાલાયક ને કુછંદી આસામી તરીકે વધતો ઓછો જણાયલો હતો. એ એક ભુંડી સરજતનું પરીણામ માત્ર હતું.

રીચર્ડ બ્રે લુચછો હતો. એક વખત મરનાર સ્ટોને નિર્દોષ ભોળાઇમાં અલે તેને આપેલા ૫૦૦૦ પાઉંડની પાદશાહી અમાનતની વાત કરેલી તેણે સાંભળી હતી ત્યારથી તે રકમપર એ નામદારનો ડોળો ખોઆયો હતો, માટે સ્ટોનના મરવા પછી પોતાની મીઠી પણ જુઠી લતરાજથી તેણે ભોળી સુસનનું માંથુ ફેરવી નાંખ્યું, ને અંતે તે તેને વરવાને નસીબવાન થયો.

તેને સુસનને સહમજાવતાં ને જીતતાં નવ નેજા પાણી ચઢયું. સુસન, અમોએ કહ્યું તેમ, ભલી હતી, ને મરનાર ચારલ્સને ખરાં દીલથી ચાહતી હતી, માટે પહેલાં તો એ બીજાં લગનના ખ્યાલથીજ તે ડરી ગઇ; પણ લુચ્છા બ્રેની સેરુતાન્યત સહમજાવતોની અંતે જીત થઇ, ને તે પોતાની બુરી મકસદો પાર ઉતારી શકવાની હદ તુલક ફાવી શકયો. તેણે તે અબળાને તરેહવાર ઉલ્હાપો આપી. પોતે કુટયાંવાલો હોવાની અને નોરીચ ખાતે તેની કેટલીક જગ્યા ને મીલકતો હોવાની બી તેણે તેને ખત્રી આપી એટલે છેલ્લે અંતે તે મનાઇ. પોતાના ધણીનું નાધલું કારખાનું વેચી સાટી તેની ઉપજના સઘળા પૈસા બી તેણે પોતાના એ નવા નેક નામદાર ભરથારને હવાલે કસ્યા, અને પછી તેઓ છયાકચ ને એકદમ એક રાત્રે નોરીચ જતાં રહ્યાં. ભલી સુસન આ બીજી વારનાં લગ્ન પછી પોતાનાં દોસ્ત આસનાઓને મળી ભેટીને ત્યાંથી જવા અતીઘણી લજવાતી હતી.

તેઓ નોરીચમાં પેહલી શીરૂઆતમાં તો જરા "સ્ટાઇલ"માંજ રહ્યાં. "આપસે આયા સો હલાલ" ની મિસાલને માન આપી બ્ર પોતાની મોહરદારના પૈસા (પોતાનાજ પૈસા ખરચતો હોય તે દેખાવથી) બેધડક ખરચતો ગયો, અને અંતે જ્યારે સુસનનાં પ્રેસનાં વેચાંણુથી ઉપજેલાં એ નાણાંનું તળ્યું દેખાવા લાગ્યું ત્યારેજ તે લગાર વિચારમાં પડયો.

વળી લીઓને પણ આ લગને પેહલી હરોલમાં ભારે નારાજ કરયો હતો. અવલ તો તેને બ્ર ગમતોજ ન હતો. તે મરનાર ચારલ્સને પોતાનો પીતા ને સુસનને માતા જાંણતો હતો માટે તે "માતા" નાં આ બીજી વારનાં લગન તેને બહુજ મુંજાવતાં હતાં. વળી એજ ન હતું. સ્કેલટનની સ્કુલ આવ આર્ટસમાં તેનો હુનરમંદ અભ્યાસ એવે ધામધુકાર આગળ ચાલતો હતો કે તેમાં રવડી જઇને નોરીચ જવાનું તેને ઝેર જેવું કાતીલ લાગ્યું; પણ લુચ્છા બ્રની પટામણી સમજાવતોથી તે જેમ તેમ મનાયો ને જીતાયો. બ્રએ તેને ખાત્રી આપી કે નોરીચ સ્કેલટન કરતાં વધારે વિખ્યાત હતું, ને ત્યાં તો તે વધતું સારૂં શીખી શકશે. ત્યારેજ આવવા તે કબુલ થયો, ને ત્યારે તેણે પોતાનું અત્યારતુલકનું નામ લીઓ સ્ટોન પડતું મેલીને હવે લીઓ બ્ર ધારણ કરયું.

પણ પૈસાનું પેટારામાં તળ્યું આવવા પછી બ્ર નોરીચમાં બી ઠડીને રહ્યો નહીં. તે તેમને રટલેન્ડ લઇ ગયો, ને ત્યાંથી વળી લંડન લાવ્યો. તેના જેવા જાલસાજ ને જબાંદરાજ આસામીઓ જે ચાહે તે કરી શકે છે. એવા બોલીદરાજ બાંગરો પોતાની જુબાનનાં જોરથી કિલ્લાઓ વટીક વશ કરી શકે એમ હોય છે.

તેણે એ દરમ્યાનમાં પેલી બેંકમાંની પાંચ હજાર પાંઉડની મુદ્દલ પણ કેમ હાથ કરી લીધી તે તેની મોહરદારે કદી બી જાણ્યું નહીં. તરેહવાર ખોટી સહીઓના પાયરી દર પાયરી દગલબાજ અપરાધોથી તે અંતે ફાવ્યો, ને તેણે તે વાત પછીથી જ્યારે બેલાઇથી સુસનને જાહેર કરી ત્યારે તે સાચી અબળાનું એ મોટી દગલબાજીની કેફ્યત સાંભળી દીલ તુટી ગયું. તેણીએ એકાદ પળ તો એમ બી ચાહ્યું કે અસંતે લખવું ને બ્રને પકડાવવો, પણ પોતાની

નાદાન્યત ને નામોશીનો ખ્યાલ કરી તે બાપડી પોતેજ ડર ખાઇ ગઇ. વળી કોઇ બી કારણે લીઓની હૈયાતીમાં અર્લને કાંઇ બી નહીં લખવાની તેઓને જે સખ્તમાંસખ્ત તાકીદ મલી હતી તે તેણે યાદ કરયું, અને એ બધા સંજોગોમાં ગળે ગાંઠ ને મોંઢે ડુચો મારી ખામોશી અખ્ત્યાર કરવા વના, તેણે જોયું કે, બીજો કશો દીરગજ ન હતો.

તે પછી એનું ઘર ફેસાદ ને મારફાડનું એક ધામ થઇ પડયું ! તે દારૂડયો, જુગારી ને કુછંદી પોતાનાં ખરાં સ્વરૂપમાં એકદમ હીંમતથી જાહેર થયો. ગરીબ સુસન ! તેને એક પળનો બી કરાર ન હતો. તેને નિરાશ્રીત લીઓનું ઘણુંજ લાગતું, કે જે અભ્યાસ વના રવડી પડયો હતો, ને જે થોડું ઘણું શીખ્યો હતો તેથી રોટલી રળી ખાવાને બી હજી એ અશકત હતો. તે બાપડો લંડનના મોટા મોહલ્લાઓમાં રવડયા કરતો, અને જોકે તેના ચીથડેહાલ પણ અતી દીલકશ ને ખુબસુરત દેખાવના સબબે તે દરેક જણનું ધ્યાંન ખેંચતો, પણ કોઇ તેને દયાથી હાથ લંબાવી મદદ થવા કબુલ કરતું નહી.

એ રીતે, તે રોજના સંતાપ, હાડમારીઓ ને હીણપસ્તીએ ગરીબ સુસનનો પણ જલદીજ આંકો લાવી મેલ્યો. તે બીમારીને બિછાંણે પટકાઇ જે પેહલાં નજીવી ધારવામાં આવી, પણ પછીથી બે ત્રણ દિવસમાંજ તેણે ગંભીર રૂપ લઇ લીધું, ને બીજા એક બે દિવસમાં તો જોતાં જોતાંમાં તે માર્ગે લાગી ગઇ

પ્રકરણ ૧૧ મું.

સુસને મરતી વખતે લીઓને લગતી વાત લીઓને પોતાને અથવા તો પાદરીને કેહવાને ઘણું મન કરયું હતું, પણ તેની છાતી ચાલી નહિ. વળી તે મરતી ઘડીએ કદાપી કેહતે બી ખરી, પણ બાપડી તે છેલ્લા દિવસે પુરતી સાવચેત છતાં અવાચક થઇ ગઇ, જેથી લીઓને લગતી સઘળી ખરી હકીકત સદાનાં અંધારાંમાંજ રહી જવા પામી.

એ પછી, અલબત, બે હતો તેમાં પુરો બદમાસ, બેદાદ ને નદ્દટ થયો. તેણે બિચારા લીઓને ધકેલો મારી પોતાની ઓસરીએથી

ઉતારી દીધો, ને તેનું હોજરું ભરયા કરવાના "જુલ્માત" માટે ચોખ્ખી ના કહી. તેને ઘર રાખવુંજ ન હતું. તે પોતે પોતાનું ભમાતુ જીંદગીએ પુરૂં કરવાનો હતો, માટે ઘેરબાર ને ખાવાપીવાનું ગમે એમ સોહધી ખોળી લેવા તેણે બીબીઓને નિરાધાર રસ્તે ઉતારયો !

તે ચંડાળને ખુદાનો બી ડર નહીં હતો. એવાં એક બચ્ચાંના નિર્વાહની પાદશાહી રકમ પચાવી પાડી તે તેને ભુખમરામાં મરતું છોડવાં આગમચ પોતાનાં શીહા બલિશનો ખ્યાલ કરવા થોભ્યો નહીં; પણ ખુદા એવો જ્યાંગર જુલ્માત કેમ ખમી શકે ? તે પોતાને માટે દોજખનાજ દરવાજા ખુલાવતો હતો એમ તે નાસ્તીકને કદી ખ્યાલ થયો નહીં.

"તમારી પાસ મારા બધા પૈસા છે તે ?" તેણે એ રીતે ઘર છોડી જવા ફરમાવ્યું ત્યારે બીબીઓએ તેને હેબતાઇને પુછ્યું. "મમાને મે બોલતાં સાંભળ્યાં હતાં કે તમારી પાસે મારા બધા પૈસા છે."

"અરે જાની મમાવાલા ને પૈસાવાલા," તે બદમાસે જીવ જીકાટયો; "તારા પૈસા જેયાછ કોણે એવા તેવાએ ? ચાલ જા, રસ્તો પકડ !"—અને એ રીતે તેને એક હાથપર રસ્તે ઉતારી તે પોતે બીજા હાથપર પોતાનાં અનેક પાપી કૃત્યો માટેના ડરનો મારેલો ઠેઠ અમેરીકા ન્હાસી ગયો, જ્યાં આયંદે તેને શો ફેજ થયો ને તે કેવે અંતે પોંહચ્યો તે બધું વિસ્તારીને કહયા વના ચાલશે, કેમજે તે વાતને આ વારતા સાથે નિસ્પત નથી. એટલુંજ કે કરણીનું ફળ ને બેહેસ્ત કે દોજખ એ સઘળું, આવતી દુન્યાની વાત બાજુ મેલતાં પણ, અહીં ને અહીં બી પુરતું જેવા ને અનુભવવાનું તે માહાનામી સાહેબે આદમી માત્રને માટે નિર્માણ કરેલું હોય છે.

હવે બીબીઓ તદને હાલ રવડી પડયો. ન ઘરબાર, ન એક પૈસો, ન ગુજારો, ન કોઇનો આસરો ! તેણે નોકરી મેળવવા કે ખાધા બદલ કામ કરવાના બી ઘણાએ પછાડા મારયાં, પણ વ્યર્થ. તે દરેક સ્કુડયોમાં એ ઉમીદવારી રજુ કરતો રવડી આવ્યો, પણ કોઇએ ધમકાવીને તો કોઇએ સમજાવીને—કોઇએ ધકેલો મારીને તો કોઇએ પાનપાવલો આપીને તેને હેઠે ઉતારયો. કોઇ તેનું થયું નહીં. આ દગલબાજ દુન્યાની દગલબાજીના તે નિરાશ્રીત ભોગ ઉપર દયાનું આંસુ ખેરવનાર કોઇ તેને

મળ્યું નહીં. તેનો પોશાક જાણે તેના નિર્દોષ ચેહરાને દગાબાજ થતો હતો! લોક તે ચેહેરો જોઇ સારૂં વિચારતાં, પણ પોશાક જોઇ તરત શકમંદ થતાં. "ચમટી હોશે," "કોઇ ઉઠાવગીર હોશે" એવાં એવાં અનુમાનો હંમેશ તે બાપડાને મદદ થવામાં આડે આવતાં હતાં.

તે બાજે વખત ટુકડા રોટલી વના બી તવલતો રેહતો! એ રીતના બે દિવસના કોરા અપવાસ ને મોટા ભુખમરાની નાતવાંનીમાં તે એક રાત્રે રવડતો હતો તેટલાં મોટા વરસાદ થયો, અને તે બાપડો ધ્રુજતો લખલખતો, પગથી માથાંવેર ભીંજાયલો, એક મોટા મેહેલના પોરફીટોમાં આશરો લેવા ભરાઇ ગયો.

તે મોટો "ટાઉન હૉલ" હતો, ને અંદર તે વખતે એક જાહેર જલસો ચાલતો હતો. વખત મોડી રાતનો હતો. બાહેર ગાડીઓની થપની થપ એક સરખી હારોમાં ઉભી હતી. લીઓ એ સઘળુ જોતો બેઠો હતો.

તે ટાઉન હૉલની એક સીડીનાં ખુણાંમાં ઘસડાઇ પડયો હતો. અંદરથી ગાયનના શોર ને ઑર્કેસ્ટ્રાના ગમડાતો આવતા હતા. બધે તાજગી, બધે ખુશાલી, બધે રંગરાગ હતો, કે જ્યારે તે બાળકનાં જીગરમાં બેરેહમ ભુખ્યા માટે જવાળા જલતા હતા! તે હાથ ઓળી ભીખ માંગી નહીં શકતો હતો, ને તેથી ભુખમરામાં નાહક મારયો જતો હતો.

અંતે "કૉનસર્ટ" ખલાસ થયો. એ વખતે વરસાદ રહી ગયો હતો, પણ નાતવાનીના સબબે લીઓ પોતાની બેઠકમાંથી ઉઠીને ન્હાસી જઇ શકયો નહીં.

તે, તેથી, બેસીજ રહયો, ને તેની બાજુમાંથી શ્રીમંત લોકો હસતાં, ખુશાલ વાતચીત કરતાં અને મોજમાં માહાલતાં પોતપોતાની ગાડીઓમાં બેસવા ઉતરી ગયાં. કોઇએ તેને જોયો નહીં, ને જોયો તેણે દયાથી તેની ખબર લેવાને કશી કાળજી કરી નહીં. તે ભુખમરાથી નાતવાન બનેલો ને ભીણાં કપડાંમાં તાપે સસરતો પોરયો કેમ તે ગુમાખી શ્રીમંતોનું ધ્યાન રોકી શકે?

સીલ્ક ને સાટીનમાં સજ્જ થયલી બાનુઓ, કલોક ને ફરમાં ઢંકાવલી મડમો, ઓવરકોટ ને ગલપતાઓની હુંફાળી પનાહમાં આશરો

સોહોષતા શ્રીમંત સદ્ગ્રહસ્થો એ સૌ તે બાપડાની લગોલગથી જતાં હતાં ને તેને જોતાં હતાં, પણ તેની જરા એ દયા ખાતાં ન હતાં. શાંની ખાએ ? તેમને શી પડી ? અફસોસ, બેરેહેમ નસીબ !

ગાડીઓ ગરોગર ઉપડી જવા લાગી, ને "કૉનસર્ટ હૉલ" લગભગ ખાલી થઇ ગયો. એ દરમ્યાંન છેલ્લા હફતામાં કોઇ બે ગ્રહસ્થો બાહેર આવ્યા. તેઓમાં એક તેજ જલસામાંનો પ્રખ્યાત ગાનારો વરનર હતો, કે જેના બુલંદ આવાજનાં શુરીલાં ગાણાંએ તે રાતનાં શોકીન શ્રોતાજણોનાં દીલ તમામ હરી લીધાં હતાં, ને જેને તાલીઓના ગગડાત સાથે પાછું ને પાછું ગાવાની ઉપરાસાપરી ફરજો પાડવામાં આવી હતી. તેનું ધ્યાન સુભાગ્યે નિરાશ્રીત લીઓપર ખેંચાયું, ને તે એકાદ પળ જીજ્ઞાસાથી થોભ્યો.

"ઓલ્લો, અત્યારે અહીં આએ કોઇ ન્હાનો છોકરો !" તેણે અજાયબીથી પોતાની સાથવાળા મિત્ર મી૰ હેરીસનને કહ્યું,—ને પછી લીઓભણી જોઇને પુછ્યું, "છોકરા, તું કોણ છે, ને અહીં અત્યારે એકલો શું કરેછ ?"

"હું ઘેરબાર વગરનો છેઉં," તે રડમસ છોકરાએ લગભગ રડી દેતાં કહ્યું; "હું બે દહાડાનો ભુખો છેઉં, સાહેબ, ને થાક ને ભુખથી મરી જાઉંછ."

"ભુખો ! આવાં શ્રીમંત ને આબાદ શેહેરમાં કુત્રું બી ભુખે મરવું નહીં જોઇએ ત્યાં તું ભુખે મરે ?" તે ગાનારે દયાથી જળી જતાં કહ્યું; "તોબા ! તોબા ! લોકને ગમે તે મારે વાસ્તે ધારે ને બોલે, પણ તું પેટ ભરીને જમે નહીં ત્યાંવેર મને ત્યારે અન્ન પાણી હરાંમ છે. ચાલ મારી સાથે."

"એ શું બોલ્લાં, વરનર ?" તેની સાથવાળા કોઇ પેલા મી૰ હેરીસને ફીલસુફીનો ભમરડો ગુમાવ્યો. "લંડન જેવાં શેહેરમાં ધુતારાઓ ને ઠગારાઓ કેટલા નિકળે તેનો બી કાંઇ ખ્યાલ રાખ્યોછ કે નહીં ?"

વરનર બતીની રોશણીમાં તે છોકરાનો ચેહરો જોવા વાંકો વળ્યો. "આએ એક ઠગારાનો ચેહરોજ નથી," તેણે ઠરાવથી કહ્યું. "દેખીતી રીતે આએ ખુબસુરત છોકરો ભુખમરાથી મરી જાએછ,

ને એમ કરતાં કદી એ ઠગારો બી હોય તો હું ચાહુંછ કે વીસમાંથી ભલે ઓગણીસને હાથ ઠગાતાં બી હું એક ખરા નિરાશ્રીતને આસરો આપવાને ભાગ્યશાળી થઇ શકું;—ચાલ છોકરા."

હવે હેરીસન ચુપ રહ્યો. આવી દીલસોજ ને દયાલુ તકરારના જવાબમાં તે શું બોલે ? તે શું કામ આવાં એક ખરી ભલાઇનાં કામની આડે આવે ? તે પોતે એટલી હદ સુધીનું ભલુ કરનાર નહીં તોબી ખવાસે ભલો હતો, ને તેથી વરનરની એ ઉમદા ભલાઇ તે મનથી વખાંણ્યા વના રહી શક્યો નહીં. તેણે જોયું કે લોકો વરનરના અવાજને રૂપેરી ખણખણાત સાથ સરખાવતાં હતાં, પણ તેનું દીલ તો ખરેખર સોનેરી હતું.

"તારાં વાઇફ અત્યારે તારી સાથ એક પરાયા છોકરાને ઘેર આવેલો જોઇ કેટલાં તાજ્જુબ થશે ?" હેરીસને બગીમાં બેસતાં હસીને કહ્યું.

"તે રાજી થશે; તેનું દીલ ઘણું દયાલુ છે," વરનરે કહ્યું—અને બીજી પળે તે બધા તે બગીમાં ગોઠવાયા. હેરીસન ને વરનર આગલ બેઠા, કે જ્યારે લીઓને ઘોડાવાલાની પાસે પાછલના કાચબૉક્સપર બેસાડી લેવામાં આવ્યો, ને વરનરે ઘોડો મારી મુક્યો.

એ પછી ઘરે પોંહચી તેણે હીણભાગ્ય લીઓની આગલ રહીને ઘણી ખાતર કરાવી, ને કહ્યા વના ચાલશે કે તે શુભ કારજમાં તેની ભલી મોહરદાર તેટલીજ ઉલટ ને દયાથી સામીલ થઇ. તે છોકરાની અનાથ હાલતની કેફ્યત સાંભળી તે નેકબખ્ત અબળાનું દીલ દીલસોજીથી ગરમ થયું. તેઓએ રાતોરાત ગરમ પાણીથી તેનું બદન સાફ કરાવ્યું, કપડાં બદલાવી નાંખ્યાં, જરા "છાંટો" આપ્યો, ને વળી પેટ ભરીને જમવા દીધો.

એ રીતે વાંચનાર જોશે કે ભલાંથી ભલુંજ થતું આવે છે. બે જેવા બદમાસો પોતાનાં પાપની ગલીચી સાથે ભોંયે પડયા રહે છે, કે જ્યારે વરનર જેવા ભલા આસામીઓ રોજના પુઠે આવતા ભાગ્યોદય સાથે પોતાનાં પુન્યમાં આબાદ થતા ચાલે છે. એ આ દોરંગી દુન્યાનો એક સાચામાંસાચો ને બેતકરાર પુરવાર થઇ ચુકેલો સિદ્ધાંત છે.

વરનરે તે છોકરાને થોડાક દિવસ તો આરામથી પોતાને ત્યાં

રેહવા દીધો, અને પછી તેને પુરતી આસુદગી પામવા દેવા કેડે તેણે તેની આગલી પાછળી પુછી, જે લીઓએ તે જાંણુતો હતો તે ફીસમે કહી. ચારલ્સ સ્ટોન અને સુસન તેનાં ખરાં માતપીતા હોય એ વિશે તેને પોતાને બી કાંઇક શક પડી ચુકયો હતો, માટે તેણે તે બધું અને એનાં બાટકીપણાંની તમામ વાત ફીસખી વરનરને કહી, અને ચીતારાની પીછીને માટેનો પોતાનો મોટો પ્યાર તે છોકરાએ એટલાં જોસથી રજુ કર્યો કે વરનર પર તેથી અમાપ ગંભીર અસર થયા વના રહીજ નહીં.

તે મનથી મગરૂર થયો. પોતાને ત્યાંના સુઘડ પોશાકમાં લીઓ એવો ખુશનુમા દેખાતો હતો કે એવા એકને મરતો બચાવવાનાં ભાગ્યશાળી પુન માટે વરનર મનથી મગરૂર થયો.

તે છોકરાનાં જાંણુપીછાંણુનાં આ મોહલી દુન્યામાં કોઇ બી કેઠે બી હતાં કે નહીં તે માટે તેણે તેને ચીપી ચીપીને પુછ્યું, પણ વ્યર્થ. લીઓ કોઇને જાંણુતો ન હતો, ને લીઓનું કોઇજ સગું વ્હાલું હતું નહીં. "અરે સાહેબ," તેણે કાકલુદીથી કહ્યું, "તમે મારે સારૂ આટલું બધું કીધું છે તો હવે તમેજ મારા મુરબી થાઓ, ને મારે વાસ્તે થોડોક જ્યાદા ખરચ કરવો પડે તો તે કરીને બી મેં પસંદ કીધેલા મારા હોનરને લાયકનો મને કરો, ને પછી હું જે કાંઇ બી પેદા કરશ તો પેહલાં એ તમારૂં કરજ ભરી આપવા કાળજી કરશ."

વરનર આ સાંભળી ખુશ મિજાજે હસ્યો. તે એ છોકરાની આ આભારનું દેવું પાછું ભરવાની ઉમીદથી ઘણી રમુજ પામ્યો.

તે તેને નામાંકીત ચીતારા સીન્યોર વારીની આગલ લઇ ગયો. એ વારીનીની ફ્તેહ તે વખતે આખાં યુરોપમાં મહશુર હતી. તે એક મોટો નામાંકીત પ્રખ્યાત ચીતારો હતો. તેને વરનર જોડે એક હુનરમંદ ફીસખી તરીકે સારૂં હતું, ને તેથી તેને ત્યાં વરનર તે છોકરાને લઇ ગયો.

વારીનીએ તે છોકરાનો ફીસબ તપાસ્યો, ને તાબરતોબ તેને પોતાની નોકરીમાં લીધો. "તેં એથી વધારે મોટાં પુનનું કામ તારી આખી જીંદગીમાં આગલ કોઇ નહીં કીધું હોશે, વરનર, ને મારી ખાત્રી છે કે તું હવે પછી કરનાર બી નથી," ચીતારા વારીનીએ વરનરને સાબાશી આપતાં કહ્યું. "આજે છોકરાને મરતો બચાવવામાં તેં ખરેખર

મોટાં પુનનું કામ કીધું છે. મને લાગે છે કે એ જન્મેશે ફીસબી છે, ને આગમ જતાં મારા નાદર હોનરમાં એ પોરયો ખચ્ચીત મોટી નામદારી કરશે."

હવે લીઓ વારીનીને ઘર રહયો ને ધંધામાં પડયો. તેને જે જુએ તે માન આપે ને ચાહે એવોજ તેનો દેખાવ હતો. તે સોહામણો, પતલો ને ઉંચો થયો હતો. તે હવે એક ઉંમરે પુગેલા "માટીડા જેવો છોકરો" હતો. તેના આચારવિચાર સુધરેલા, વર્તણુક નમાની અને આબરૂદાર, અને તે ખવાસે ગરીબ અને દયાલુ હતો. તેનામાં મર્દાનગીની સઘળી નોબત હતી છતાં તે બકરાં જેવો ગરીબ, કહયાગર ને તાબેદાર હતો.

તેનો હોનર તેજ ગોયા તેની જીંદગી, તેનું જીવણુ, તેના જીવનું અમૃત હતું! તે તેની માતાના મોહક ચેહરાનો એક જાંણે આબનોજ હતો, ને તે એવો એક દીલકસ, દીલખુશ મુખડો હતો કે જે સેંકડો આસામીઓનાં ટોળાં વચ્ચેથી બી લોકોનું ધ્યાન અને વખાંણ હરી લેયા વના રહેજ નહીં. વારીની તેનાં કામથી ઘણો ખુશખુશ થતો હતો.

તે એકલો પડી ગયલો હતો. ના તો તેનાં સગાં વાહલાં કે ના તો કોઇ તેના દોસ્ત આસના હતાં. વરનર અને વારીની સિવાય તેનું બીજું કોઇ ન હતું, અને તોબી પોતાની એ નાવારેસ ને એકલવાઇ હાલતનો ગમ તે પોતાના નામીચા હોનર પાછલની ફીદાગીરીમાં ઘણી આસાનીથી ભુલી શકતો.

પ્રકરણ ૧૨ મું.

એ મુજબ બીજાં પાંચ વરસ ગબડી ગયાં. એ પાંચ વરસ વારીની જેવા એક પહેલે વાંધેના ઉસ્તાદને હાથ કામ કરીને લીઓએ પોતાની મોટી નામનાનો છાપ જાંણે આખાં યુરોપમાં સુપ્રસિદ્ધ બનાવ્યો. તેનાં ફીસબી કામની વારીનીનાં પોતાનાં કામની લગોલગ તારીફ થવા લાગી, ને વારીનીનું કામ એ બેમાં બળથી હવે એટલું આબાદ થતું ચાલ્યું કે તેને ત્યાં જાંણે છક્કાંજ પડવા લાગ્યાં.

લીઓનું એક મોટું પીકચર નામે "અંદર ધી ઓક" ત્યાંની "રૉયલ એકેડેમી"એ પાસ કરયું ને કબુલ રાખ્યું, જેથી એ

જવાંનની નામના એકદમ ઘણી નામાંકીત થઇ પડી. ફીસબી હુનર-મંદોએ પોતે એકમતે કબુલ કરયું કે કુદરતને હુબહુ મળતા કલરોની એ ફીસમની મેલવણીની ફતેહમંદી વરસો તક કદી જોવામાં આવીજ ન હતી, અને આપણા ગરીબ લીઓએ એ મોટી નામદારીની વખાણ ગરીબી અને સભ્યતાથી સર નમાવી જરા એ મગરૂર થયા વના માન્ય કરી.

એક દિવસ વારીનીએ લીઓને કાંઇ ઉંડા વિચારોમાં ગીરફતાર થયલો જોયો, અને તે ઘણો અજબ થયો, "એ શું છે ?" તેણે પ્યારથી પુછયું. "હું અવારનવાર તુંને એ ફીસમે વિચારોના વમળમાં ઉતરી ગયલો જોઉંછ, એ !"

"હું એક પીકચર યાદ કરૂં છું, સીન્યોર વારીની," તે છોકરાએ કહયું. "મારી આંખોમાં ખુદા જાણે કેમ એક એવો મીઠો ચેહરો છપાઇ રહેલો છે કે જે ચેહરાની નાજુકી ને સુંદરતાનો હું તમોને જાંણે કાંઇ ખ્યાલ બી આપી શકતો નથી."

"કોણનો ચેહરો !"

"એક અબળાનો," લીઓએ કહયું. "તે યાદથી હું છુટો પઠી કે જુદો થઇ શકતોજ નથી. હું જ્યારે બી વગર કામે બેસુંછ ત્યારે તે મીઠો ચેહરો મને પાછો ને પાછો યાદ આવેછ !"

"ત્યારે કૅનવાસ પર કાંય નથી તે ઉતારતો ?"

"હું તેમ કરી શકતો નથી," લીઓએ કાંઇક દીલગીરીથી કહ્યું. "મેં સેંહકડો કોશેશો કરી જોઇ, પણ તે અસલ છાપ હું બાહેર ઉતારી શકતો નથી. હું પોતે મારી એક બી કોશેશથી તે અસલની યાદ તાજી કરી શકતોજ નથી !"

વારીની હસ્યો. "એ તારો કાંઇ સ્વપ્નામાં જોયલો ધખારો હોશે ત્યારે તો," તેણે કહ્યું.

"નહીં, તે ધખારો નથી તે વિશે હું ખાત્રીપુર્વક છું," લીઓએ જવાબ કરયો. "મને તો અહીં સુધી લાગેછ કે મારી બચગીમાં તે આકાર મારા પર વાંકો વળતો હતો ને મને ખેલાવતો હતો. જાંણે મારાં ભેજાં પર તે છબી ઉતરી ગેઇછ, પણ તે હું પોતે બાહેર ઉતારી શકતો નથી. મારા સ્વપનામાં તે ચેહરો હું અવારનવાર જોઇ શકુંછ."

"ત્યારે તે સ્વપનોજ—ખાલી સ્વપનોજ, બીજું કાંઇ નહીં," વારીનીએ મમતાથી કહ્યું. "એવા ઘણાક સ્વપના ઘણીક વાર આપણને એમ "ઇમપ્રેસ" કરી શકેછે."—અને તે વાત ત્યાંજ ઠપ પડી.

લીઓ વારીની ભેગોજ રેહતો હતો. તે મોટો ચીતારો બાપ જેવોજ મેહરબાંન ને માયાલુ હતો, ને લીઓને ઘણાં હેતથી ચાહતાં શીખ્યો હતો. વરનર પણ અવારનવાર ત્યાં આવતો ને તેને મલતો. તે પોતાના એ છોકરાને બચાવાનાં મોટાં રૂડાં કામ ને સાચી ભલાઇ માટે અહોનિશ રાજી થતો.

એક દિવસ હાથમાં એક ઉઘાડાં પકડેલાં કાગળ સાથે વારીની હસ્તે મુખડે લીઓના ઓરડામાં આવ્યો.

"બેટા, રાજી થા," તેણે કહ્યું; "તારે સારૂ હું હજારોની કમાઇનું એક મોટું કામ લઇ આવ્યોછ."

લીઓએ તાજુગીથી તેના ચેહરા સામું જોયું.

"લોર્ડ લીસ્ટર જેવા એક મોટા ઉમરાવને ત્યાંનું મને ઇજન છે," વારીનીએ સમજાવ્યું. "એ ઉમરાવની પીકચર ગેલરી એક ઘણીજ નાદર ગેલરી તરીકે વખણાયલી છે, પણ તેમાંનાં ઘણાંખરાં બધાં મોટાં પીકચરો એક અકસ્માતથી ખરાબ થઇ ગયલાં હોવાને લીધે લોર્ડ લીસ્ટર તે નવેસરથી તૈયાર કરાવા ચાહે છે, ને તે કામ માથે લેવા માટે આએ કાગળમાં તેણે મને ઇજન કરેલું છે. એ, અલબત, હજારોની કમાઇનું કામ થશે, ને તે હું તુને સપુર્દ કરવા ચાહું છું."

"એ તમારો હક છે, મુરબીજી," લીઓએ ઘણાં હેસાનથી કહ્યું. "તે લોર્ડ તો તમોને તેડે છે—મને નહીં; ત્યારે હું જવશ તે કેમ શોભશે ?"

"હું પોતે તારી ખાત્રી આપીને તુંને મુકી આવશ," તે ચીતારાએ કહ્યું. "એ માટે તો કેટલાક મહીના સુધી બાથુક "રેન-વૉલ્ડ" મહેલમાં ઘરબાર કરી રેહવું જોઇએ તે મારાથી હવે નહીં બને. વળી હું એ બી કબુલ કરૂંછ, બે કે પીકચરોમાં, તું જેટલી હદ સુધી કલરોને કુદરતી જેવો દેખાવ આપી શકે છે તેટલો હવે મારાથી નથીજ થતો. એ કામ તારેજ બરનું છે."

"તમારો જો એવોજ હુકમ ને ખ્વાહીશ છે તો હું તાબે છું, સીન્યોર," લીઓએ કહ્યું.

"એ અર્લ ઘણોજ ઉદાર ને માયાળુ દીલનો છે," વારીનીએ જારી રાખ્યું. "તારાં કામથી રાજી થશે તો એ તુંને નેહાલ કરશે. ઉદાર છે ને વળી ધનવાન બી છે. વળી ત્યાં જો તારાં કામનો છાપ પડી ગયો તો બધા ઉમરાવોનાં સરકલમાં તું એક સપાટે ઉગી નિકળશે, ને તે બી મારી મતલબ છે."

"તમારી મારાપર કેટલી બધી મેહરબાની છે!" લીઓએ મોટી હેસાંનમંદીથી કહ્યું.

"સસેકસમાં ઉનાળો ઘણોજ ખુશનુમા લાગશે," હેસાંનની વાત તે ભલા ચીતારાએ ઉડાવી દેતાં કહ્યું. "એ રેનવૉલ્ડ મેહેલ જોવાજોગ છે. તેની ઘણીજ વખાણ છે, ને મારી ખાત્રી છે કે તું ત્યાં રહેશે તેટલાં એ ઉમરાવ તારી ઘણી ઉંચા પ્રકારની ખાતર ને મદારત કરશે. એ હીસબીઓનો મોટો મુરબી ને કદરદાન જાહેર થયલો છે."

"ત્યારે મારે તો કપડાં ચપડાં બી લઇ જવાં જોઇશે?"

"બેશક; બેંકમાં હવે તારે નામે આપણે જે થોડુંક અત્યાર સુધીમાં જમા કરી શકયા છીએ તેમાંથી તુંને ગમે તે ઉપાડી ઘટતું કરી લે. તુંને તું ત્યાં રેહશે તેટલાં અલબત આગેવાન સોસાયટીમાં ભેલાવું પડશે, વાસ્તે પૈસાની કશી વાણ ના કરતો."

સારાંશ, સઘળી જરૂરજોગી તૈયારીઓ થઇ રેહવા કેડે તેઓ ૧ લી મેની ચલકતી સહવારે રેનવૉલ્ડ જવા ઉપડી ગયા. લીઓ એ આગમચ વરનર ને તેની મોહોરદારને મલી આવ્યો હતો, ને ચાર છ મહીનાની એ જુદાઇ માટે તેઓએ તેને ઘણાં હેતથી મલીને વિદાય કરયો હતો એમ કહ્યા વના ચાલશે.

તેઓને રેનવૉલ્ડની લાયબ્રેરીમાં બેસાડવામાં આવ્યા, અને લીઓ આ દબદબાભરેલા મેહેલનો ઠાઠમાઠ જોઇને ભમીત થઇ ગયો. તે આરાસ્તા દીવાનખાના, તે દમામદાર ઓરડાઓ, તે રોણકદાર રાચરચીલું દોઇ બી નવાં જોનારને ચકીત ને છક કરી મેલે તેવુંજ હતું.

હવે જરા વારે બારણું ઉઘડયું, ને લોર્ડ ફીલીપ ઓરડામાં આવ્યો.

અને એ રીતે તેઓ બંને મળ્યા—ફીલીપ અને લીઓ! વરસો ગુજરી જવા પછી સરજતના મારેલા એ પ્રમાણે તેઓ રૂબરૂ પાછા મળવા પામ્યા—તે ઉમરાવ કે જે પોતાના આ લાચાર હરીફ માટે અદેખો પડયો હતો, અને તે હરીફ પોને કે જે તે ઉમરાવના એક આપખુદ જુલ્માતનો શિકાર થઈ સેહેંકડોબંધ હાડમારીઓમાંથી પસાર થવા પામ્યો હતો! તે વખતે (આગલ) એ ઉમરાવ એ ચેહરો જોઇ કમકમતો હતો, મગર આજે તેજ ચેહરાને તે આદરમાન સાથ નમ્યો.

ફીલીપે સીન્યોર વારીનીને ઘણી મમતાથી શેકહેંડ કરી, કે જે પછી તેણે (વારીનીએ) પોતાના ગોઠયાને રજુ કરયો અને ઓલખાવ્યો. અલબત, વારીનીએ તો એ જવાંનને તેનાં છેલ્લાં ધારણ કરેલાં નામ ચારલ્સ બ્રે તરીકેજ ઓલખાવ્યો.

આં ખુલાસાની જરૂર છે. વાંચનારે યાદ કરવાનું છે કે લીઓનું ખરૂં નામ "લીઓ" કાંઈ લોર્ડ લીસ્ટરે મરનાર સુસન કે સ્ટોનને કહ્યું ન હતું, ને તેથી તે બાળકનાં નામની બેખબરીમાં ચારલસ સ્ટોને તે બચ્ચાંને પોતાનુંજ નામ (ચારલ્સ) એનાયત કર્યું હતું, જેથી લીઓ તે પછી એજ નામે ઓળખાતો હતો. ત્યાર પછી સુસને જયારે બીજું ઘર કરયું ત્યારે લુચ્ચા બ્રેની સમજાવત મુજબ લીઓને સ્ટોનની અટક તરક કરી બ્રેની અટક ધારણ કરવાને સુસને સમજાવી લીધો હતો, અને તે મુજબ તે પછીથી તે હરહંમેશ ચારલ્સ બ્રેનાંજ નામે વરનર ને વારીનીનાં કુટુંબમાં જણાયલો હ ા.

એ એક કમભાગ્ય કે નસીબવાન (જે કહો તે) સંજોગ માત્ર હતો, કેમકે જો ચારલસ સ્ટોનનાં અસલ નામે રજુ થાત તો લોર્ડ ફીલીપ કાંઇક બી ચમકતે ને શંકાશીલ થતે, ને તેહકીકમાં તે જો લીઓને ઓલખતે તો વળી આ વારતાનું વલું કોઇ નવીજ ઢપપર ફરી જતે; પણ હાલ તો તેમ કશું થયું નહીં. સીન્યોર વારીનીએ તે જવાંનને મી૦ ચારલ્સ બ્રેનાં નામથીજ ઓળખાવ્યો, ને તે ઉમરાવ તેના જવાબમાં જવાંન "ચારલ્સ"ને દમામથી નમ્યો.

એ પછી વારીનીએ તેને પોતા જોડે લાવવાની મકસદ કહી સંભળાવી, ને લોર્ડ લીસ્ટર હસ્યો. "તમે હજી ઘણા છોકરવન છેઓ,

મી૦ બે," તેણે કહ્યું, "અને તેથી મારી પીકચર ગેલરીનો જોખમ તમોને સપુર્દ કરતાં મને ઘણું બીહીવું તો જોઇએ, પણ મને સીન્યોર વારીની માટે એટલું બધું માન છે કે તેવણ જ્યારે તમારી આટલી બધી સીફારસ કરે છે ત્યારે તે ખોટી હોયજ નહીં એવી ખાત્રીથી હું તમને ઘણી ખુશી સાથે મારે ત્યાં આવકાર આપું છું."

"હું તમારો ઘણો મોટો ઉપકારી છેઉં, મારા લોર્ડ," લીઓએ નમીને કહ્યું.

અને પછી જો લોર્ડ લીસ્ટરનાં મનમાં તેને પોતાનાં કામ સારૂ રોકવા માટે હજી કશી બી શંકા અને આનાકાની રહી હોય તો તે જ્યારે વારીનીએ તેને લીઓનાં નાદર કામના થોડાક બેમુલા નમુનાઓ રજુ કરીને બતાવ્યા ત્યારે એકદમ એક ઝપાટે દુર થઇ ગઇ, ને તે અત્યંત રાજી થયલો જણાયો. એવું કીસબી કામ એવા એક બાળક છોકરાની પીછીનું પરીણામ થઇ શકે એવું જાણે તે પહેલી હરોલમાં તો માની બી નહીંજ શકયો.

"હું તમો નામદારની રજાથી મી૦ બે સાથે એકાદ દિવસ રેનવૉલ્ડમાં રેહવશ, ને એવણનાં કામને રસ્તે ઉતારીને પછી રૂખસદ લેવશ," વારીનીએ કહ્યું.

"ઘણીજ મોટી ખુશીની સાથે," તે ઉમરાવે જવાબ દીધો. "હું તમો સાહેબોના ઉતારા માટે દરેક કાલજીથી ગોઠવણ કરશ, ને તમો બેઉ જ્યાં સુધી અહીં રેહો ત્યાં સુધી આએ ગરીબ મકાનને તમારૂં પોતાનુંજ જાણશો એવી હું ઉમેદ રાખશ. લેડી લીસ્ટર બી ઘણાંજ માયાલુ ખવાસનાં છે, ને તેવણ પોતે તમારી સગવડો પર ધ્યાન આપશે."—અને વળી હસીને વધારયું—"જવાંન મી૦ બેને તો અહીં લાંબો વખત થોબવાનું છે તેથી લેડી લીસ્ટરના એવણ ઘણા ગુડ ફ્રેંડ થઇ જશે એવી મને ખાત્રી છે."—અને લીઓ અદબથી નમ્યો.

પ્રકરણ ૧૩ મું.

વીસ વરસનો એક લંબાણ અંતર ઘણાંક લોકોના ચેહરા ને રંગરૂપમાં ઘણોક ફેરફાર કરી શકે છે, પણ તાજુબીની વાત એ હતી કે લેડી લીસ્ટરના મોહક મુખડામાં એ વરસોના વધારાએ જાંણવાજોગ

ફેરફાર કશોજ કરયો ન હતો. તે હવે ચાલીસ વરસની ભરતીમાં આવેલી, પુસ્કળ શોકાતુર અદાની એક દમામદાર બાનુ બની હતી, અને તો-બી જાણે જવાંનીનું જોબન તેને છોડી જવા માંગતુંજ ન હોયની તેમ તે હજી ફકત પચીસ વરસની એક નૌજુવાંન નાજનીન દેખાતી હતી! તેના ભરાવદાર બાળમાં એક બી બાળે હજી સુફેદી પકડી ન હતી; તેની આંખનું તેજ અસલ તોરમાંજ હજી પ્રકાશી રહ્યું હતું, અને તે કદમાં સાંમી વધારે ઉંચી, દેખાવલી ને દમામદાર થઇ હતી.

તે જાંણે જીંદગીથી ધરાઇ ગયલી એ વીસ વરસનાં દરમ્યાંનમાં જીવતી હતી. તેણીએ જયારે જોયું કે તેના વ્હાલા લીઓને આએ જીંદગીમાં પાછી મલવાનું કેવળ અશકય હતું ત્યારે તે લાઇલાજ લા-ચારીથી પોતાનાં એ દુ:ખને આધીન થઇ વગર ઉલટની એક શાંતતામાં જીવતી હતી. એ સઘળું લોર્ડ લીસ્ટર જોતો હતો પણ વરસોના સહવાસથી તેને બી ગોયા એ તેણીની વર્તણુકની તઓેહ થઇ ગઇ હતી, ને તેથી તે વધતો ઓછો તે વાત માટે બેપરવાહ બન્યો હતો.

તે મેહેલનો વારસ આબાદી સાથે ઉધરતો હતો. તે માતાની આંખની તાઢક ને તેના ઉમરાવ પીતાની સર્વોતમ મોજ હતો. ગ્લેડી-ઝનો તેનાપર ઘણોજ પ્યાર હતો, પણ તે અલબત ઝાઝી ઉલટ વગર-નો હતો. જાંણે તેના લીઓની જુદાઇએ તેનાં જીગરને લકવાની બેમારીથી બેતાકાત બનાવી મેલ્યું હતું. એથી બદતર દુખ, એથી જયાદા જખમ તેને કોઇ થઇજ નહીં શકે એવો તેનો હાલ હતો.

પેલી મીસ મોરટીમર બી હવે મોટી થઇ હતી, ને ગ્લેડીઝ તેના પર પણ એક માનોજ પ્યાર રાખતી હતી. તે મહેલનો વારસ તો પુખ્ત કેળવણી સારૂ હાલમાં ઓકસફરડની પાઠશાળામાં રહેલો હતો.

ગ્લેડીઝ કશાંમાં કશી બી મજાહ લેતીજ ન હતી. તેણીએ તે ફ્રીસબી ચીતારાઓ મેહલમાં મેહમાન હોવાની વાત સાંભળી હતી, પણ તે હજી તેમને મલી ન હતી. લોર્ડ લીસ્ટરે તેમને પોતાની જોડે ટેબલપર નોતરયા હતા, પણ વારીનીએ તે વાતની માંફ માંગી ના કહી હતી, જેથી વારીની ગયો ત્યાં સુધી ગ્લેડીઝ એ પહરોણાઓને જોવા પાંમીજ ન હતી.

બીઓ ઘણુંકરીને પીકચર ગેલરીમાં પોતાનાં કામ પરજ મહેલો

રહેતો. તેણે એક મોટું પીકચર નવી મરામતથી પાછું આરાસ્તા ને તૈયાર કરયું હતું, ને તેની કારીગીરી જોઇને લોર્ડ હીસ્ટર છેકજ છક થઇ ગયો.

"ગ્લેડીઝ," તેણે તે પછી પોતાની મોહરદારને મળતાં કહ્યું, "તું જરૂર પીકચર ગેલરીમાં એક ફેરો જજે. વારીનીએ જે છોકરાને આપણું કામ સોંપાવ્યુંછ તેની કારીગીરી જોવાજોગ છે."

આ પાધરાં ઇજનનો તે અનાદર કરી શકી નહીં, ને તેથી બપોરે જમવા પછી તરત તે ડ્રેસ બદલીને ગેલરીમાં ગઇ.

લીઓએ તે એક "પીકચર" તરફ પોતાનાં કામ વચ્ચેથી ચોંકીને માથું ઉંચકી જોયું, અને આહા! તે અદબથી હાથમાં પીછી સાથ ખંચાઇને ઉભો. આવી મોહક સુંદરતા તેણે આગળ કોઇ જોઇ નહીં હતી. એક માતુશ્રી જેવા મેહેરબાંન ને મીઠા ચેહરાની આ ચહરેનમુન બાંનુને રૂબરૂ જોતાં તે એક ખ્વાબ જોતો હોય તેવીજ તેની દશા થઇ ગઇ. તે ઉંચો સીધો, પતલો, આકાર શુદ્ધ સફેદ પોશાકમાં સજ્જ થયલો, બેમુલાં જરયાંણોના ઝમકાતમાં બેવડો દીપતો તે અબળાને આ ધરતીની રહીશ કરતાં પેલી દુન્યાનો ફીરેસ્તો—એક આકાશી હુરી વધારે સિદ્ધ કરતો હતો!

લીઓ જાણે બેફામ બની ગયો. તેને એકજ ઝટકે ભાસ થયો કે જે મીઠો મોહબતવંતો ચેહરો તેની આખી જીંદગી દરમ્યાન તેને સંતાપતો રહયો હતો, ને જે પુજ્ય પવિત્ર માનીતાં દર્શન તે કૅનવાસ પર હુબહુ ઉતારી લેવા આજવેર પોતાના પરીશ્રમમાં ઠગાતો રહ્યો હતો તે આજ હતો!

આહા, નિર્દોશ બેખબરીની તે એક રૂબરૂ મીલાકાત! અઢાર વરસના જુલ્માતભર્યાં હાંદેસાઓના એક જુલમગાર અરસા પછી તે રૂબરૂ એકઠાં થયલાં માદીકરાની અરસપરસની પ્રમાણીક લાગણીઓ ને સ્વભાવિક જુસ્સાઓનું ખરૂં બ્યાંન કરી શકવા આ કમતાકાત કલમ નાસબર બને છે.

લીઓએ જોયું કે તે અબળા પોતે બી તેને જોઇ ચમકી, ને અંદર આવતી કાંઇક ખંચાઇ. તેના ખુશનુમા મુખડામાં એક અતી ખુશકારક ફેરફાર ને ઉલટમંદ રતાસ ધસી આવ્યો. શું તેઓ એકમેકને ઓળખી શકયાં?

નહીંજ. તે મા દીકરાને તેમની જીંદગીભર સગાઇ ને સ્નેહનો તો સ્વપ્નો બી ન હતો, પણ પ્રેમાલ લાગણીઓ જે અરસપરસનાં સ્વભાવિક હેતનું એક પાધરૂં પરીણામ માત્ર હતું તેની અસરો હેઠલ તેઓ હાલમાં એકમેકને મળ્યાં.

ગ્લેડીઝ ધીમે કદમે અંદર આગલ વધી. તે એ ફાસબી કારીગરનાં કામપર જોવાને બદલે તે કારીગરની પોતાનીપરથી પોતાની આંખ ઉઠાવી શકતી ન હતી !

એક જુસ્સાને આધીન તે માનવંત બાંનુએ તે ચીતારાને શેકહેંડમાં પોતાનો હાથ આપ્યો, ને તે એકજ સ્પર્શ તે બેઉનાં બદનમાં વિજળી પેદા કરતો હતો, કે જેનો ખરો ભાવાર્થ તે બે માંહેલાં એક બી સહમજી શકતાં ન હતાં.

"મી૦ બે, લોર્ડ લીસ્ટર તમારા હુન્નરની ઘણીજ તારીફ કરેછ," તે માતાએ લાગણીઓથી ધ્રુજતા અવાજે ધીમે સાદે કહ્યું.

"મારા લોર્ડની મારાપર ઘણી મેહરબાંની છે, બાંનુ," લીઓએ નમીને જવાબ કરયો.

"હું તમારૂં પીકચર જોવા આવીછ," ગ્લેડીઝે કહ્યું, "અને તેજ તકે હું પુછવા માંગુછ કે તમોને અત્રે બધી રીતની સગવડ તો છે ? કંઇ કોઇ રીતની અડચણ કે અગવડ તો નથી ?"

"જરા બી નહીં, બાંનુ," લીઓએ કહયું. "તમો મેહરબાંનોની મેહરબાનીથી હું અત્રે પુરતો સુખી છેઉં."

એ પછી ગ્લેડીઝે પેલું તૈયાર થયલું પીકચર જોયું, ને તે જાબજા વખાણ્યું. તે કાંઈ એ હોનરમાં ઘણું સહમજવાવાલી ન હતી, તોબી તેને લીઓનું કામ હદ વનાનું ગમ્યું, ને તેણીએ તે ખરા ભાવથી વખાણ્યું.

હવે ત્યાં તે પછી વિશેશ થોબવા જેવું કશું ન હતું, પણ તોબી તે અબળા થોબી—જાંણે તેને ત્યાંથી જવાજ નહીં ગમતુ હોય ! તે એક માવીતરની માયાનો મહીમા હતો !

તે તરેહવાર બીજી ત્રીજી બાબદો પર વાત કરતી ને વાત કરાવતી ત્યાં થોબી ગઇ. તેને વાત કરતો સાંભળવો એ બી તેને એક મોજ જેવું લાગતું હતું, જોકે એમ થવાનો સબબ તે પોતે પોતાને બી

સહમજાવી શકવા કેવળ અશક્ત હતી. વરસો તક નહીં થયલી એટલી બધી તે આ "છોકરા" જોડેની પહેલીજ મીલાકાતમાં ખુશાલ અને ઉલટમંદ થઇ ગઇ.

અને લીઓ ? તે ઓછો ખુશાલ કે ઓછો ઉલટમંદ ન હતો. તે તો આ મોહક મુખડા પર જાણે એકાગ્ર ચિતે જોઇજ રહ્યો હતો !

"તમે મારાં મોઢાંપર એટલું શું ટીકોછ, મી૦ બ્રે ?" તે માતાએ નિર્દોશ અજાયબીથી હસીને પુછ્યું.

બ્રે લજવાઇ ગયો. "તમો મારાં માતુશ્રી જેવાં છો," તેણે કહ્યું. "હું તમોને ટીકીને જોઉંછ તેનો સબબ હું તમોને કેહવશ તો તમે મારી મજાક કરશો."

"એટલું બધું ?" ગ્લેડીઝે ગમત પામી કહ્યું. "કેહો મને, હું મજાક નહીં કરશ; મને સાંભળવા ગમેછ."

તે તાબે થયો. તેને કહ્યા વના ચાલ્યુંજ નહીં. ફકત પા કલાકનીજ પીછાણ તેમની હતી તે દરમ્યાંનમાં લીઓ જાંણે સાચાં વ્હાલથી તે માતાનો ગોલામ બની ગયો હતો !

"એ એક મારો સ્વપ્નો કે ખ્યાલ હોશે, બાંનુ," તેણે ખુલાસો કરયો, "મગર એક અબળાના ચેહરાની યાદ મને મારી ફુરસદની દરેક ઘડીમાં મારી આખી જીંદગી તુલક સંતાપતી રહી છે. હું તે પાક ચેહરાનું બ્યાંન કરી શકતો નથી, પણ તે એવા મીઠા, એવા મોહબતવંતા, એવા ફીરેસ્તાઇ અને એવા માયાળુ એક ચેહરાની યાદ છે કે જાણે જેનો મુકાબલો મેં તે પછી આજ તક કદી જોયો કે જાંણ્યોજ ન હતો. મેં તે ઘણી વાર કેનવાસપર ઉતારવા ચાહ્યું, પણ હું કદી તેને મારી યાદદાસ્તથી સંપુર્ણ ઇનસાફ આપવામાં ફત્તેહમંદ થયો નથી. સ્વપ્નામાં તે મીઠો ચેહરો હું અવારનવાર જોઉંછ, ને તેથી જાંણે મારાં મગજમાં તેનો એક ફીક્કો છાપ પડી રહયોછ."

"પછી ?" ગ્લેડીઝે વાતમાં ઘણો ઉમંગ લઇ પુછ્યું.

"ગુસ્સો ના કરતાં, બાંનુ, મગર તે ચેહરો મને માનવાને લાલચ થાએછ કે જાંણે તમારોજ હોય !"

"મારો ?"

"હા, લેડી લીસ્ટર," તે છોકરાએ કહ્યું; "તેથીજ તમો બાઇ સાહેબને જોતાં સાથે હું દંગ થયો."

"ને તેજ મારો હાલ છે," ગ્લેડીઝે તેટલીજ તાજુબીથી હસીને કહ્યું. "મેં બી તમારો ચહેરો જાંણે આગલ કેઠે જોયલો હોય તેમજ કાંઇ મને લાગ્યા કરે છે, પણ મારી ખાત્રી છે કે હું સીન્યોર વારીનીને પોતાને નથી ઓલખતી તો તમોને તો મેં કદી બી આગળ જોયલા નહીંજ હોવા જોઇએ ?"

એટલામાં એક આદમી લીઓનું ખાનું તૈયાર હોવાની ખબર કરવા આવ્યો. "એ નહીં ચાલશે," તે નોકરના ગયા પછી તે ઉપરથી ગ્લેડીઝે કહ્યું; "તમે અમારી સાથે ટેબલ પર કેમ નથી આવતા ?"

"મને શરમ લાગેછ, બાંનુ," લીઓએ ઓજરખ્વાહીથી કહ્યું. "તમો જેવાં મોટાં આસામીઓ જોડે જમવાનો મને જરા બી અભ્યાસ થયો નથી."

"તેનો શું મુજાકો છે ?" લેડી લીસ્ટરે તકરાર કરી. "ખુદાને બાર ગરીબ ને ગદા એકજ છે. કાલથી મેહરબાંની કરીને "બૅલ" થતાં અમારી સાથે જમવા તમોને ટેબલ પર આવવુંજ પડશે."

"હું તાબે છું, લેડી," તે જવાંન ચીતારાએ કહ્યું,—અને ત્યારે ગ્લેડીઝ જાંણે આ એક સુખકારક મીલાકાતથી ઘણીજ રાજી થયલી હોય તેવા દેખાવથી (લીઓને જમવા જવા બને માટે) કાંઇક આનાકાની સાથે ત્યાંથી પોતાના રૂમમાં ગઇ.

પ્રકરણ ૧૪ મું.

તે મા દીકરા બંને તાજુબ થતાં રહ્યાં. બંનેને તે એકમેકનો ચેહરો આગલ જોયલો હોવાનો ખટકો થયાજ કીધો. એ ઘણી તાજુબીની વાત હતી કે અરસપરસ મલતાં સાથે તેઓનું ચિત ચોરાઇ ગયું, ને તેઓ એકમેકનોજ એકલાં પડતાં વિચાર કરયા કરતાં હતાં.

લેડી લીસ્ટરને તો જાંણે તે છોકરા સાથે વાત કરયા કરવાની મોજ જેવી બીજી એકે મોજ હતીજ નહીં. તેનો અવાજ ને હસક જાંણે તેણીની દુખી જીંદગીનું સઘળું જાલમ દુઃખ ભુલાવી

હતો. તે વાતચીતમાં જઇ જઇને લીઓને રોકી રાખતી, ને તેના ઉદ્યમમાં તે તેનો ઘણો વખત ખરાબ કરતી તેનું બી તેને ભાંનુ રેહતું કે થતું નહીં.

"એ અબળાના ચેહરાની યાદને લગતી તમે જે વાત કહી તે ઉપરાંત બીજી બી કોઇ કોઇ યાદો તમોને છે કે ?" તેણીએ એક દિવસ વાત પરથી વાત નિકળતાં સહેજ પાછું પુછ્યું.

"હા બાંનુ; મને મોટાં ઝાડો ને એક નદી કે દરયાની બી યાદ છે," લીઓએ કહ્યું. "તે બધું મેં મારી છેકજ બચગીમાં જોયલું હોશે, પણ તેની બી એક ફીકી યાદ જાંણે તે ચેહરાની યાદની લગોલગ મારાં મગજમાં છપાઇ રહેલી છે."

ગ્લેડીસે ઘણી આતુરતાથી તે જવાંન ચીતારા ભણી જોયું.

"બચગીમાં તમો કાંહાં રેહતા હતા તેની કાંઇ તમને યાદ છે?"

"નહીં જી; હું સહમજનો થયો ત્યારે સ્કેલટનમાં રેહતો હતો તેથી જયાદા હું કાંઇજ યાદ કરી શકતો નથી," લીઓએ ગમખારીથી કહ્યું.

"ને તમારાં માએ બાપ?"

"જેમ ઠગારા મી० ક્ષેને મારો બાપ જાહેર કરવાની મને ફરજ પડી હતી તેમજ મરનાર મીસીસ ક્ષેને હું "માતા" જાંણુતો હતો," લીઓએ સહમજાવ્યું, "પણ મારાં ખરાં જીગરથી હું તો માનુંછ કે તે મારી સગી ને ખરી માતા હતીજ નહીં."

"સબબ?"

"સબબ કે મને તેનાપર એક માએનું હેત કદી બી આવ્યુંજ નથી," લીઓએ ખુલાસો કર્યો. "તે મારા પર ઘણી માયાળુ ને મેહેરબાંન હતી, અને હું તેની પર મારા હેસાંનોના સબબથી તેટલોજ નમાનો અને તાબેદાર હતો; પણ અમો વચ્ચે મા દીકરાનું નાતું હોય એ તો હું માનતોજ નથી. હું તો ધારૂંછ જે મારી સગી માએ કે જેનાં પરીસુરત હોસાનનો અને એક ખરી માયનીજ મોહબતનો મારાં મગજમાં છાપ પડી રહયોછ તે તો બિચારી બેહેરતમુકામ પાંમીછ, ને તેથીજ પછીથી હું પરાયે આશરે ઉધરયો હોવશ."

"ઘણુંજ અજબજેવું."

"ઘણુંજ; હું ભુલીજ નથી જઇ શકતો," લીઓએ લાગણીઓ ને ઉશ્કેરણીથી જારી રાખ્યું, "હું ભુલીજ નથી જઇ શકતો કે એક એવા ઘણાજ મીઠા ચહેરાની અબળા મારાપર હેત કરતી હતી, વાંકી વલતી હતી, મને ખેલાવતી હસાવતી હતી, ને મારીપર રડતી હતી! શું કેહું, માતા," તેણે આંખોમાં આંસુ લાવી વધારયું, "જ્યારે હું સગાં માએ દીકરાને એકમેકપર મરી ફીટતાં ને હેત કરતાં જોઉંછ ત્યારે મારી આંખ આંસુઓથી ભરાઈ જાય છે. ખોદાએ મનેજ કેમ એ જીંદગીનાં મોટાં સુખથી સદાનો બેનસીબ રાખ્યો હોશે?"

ગ્લેડીઝ રડવા લાગી! તે "નબળાઇ" આ કોઇ કેવળ ત્રાહીત આગળ બતાવી દેતાં તેને પોતાને નવું ને નઓગ્ગું લાગ્યું, પણ એક માની જુદાઇનો આ લાયક જવાંનને ગમ કરતો જોઇ તેનાથી બી તેનાં આંસુઓ ખંચાઇ શકાયાં નહીં. ઓ, તેનો લીઓ, તેનો વ્હાલો બેટો, જે કદાચ આ જવાંનનેજ મલતા આવતા ચેહરાનો તે એજ કીસમની કમનસીબીમાં ઉછરયો હોશે, તે બી જો જીવતો હોય તો શું એજ કીસમની ફરીયાદની હાય ઉઠાવતો નહી હશે?

અને એ રીતે જાણે તે મા દીકરા વચ્ચે એટલા વારમાં તો અરસપરસ વિશ્વાસ આપ લે કરવા જોગ હદ સુધીની વાતચીતનો એખલાસ બરપા થઇ ચુકયો હતો. લીઓને "આ કોઇ દયાળુ ને કુલીન બાંનુ" ઉપર જાણે એક માતાનુંજ હેત આવતું હતું, ને ગ્લેડીઝને "આ કોઈ કમનસીબ જવાંન" માટે એક માવીતરનીજ મોહબત બરપા થતી હતી. જો અર્લ કેઠે લાંબે ટપે જતો તો તે ગ્લેડીઝને ગમતું, ને ત્યારે લીઓને બાગમાં તેડાવી એકાદ મોટાં ઝાડના શીતલ છાંયા હેઠળ તેઓ એમ કલાકના કલાક સુધી તાહેલાં કરતાં મોજથી બેસી રહેતાં. લીઓનું કામ એ રીતે પછાત પડી જતું તેનો બી જાણે તે બેમાંથી એકને બી કશો વસવસો કે અફસોસ થતો ન હતો.

લીઓએ પોતાની બધી વીટક વાત માંડી મેલીને તેણીને કહી હતી. તેના પોતાના પૈસાની એક થાપણ હતી તે ચંડાલ બ્રે ચાંપી જવા પછીથી તે બાપડો ટુકડા રોટલીને માટે બી કેવો તવળતો રહ્યો હતો, ને મોહલ્લે મોહલ્લે ઘરબાર વગરનો થઇ ભટકતો ભયો હતો તે

બધું તે જવાંને કહ્યું, ને તે સાંભળતાં "ખુદા જાણે કેમ" તે અબળાનું જીગર હદ વનાનું દર્દમંદ થયું.

હવે ત્યાં વ્હાલાં વાંચનાર ખ્યાલ કરી શકશે કે તે માદીકરાની અરસપરસની એ સ્વભાવિક દીલસોજી ને પવિત્ર માયાનો જુદોજ ને ભલતોજ નજીસ અર્થ ઉઠાડનાર ગ્લેડીઝનો એક શત્રુ જે તે છાપડાં હેઠલ હતો તે પેલો કમીનો ઑલબર્ટ હતો. તે આ રોજબરોજ વધતાં આવતાં વ્હાલનો મામલો ઘણી મોજથી તપાસ્તો રહ્યો હતો. તે છેલ્લાં વીસ વીસ વરસથી એવી કોઈ આરજુમાં તો એક ભુખ્યાં ગીદની અદાથી ટીંગાઇજ રહ્યો હતો. ગ્લેડીઝે પરણી આવી તેની ઉમેદોમાં ધુલ મેલી હતી, ને વળી એક વારસ બેટાનો જન્મ આપી તેનાં ઝેરનો પ્યાલો છળછળ ભરી આપ્યો હતો ત્યારથી તે કાંઇ ને કાંઇ એ કીસમનાં ખુણાંખાંચરાં તો ખોળતોજ રહયો હતો, પણ નિષ્કલંક ગ્લેડીઝની પવિત્ર અને સાધુસંતને બી શરમાવે એવી માનભરી વર્તણુકમાં તેને એવું કશુંજ મલી આવ્યું નહીં કે જેથી તે કાગનો વાઘ કરી અર્લનો વ્હાલો થાય, ને તે વરવહુને વીખુટાં કરી પોતાને થયલાં મોટાં નુકશાંનનું કાંઇ બી વેર વાલે. તે વીસ વીસ વરસો તુલક નાઉમેદીથી ઘવાયલો ફકત વાટ જોતોજ રહી ગયો હતો.

તેને તો પાણીચું બી મલતે. એક વારસ બેટાનો રેનવૉલ્ડ ખાતે બખ્તાવર જન્મ થવાથી હવે આ આઇતા પરવારતા "વારસ"ને અત્રેજ રેહવા એકે હક ન હતો; પણ ગ્લેડીઝે પોતેજ અર્લને સલ્લાહ આપી કે એ હવે ત્યાંજ છો રેહયો. એ વાત ઑલબર્ટ પોતે જાંણુતો હતો, તેમ છતાં હરાંમનો ખીચડો ખાનાર તે હેમક એ બધી માયા મેહરબાંનીને કૃતઘ્ન થઇ ઉપર કેહવા મુજબ અવેજ વાળી આપવાની ગણુત્રીઓમાંજ સદા જીવતો હતો.

ગ્લેડીઝે એક વાર આગલ અર્લના ખાનગી દસ્તાવેજો ખોળવાની પેલી વાત તે કાંઇ ભુલી ન ગયો હતો. તે ગ્લેડીઝના એક રીમાર્કથી પોતેજ વાંકમાં આવી જવાના ખ્યાલથી બીહીધો હતો ખરો, પણ તે બાંગર હતો માટે પુખ્ત વિચાર પછી તેને પાછી માનવાને લાલચ થઇ હતી કે તેમાં ગ્લેડીઝની મતલબ કાંઇ બી "ચોરી"ની હોવીજ જોઇએ. એમ છતાં એ વાતમાં કશું જોઇએ એટલું વજુદ હતુંજ નહીં, ને

તેથી એપાયે કામ લઇ સાંખો પોતાનો હુરયો કરાવા તે રાજી થઇ શકતો હતો નહીં. એટલામાટે તે વીસ વીસ વરસ તક પોતાની બિલાડીની આંખ જેવી આંખ્યો ખુલ્લી રાખી નિઘેહદારી કરતો રહયો હતો, પણ તેનો છેક અત્યાર સુધી વારો આવ્યો ન હતો.

અને હવે ? અને હવે તો તેને લાગ્યું કે સાબુત મુદ્દો તેના સપાટામાં આવ્યો હતો, ને ત્યારે તે ખુશાલીનો મારયો એકલો એકલો હસી બી દેતો. અર્લનાં બાહેર ગયા કેડે લેડી લીસ્ટર લગભગ સઘળો વખત તે પોરયાની કંપનીમાં ગુજારતી હતી—તેઓ ઢરાંપરાં કરતાં હતાં—બાગનાં એકાંતમાં કલાકના કલાકો સુધી એકલાં તાહેલાં કરતાં બેસી રેહતાં હતાં એ બધું કમલાની આંખે પીલું જોનાર કર-પીણાને તરેહવાર હવાઇ કિલ્લાઓ ઉઠાવાને મદદ થાય તેવુંજ હતું, ને તેથી પોતાનાં ગલીચ મનને પેશ પડતો અર્થ ઉઠાવી તે હવે આ સુખી ઘરમાં સંતાપનો સેહતાંન જગાડવા એકે પગે ઉલટમંદ થઇ રહયો હતો !

તેણે પોતાને માટે બધી આશા હજી મેલી દીધી ન હતી. જો ગ્લેડીઝનો કોઇ રીતે કાંટો કાઢી નાખવામાં આવે ને તે વરવહુનો વિયોગ થાય, ને બીજા હાથ પર કોઇ એતેફાક બીમારી કે અકસ્માતથી પેલો વારસ દુકતો વીલી જો મરણ પામે તો પછી તે પોતે ઘેર ઘડયો ને ઉંબર ચઢયો વારસ તો જાણે છેજ ! તેને એમજ લાગતું હતું કે આ નવો વારસ (નવો હરીફ) ઝાઝું જીવશે નહીં—જોકે તેમ માનવાનો સબબ એક બી ન હતો ! તે હેમકને એમ તો કદી ખ્યાલ થયોજ નહીં કે તે પોતે બી નાપાયદાર જીંદગીનો તેવોજ એક લાઇલાજ ગુલામ હતો, ને વાત કરતાં કોઇ દી તેનો પોતાનોજ વાવલો ઉડી જાય તે બી તેટલુંજ બનવા જોગ હતું ! પણ જો એ કીસમના દોજખીઓ એવી સઘળી ખરીજ ગણત્રીઓ કરી શકતા હોત તો વારતા લખનારા-ઓને નેકી બદીનાં જુદાં જુદાં પાત્રોનો ચીતાર આપવા બનતેજ કયાંથી ?

હવે કપટી ઑલબર્ટે ગ્લેડીઝની હીલચાલો ઉપર બારીકમાંબારીક તકેદારી રાખવા માંડી. વીસ વીસ વરસના જુલમાતભર્યા લાંબા અરસા દરમ્યાન પોતાનું વેર વાલવાનો એકે જોગ આજ તક તેને હાથ આવી શકયો નહોતો. સન્યાસ લીધેલા સાધુઓને બી શરમાવે તેવી પાકીજેહ શ્રદ્ધાથી તે સુંદરી સદા વરતતી રહી હતી, અને તે જોઇને

નાઉમેદીથી તેનું કાળજું બળી જલીને ખાખરાખ થઇ જતું હતું; અને ત્યારે હવે જે સાબુત ફટકો મારવાની આવી એક નાદર તક તેને મળી ગઇ તે છોડી આપવા કે ગુમાવી દેવા જેટલો તે હેમક નહીં હતો.

તેણે જોયું કે ગ્લેડીઝ આ કોઇ જવાંન જોડે જોઇએ તે કરતાં વધતી મળી ગઇ હતી—તે તેના ઉપર વહાલથી વીહલી પડતી હતી—નોકર માણસોને તેનું સુખ સગવડ સાચવવાની તાકીદ પર તાકીદો આપતી હતી—અલે નહીં હોએ ત્યારે બધો વખત તે પીક્ચર ગેલરીમાં ભરાઇ રહીને તે ખુબસુરત જવાંન જોડે ખુશાલ વાતચીત કરયા કરતી હતી—તે પોતાની શોકાતુર અદાઓ વટીક ભુલી જઇને ઉલટમંદ અને ખુશનુદ બનેલી દેખાતી હતી;—અને એ સઘળો નવાઇજેવો મામલો જોઇને તે લુચ્છો પોતાનાં મનને પુછતો અને પાછું પુછતો કે એ સઘળાનો ભાવાર્થ તે જે પોતે માની લેતો હતો તે સિવાએ બીજો થઇ શકેજ કેમ કરીને ?

બીજા હાથપર પેલી બાળક રોઝ મોરટીમર હવે ચાલુ ઉધરભાવમાં ઉછરીને એક સોહામણી જવાંન બાંનુ થઇ હતી એમ અત્રે યાદ આપ્યા વના ચાલશે. તેનો પણ બલી ગ્લેડીઝ પર અતી ઘણો પ્યાર હતો, અને તે પણ ગ્લેડીઝ સાથે, તેથી, અવારનવાર લીઓ જોડે ભેલાતી રહી હતી, કે જ્યારે તેને પણ તે વહાલો જવાંન ઘણો ગમી ગયો હતો. એ રીતે અવારનવાર તે ત્રણુની ટોલકી કામકાજથી ફારેગ થઇને દીલખુશ લાહેલાં ચલાવા બેસી જતી, કે જે કીસમના એક અવસરે એક દિવસે મીસ રોઝ અચણુચ બોલી ઉઠી, "જુવો, લેડી લીસ્ટર, તમોને શું મી૦ બ્રેનાં કપાલમાં તમારાં કપાલનો એક અજબ જેવો મુકાબલો દેખાતો નથી ? હું તો હંમેશ એ જોઇને મનથી એખલી એખલી તાજુબ થયા કરૂંછ."

લેડી લીસ્ટર એ સાંભળી એકદમ ગંભીર થઇ. તે માતાને લાગ્યું કે તે જવાંન છોકરીનું કેહવું ખરેખર ઘણી મોટી હદ સુધી ખરૂં હતું, અને એ મુકાબલાની વાતથી તેને તેના લીઓની યાદ થતાં તેનું દર્દમંદ દીલ પાછું હદ વનાનું ઉશ્કેરાયું !

"કપાલજ માત્ર નહીં પણ હું તો એવણુના આખા ચેહેરામાં બી તમારા ચેહરા સાથે એકમલતાપણું જોવુંછ," ગરબડખોરી મીસ

રોઝે ગોલા ગબડાવતી જવાનું જારી રાખ્યું; "જાણે તેજ બાલ, તેજ નાક, તેજ હોઠ! ખરૂં કહીએ તો જાણે એવણુ તમારા નાહના ભાઇ હોએની, લેડી લીસ્ટર, તેમજ દેખાએછ! તમોને શું લાગેછ?"

"મને બી એમ લાગેછ તો ખરૂં," ગ્લેડીઝે નરમાસથી કહ્યું; "તુ મારૂં ધ્યાન ખેંચેછ ત્યારે મને બી લાગેછ કે તારૂં અનુમાન ઘણી હદ સુધી ખરૂં છે."

"કેવું અજબજેવું, મી૦ ખે?" તે પટપટખોરી બકબકે પોતાનો પટપટારો જારી રાખ્યો, અને હસ્તાં હસ્તાં વધારયું, "લેડી લીસ્ટરના પોતાના દીકરા વીલી કરતાં બી તમે તો એ બાંનુને કંઇ અજબજેવી રીતે વધારે મલતા આવોછ!"—અને લેડી લીસ્ટર આ બોલોથી ચમકયા વના રહી નહીં. તેને ઘણુંજ તાજુબ લાગ્યું. આ અભિપ્રાય ઉચારવામાં આવ્યો ન હતો ત્યાં વેર લીઓ માટે એ મુકાબલાના સંબંધમાં તેનું એટલું બધું ધ્યાન કદી ખેંચાયું ન હતું.

"એકમલતા ચેહરાની મુશ્કેલીઓ તો રોજે અવલથી ચાલતી આવેછ," ત્યાં લીઓએ ખુશ મીજાજે હસીને જવાબ કરયો, અને વળી ગ્લેડીઝને ત્યારે બી લાગ્યું કે વાત તો ખરી.

એ રીતે લૉર્ડ લીસ્ટરના મેહેલમાં જવાંન લીઓ બેવડી આગમાં બલી મરતો હતો. તે મનોહર ગ્લેડીઝપર એક મોહબતવંતી માતાના સકર્મી પુત્રનાંજ વહાલથી મોહીત થયો; તેણીનું સૌંદર્ય, એક ઉમરાવ-જાદીને શોભાવનારી તેણીની અદાઓ, તેણીનો નમ્ર સ્વભાવ, અને અગતકરીને તેણીના તરફનાં તેનાં એક નહીં સહમજી શકાએ એવાં દીલનાં ખેંચાંણથી તે એ બાંનુ માટે મોહીત અને માહત થયો, અને જાણે એ તેનાં મનની મુંજવણુ હજી થોડી હોય તેમ રહ્તે રહ્તે મધુરી રોઝ મોરટીમર પણુ તેનું મન આકર્ષી રહી હતી!

તે જાણીબુજીને તે છોકરી સાથે પ્યારમાં પડયો એમ ન હતું. તેને તો એમ પ્યારમાં પડવાનો ખ્યાલ પણુ થયો ન હતો. તે તો ફકત ગ્લેડીઝ માટેનાં તેનાં માન અને ચાહમાં ગીરફતાર અને પોતાના હોનરને લગતા કામમાં મસગુલ મથ્યો રેહતો હતો, કે જયારે અચંબુચ એ બળવાન અસરકારક લાગણીઓએ તેનાં અત્યાર સુધીનાં બેઅસર જીગરપર છાપો મારયો.

ખરો પ્યાર એમજ બેમાલુમ આવે છે. તે શીખવેલો શીખાતો નથી, અને માંગેલો કે નોતરેલો આવતો નથી. એ એક પવિત્ર લાગણી તેની અસરમાં એટલી બુલંદ અને તેની અગતમાં એટલી અશો અને પ્રમાણીક હોયછે કે તેમાં દેખાદેખી ને ઉધારસુધારનું, મન મનાવા ને મન સમજાવવાનું કશું હોતુંજ નથી. ખચ્ચીત, એ પવિત્ર લાગણીની સીફારસમાં હજારો અને લખ્ખો વરસોથી બલકે રોજે અવલથીજ કવિઓએ ગાયું છે અને વીદ્વાનોએ લખ્યું છે, અને તોપણ તે થોડું અને ઓછુંજ છે—એવું એનું મહત્વ છે !

રોઝ જવાંન લીઓ કરતાં ત્રણ ચાર વરસ નાહની હતી, અને એ જોડી જાણે એકમેક માટે સરજાઇ હોએ—તે બંનેને ખુદાએ એકમેકને માટેજ જાણે નિર્માણ કરેલાં હોએ એવો તે એક દીલકસ દેખાવ હતો.

લીઓને રોઝની જલદીજ મોહીની લાગી. અત્યાર સુધી તે કોઇ એક બી એવી સુંદરીના સમાગમમાં આવ્યો નહીં હતો, કે જ્યારે આ એક પેહલીજ મધુરી હતી કે જેણે તેની તરફ ભલી લાગણીની દીલસોજી બતાવી હતી, અને જે તેના બદલામાં તેનું દીલ એ મીસાલે જીતી લઇ જઇ શકી હતી.

એજ દરમ્યાનમાં, વળી, નસીબસંજોગે લોર્ડ લીસ્ટર પારલમેંટની ચુંટણીનો વખત હોવાના સબબે અતી ઘણો રોકાએલો રેહવા લાગ્યો. એ જંજાલોને લીધે તે ઘણુંકરીને ઘેરની બાહરજ રેહતો, અને કોઇ કોઇ વખત તો લાગલાગત આખા બે ત્રણ દિવસની તેની ચાલુ ગેરહાજરી બી ગ્લેડીઝને લઇ ચલાવવી પડતી, ને એ સંજોગોમાં તે ત્રણેની દોસ્તી વધારે વધતી આવી. તે બંને અબળાઓ એકલી પડતાંજ લીઓને સોહોધતી જતી, અને તેના હાથમાંનું કામ જોરજુલમથી મુકાવીને તેઓ દીલખુશ તાહેલાં કરતાં બાગમાં કે એવાંજ કોઇ એકાંતમાં ઉતરી જતાં.

એ વખતે આલબર્ટને ઘણુંકરીને લૉર્ડ લીસ્ટર સાથેજ જવું પડતું હતું, અને તેથી તેનું પોતાનું તો પાકીને પલેહર થઇ જતું. તેને ઘરમાં રહીને ગ્લેડીઝની હીલચાલોપર છુપી દેખરેખ રાખવા અને મલી આવતા સઘળા પુરાવાઓ એકઠા કરવા ઘણું ગમતું હતું, પણ

લૉર્ડ લીસ્ટરને તેનાં કામમાં મદદ થવા તેના જેવા એકની ઘણી જરૂર જણાતી, જેથી તેનાં અનેક બાહણુંઓ હસી કાહડી તે ઉમરાવ પોતા જોડે પોતાના એ ઓસીઆલા સગાને ગોયા જોરજુલમથી તેડી જતો હતો.

તેણે ભડકો હજી કશો ફોડયો ન હતો. કાચે પાયે કામ લઇને સામો પોતાનોજ ફુરયો અને ફેસ્તો—ફજેતો કરાવે તે માંહેલો એ આલબર્ટ એક ન હતો. તે તો મજબુતમાંમજબુત મુદ્દા અને દાખલાદલીલો સાથેજ કામ લેવાવાલો કરપીણુ હતો. મુદ્દા જેવો જોઇએ તેવો સાબુત ન હતો તેટલાજમાટે તો લેડી લીસ્ટરે તેના ભરથારની લાયબ્રરીમાં તેના ખાનગી દસ્તાવેજો અને કરકાગલીઆં ચોરી-છુપીથી ખોળી મારયાં હતાં તે વાત અલંથી આજતક તેણે છુપાવી હતી; પણ એ સઘળા નાઘલા મોટા મુદ્દાઓ તે પોતાની ડાયરીમાં સંભાળથી ટપકાવ્યો જતો હતો, અને પ્રસંગ આવવે ખાનાખરાબી કરવા તે નાચીજ લુચ્છો છેકજ તાંપી રહયો હતો.

રોઝ ઘણી કેળવાએલી હતી. વળી ખુબસુરતીમાં બી તે એક્કી હતી. લાલ હોઠ અને સુંદર સફેદ હારબંધ સરખા દાંતોથી તે ચેહેરે-નમુન છોકરી ઘણી ખુશનુમા નજરે આવતી હતી. તે પોતે પણ ચિત્રકળાની શોકીન અને અભ્યાસી હતી, અને લીઓના નામીચા હોનરની, તેથી, પુષ્કળ કદર કરી જાણતી હતી.

તે એક દિવસ પોતાનું એક ચિત્ર લઇને લીઓ આગલ લૅસન લેવા આવી. તેને એક ચોક્કસ ઠેકાણે કાંઇક મુશ્કેલી પડતી હતી, જેનો તે ખુલાસો ચાહવા અને સમજ લેવા આવી હતી; અને લીઓએ તેના સુવાલા નરમ હાથોમાંથી તે પૅન લઇને ઘણી નરમાસ સાથે તેની ભુલ બતાવી આપી.

તે તેથી ઘણી રાજી થઇ. "તમે જો એમ મને રોજ એકેક લૅસન આપો તો હું કેવી જલદી હુશીઆર થઇ જાઉં, મી૦ બ્રે?" તેણીએ હસીને કહ્યું.

"તમોને લૅસન આપવા મને ખરેખર ઘણું ગમશે," લીઓએ ઉલટમંદ કહ્યું, અને ત્યારે તે ખુબસુરત છોકરીનો ચેહરો ઓશકના સબબે છેક જોવાજોગ હદ સુધી મનોહર બન્યો.

"તમારી પાસે લૅસન લેવા હું લેડી લીસ્ટરની રજા માંગી લેવસ," તેણીએ નીચી નજરે અને ધીમે સાહદે કહ્યું.

"અને લોર્ડ લીસ્ટરની!"

"તેવણુની રજા લેવાની એટલી જરૂર નથી, મી૦ બ્ર," તેણીએ કાંઇક હસીને હજી ઓશકાતાં શરમાતાં કહ્યું; "તેવણુ તો હમણાં આ "ઇલેકશન"ના સબબે એટલા બધા રોકાએલા રહેછ કે બીજી કોઇ બી વાતનો વિચાર કરવાની બી તેવણુને જાંણે ફુરસદજ નથી!"

સારાંશ, એ રીતે વાતો કરતાં તેઓ છેક એકેકની લગોલગ ઉભાં હતાં, અને એક બીજાંની આંખ્યોમાં તે દિવસે પેહલીજવાર તે બંને પ્યારાંઓએ અરસપરસ બરપા થએલો તે મોટો પ્યાર વાંચી લીધો.

"જો લેડી લીસ્ટર મને રજા આપશે તો હું તેવણુને એક ફીરેસ્તો જાણુશ," તે સુંદરીએ ધીમે સાહદે કહ્યું.

"અને તેવણુ એક ફીરેસ્તોજ છે," લીઓએ ગરમ દીલસોજીથી ઉશ્કેરાઇને કહ્યું.

હયાં તેઓ એકાદ પલ ચુપકીદીમાં ઉભાં, અને પછી રોઝે કહ્યું, "ઓ મી૦ બ્ર, અમોને તમારી કંપનીનો એટલો બધો સહવાસ પડયોછ કે તમારૂં કામ અહીં પુરૂં થશે અને તમો પાછા સીધારશો ત્યારે અમોને ગમશેજ કેમ!"—અને લીઓને તરત લાગ્યું કે વાત તો ખરી! તે તો ભુલીજ ગયો હતો કે તે અતરે એક કામદાર હતો, અને ફક્ત કામના સબબે લોર્ડ લીસ્ટરનો પહરાણો થઇને રહેલો હતો. એ વાત તો તેનાં લક્ષમાંથી સદંતર નિકળીજ ગઇ હતી, અને જાણે તે એજ કુટુંબનો હોએ, અને સદાકાળ એ મોટા મેહેલમાંજ ઉઘરવાને સરજાયો હોએ તેમ તે એ બે બાનુઓ જોડે હળી જઇને હાલમાં ત્યાં રહેલો હતો.

"મને જલદીજ અતરેથી ઉઠાંગરી કરીને જવું પડશે એ વાત તો જાણે હું ભુલીજ ગયો," તેણે તે પછી હસીને કહ્યું. "ખચ્ચીત, મને બી અહીંથી તમો મેહેરબાનોને મુકીને જવા ગમવાનું નથી. એ તો એક ઘણાં દુખની યાદ થઇ! હવે આખો દહાડો મને ગમવાનું નથી."

"મને બી નહી," રોઝે કહ્યું. "તમે અહીંજ જાણુકના રેહતા

હોતે તો કેવું મજાહનું ? બીચારાં લેડી લીસ્ટરને બી કેવું ગમે ? તમો માનસો નહીં, મી૦ બ્રે, પણ તમે આયાછ તે પછી એવણુ એટલાં બધાં ઉલટમંદ અને ખુશાલ બન્યાંછ કે હું તો રોજ તે વાસ્તે મારાં મનથી અજબ થયા કરૂંછ."

"આગલ એવાં નહીં હતાં ?"

"જરા બી નહીં," રોઝે જવાબ કરયો; "આગલ તો બિચારાંને જાણે કાંઇ છુપ્યો ગમ હોએ તેમ ઘણુંજ ઉદાસ અને બેચેન રેહતાંતાં. એ તો તમારા અત્રે આવ્યા પછીજ એવણુનામાં એ જાંણુવાજોગ ફેરફાર થયોછ."

"હું એ સાંભળીને ઘણો ખુશી છેઉં," લીઓએ હેસાંનથી કહ્યું. "એ બાંનુ સગાં માએ જેવાં મેહરબાન છે, ને એવણુને મારી કમીની હાજરીથી જો હું એક બી તાજગી આપી શકયો હોવશ તો મને તે જાંણીને ઘણું સુખ થશે."

"અને પાછા જશો ત્યારે ?"

"મને અત્રેથી જવાને હજી ચાર છ મહીના જોઇએ," તે જવાંને થોડોક વિચાર કરી લઇ પાછો ઉલટમંદ બનતાં કહ્યું, "અને ત્યારે અત્યારથી તે માટે બલાપો કરીને નાઉમેદ થવાને શું કારણુ છે ? ખુદા જેવો દાતાર છે. પછીની વાત પછી થઇ રહેશે. હું જો જલ્દીમાં-જલ્દી મારૂં આએ કામ આટોપી લઇ પુરૂં કરી શકું તોબી મને બીજા ચાર મહીના જોઇએ, કેમજે હું નથી ધારતો કે આવાં બેમુલાં ને નાદર ચિત્રોનું કલેકશન બીજા કોઇ બી ઉમરાવના મેહેલમાં આએ તરફ હોય ! હવે ત્યારે મારી આગલ લૅસન લેવા તમો આજે લેડી લીસ્ટર પાસે રજા માંગી લેશો ?"

"હા."

અને તેણીએ તેજ દિવસે ગ્રેડીઝ આગલ પોતાની તે માનીતી અરજી રજુ કરી. "તમારી રજા હોય, માયજી, તો હું મી૦ બ્રે પાસે રોજ એકેક લૅસન લેઉં ?" તેણીએ પુછ્યું.

"મને કશીજ અડચણુ નથી, રોઝ, જો મી૦ બ્રેને પોતાને એ માટે કશી અડચણુ નહીં હોય તો," લેડી લીસ્ટરે માયાથી જવાબ કરયો.

"તેવણુને કશીજ અડચણુ નથીજી," તે છોકરીએ કહ્યું. "તે વિષે તેવણે પોતેજ મને ખાત્રી આપેલી છે."

અને એ રીતે તે બે પ્યારાંઓનું કીસમત ગોખા સીલ થઇ ગયું! લીઓ તે માહાબુબને શીખવવા હેતથી ઉલટમંદ થતો, ને એવા એક કીસબી શીક્ષક હસ્તક તે ચંચલ નજરની ઉલટમંદ શિષ્ય તારીફ-લાયક ખંત અને ઝડપથી પોતાનો અભ્યાસ વધારતી ચાલી. લીઓ પોતાની ફુરસદના વખતે ખુદરતનો એકાદ નાદર નકસ કેનવાસ પર ઉતારવાનું તેણીને બતાવતો બાગનાં એકાંતમાં કલાકો સુધી રોકાઇ રેહતો, કે જ્યારે લેડી લીસ્ટર પોતે એ "પીકચર" મોજથી બાલતી બાજુમાં એકાદ ફર્ન હેડલના બાંક ઉપર સુતીસુતી વાંચ્યા કરતી હતી.

તેને એ બે વ્હાલાંઓ વચ્ચે બરપા થયલાં હેતનો કશો એ સ્વપ્નો થયો નહીં. તે બંને જવાંનો એકમેકને ચાહતાં શીખે એવી ફકર તો તે બાંનુને કશી થઇજ નહીં, કેમકે તે પોતે એ કીસમના અભ્યાસમાં પ્રવિણ ન હતી. પેહલી નજરના પ્યારમાં તે માનવાવાલી ન હતી, અથવા એવા એક પ્યારની હસતી વકીક તે જાંણુતી ન હતી. આપણે જોયું કે તે મજુર વર્ગના રીચર્ડ હાર્ટલેન્ડને છેક બાળ ઉંમરે પરણી તે કાંઇ બી પ્યારનું પરીણામ હતુંજ નહીં, અને પછીથી લોર્ડ લીસ્ટરને ચાહતાં શીખતાં બી તેને ખરેખર ઘણો વીલંબ થયો હતો.

પ્રકરણ ૧૫ મું.

એમ તેઓ ચિત્રકામ કરતાં બેસતાં, અને એક દિવસ એવી એક સીટીંગ દરમ્યાંન રોઝે હસીને પુછ્યું, "મી૦ બે, છોકરીઓને ફુલોનાં નામ આપવામાં આવેછ તે તમને ગમેછ વારૂં?"

"ઘણુંજ ગમેછ," લીઓએ હેતથી કહ્યું. "રોઝ, વાયોલેટ, લીલી એવાં ખુશનુમા નામ કોણુને નહીં ગમે?"—અને રોઝ એ તેનો એકરાર સાંભળતાં દીલખુશ તબ્યતથી ઠેઠ માથાંનાં તાલક સુધી લાલ થઇ ગઇ તે જોતાં રમુજ પામી તેણે વધારયું, "જેમ સઘળી એવાં ખુશનુમા પુષ્પોથી શોભા અને ઇનસાફ પાંમે છે તેમજ આદમ-જાતને શોભાવનાર એવી સુંદર અબળાઓ છે એવું મારૂં પ્રમાણીક મત છે."

રોઝ એ અનુમાન સાંભળતાં ખડખડાત હસી પડી, અને, ટુંકમાં, એ રીતે તેમની દોસ્તી અને અરસપરસની હેત-પ્રીતભરી વર્તણુ રોજબરોજ વધતી આવતી હતી.

તેઓ બંને આગમાં હોમાતાં હતાં એમ તો એ મીઠી શરૂઆતમાં તે બેમાંથી એકને બી લાગ્યુંજ નહીં. એક સાધારણ ચીતારો ઉંચી પદવીના એક માનવંત અર્લની ભાણેજને ચાહવામાં અથવા ચાહવાની ઉમેદ વટીક કરવામાં નહીં માફ થઇ શકે એવી મોટી સરકશીની તકસીર કરતો હતો એવો ભય તો હેમક લીઓને થયોજ નહીં. એ તેને માટે ગોયા નવી દુન્યા—એક નવીજ જીંદગી હતી ! એ તે છોકરાને માટે એક ઘેલછા હતી કે જેના ખ્યાલમાં વટીક તે પુરતો સુખી હતો. હવેજ તેને પોતાની જીંદગી વ્હાલી લાગતી હતી. અલબત, તે એક આવતાં શીહા ભવિષનો વિચાર કરતાં થરથરી જતો હતો, અને તોબી તે ભવિષ આવી પોહચે તે પેહલાં તે બંને અબળાઓના એકમેકથી ઉલટા પ્યારમાં તે જવાંન પુરતો સુખી રેહવા માંગતો હતો.

તેણે લેડી લીસ્ટરની એક સબી ચીતારવાનું પોતેજ ઓજર-ખ્વાહીથી માંગી લીધું. તેની ઉપર તેણીને એક માતાનુંજ વ્હાલ આવતું હતું, અને તે પોતે તેણીને એટલાંજ હેતથી ચાહતો હતો, એટલે એ દરખાસ્ત બેઉનાં મતથી એક અવાજે મંજુર અને બાહાલ રહી એ તો સ્વભાવિક રવેસે જે થવું જોઇએ તેજ માત્ર થયું.

"હું એક તમારી સબી તૈયાર કરીને મારી સાથે લેઇ જવા માંગુછ, બાંનુ," તેણે કહ્યું; "હું નથી કહી શકતો કે કાંએ, પણ તમો મેહેરબાંનને મેં જોયાં ને જોયાં મારી જીંદગીમાં જાણે એક ચમત્કારીક ફેરફાર થયો છે, અને મારાં જીગરમાં જે સદા કાળની ઉંડી ઉદાસી અને ઉજાજડપણું હતું તેને બદલે તેમાં નવી તાજગી અને ખુશનુદી આવેલી છે ! એટલાવાસ્તે તમો મેહરબાનોને જ્યારે છેલ્લી સલામ કરી મને જવું પડે ત્યારે તમારો મીઠો અને માનીતો ચેહરો તે ચીત્રમાં સચવાઇ રહેલો તમારાં એક બચ્ચાં તરીકે હું અત્રેથી મારી સાથે લઇ જવાની ઉમેદ કરૂંછ."

"તમોને એટલું બધું મારી પર હેત આવેછ ?"

"હા માતાજી," લીઓએ હાથ જોડી કહ્યું. "મેં તમોને

આગલ કહ્યું તેમ તમારો ચેહરો ખુદા જાણે કેવી રીતે મારાં મગજમાં એવા છપાઇ રહેલો છે, અને જો તમો મને "સીટીંગ" નહીં આપો તોપણ હું તમારૂં પીકચર દોરી શકશ; મગર એવા એક બેમુલ ચહેરાને હું સંપુર્ણ ઇનસાફ આપી શકું તેથી તમોએ મારીપર એટલી નવાજેશ કરવી જોઇશે."

ગ્લેડીઝ હેરત રહી ! આ છોકરાનું એટલું બધું હેત ને તેની ઓજરખ્વાહી તેને તાજ્જુબ કરયા વના રહી શકયાં નહીં. તે કોણ હતો જે તેનીપર તેને એટલું હેત આવતું હતું ? તે કોણ હતો જે તેણીને પોતાને તેનીપર એટલું બધું હેત આવતું હતું ? તે કોણ હતો કે જે એટલો બધો રંગરૂપમાં તેણીને મલતો આવતો હતો ? તે કોણ હતો જે તેનાં જીગરમાં તેણીની સબી એવી અગાધ ઉંડી અસરો સમેત સચવાઇ અને છપાઇ રહી હતી ?

તે સેંકડો જવાંનોના સમાગમમાં આવી હતી—જવાંનો કે જેઓએ તેની જાબજા તારીફો કરી હતી, ખુશામદો કરી હતી, અને તેને રાજી કરીને તેનું દીલ જીતવા એકથી એક હજાર પ્રપંચો કરયા હતા; તે બધા જવાનોનો તે પરીશ્રમ કેવળ મીથ્યા થયો હતો, કે જ્યારે આ એકજ જવાંન હતો કે જે તેનું દીલ એ કીસમે ખરેખરૂં હરી લઇ શકયો હતો—એટલે સુધી કે તેને ફક્ત બોલતો સાંભળતાં બી તેનાં અંતરમાં હર્ષ વ્યાપી રેહતો, અને ખુશીને મારે તેનું લોહી થંબ થઇ જઇ બદનમાં ફરી શકતું ન હતું ! એ બધું, તે પોતાનાં મનને પુછતી હતી કે, સાદું સાદું અને સાધારણજ હતું—કે તેનાં બાતેનમાં કાંઇ ભયંકાર ભેદ છુપ્યો હતો !

તેણીને વેહેમ ચાલુ થઇ ચુકયો હતો. આ તેનો લીઓજ હોએ તો ? ઓ ખુદા, તે વિચાર કરતાંજ તે થરથર ધ્રુજતી હતી ! આ કોઇ મા વગરનો બેટો હતો, અને એ બેટાની મા દેખીતી રીતે બચગીથીજ ખોહવાઇ ગઇ હતી !

"મી૦ બે," એક વખત નાસ્તા પરથી ઉઠતાં તેણે કહ્યું, "જો તમોને ફુરસદ હોએ તો હું તમારા ઓરડામાં આવીને તમારી સાથે થોડીક વાત કરવા માંગુછ."

"તમારી સાથે વાત કરવાને મને આખો દાહાડો ફુરસદજ છે," લીઓએ હસીને કહ્યું. "એ તો મારી જીંદગીની મોટામાંમોટી મોજ છે."

તેઓ અરધા કલાક પછી પીકચર ગેલરીમાં પાછાં મલ્યાં.

"તમારી પીછી બાજુ મુકી દેવો, મી૦ બ્રે," તે માતાએ કહ્યું; "ચાલો, આપણે થોડીક તમારે વિષેની વાત કરીએ."

એ વખતે એમ કેહતાં તે ઘણી ઉશ્કેરાએલી દેખાતી હતી. તે તેની સામે ઉભી બી ભાગ્યેજ રહી શકતી હતી.

બારીઓમાંથી સુર્યનારાયણની રોશણી નાચતી કુદતી અંદર આવીને તે પીકચરગેલરીને ખુશનુદ અને તેજસ્વિ કરતી હતી, અને તે મા દીકરાના સોનેરી વાલો ઉપર તે તેજ અને ખુશનુદી બેવડો ઇનસાફ પામતાં તે દીલકસ જોડીને બેવડી મનોહર બતાવતી હતી !

તેઓ રૂબરૂ ઉભાં હતાં—તે મા અને દીકરો; અને તોપણ પરાયાં તરીકે હાલમાં તેઓ હજી એકમેકથી હજારો કોસ દુર હતાં ! બંનેનાં પ્રેમાળ જીગરો સ્વભાવિક હર્ષના ઉછાલા મારી રહ્યાં હતાં, અને તોપણ હજી સુધી તે બન્ને એકમેકને કેવળ ત્રાહીત હતાં.

"મી૦ બ્રે," અંતે તે માતાએ લાગણીઓથી થરથર ધ્રુજતા અવાજે કહયું, "મને તમારી બચગીનો બધો હેવાલ અવલથી આખર તક મેહરબાની કરીને માંડી મેલીને કેહવો, ને હું પછીથી ખુલાસો કરીને તે પુછવા વાસ્તેનો મારો સબબ તમોને સમજાવશ."

લીઓએ એ ઉપરથી એ હુકમ માન્ય કરીને પોતાની બચગીની જે હકીકત તેને યાદ હતી તે સઘળી વીગતથી કહી સંભળાવી, અને તે સાંભળતાં તે દુખી માતાનો ચેહેરો જ્યાદા ફીકકો મારયો.

"ત્યારે તમે મી૦ બ્રેનાં નામથી ઓલખાવા લાગ્યા તે આગમચ શું તમે સ્ટોનની અટકથી ઓલખાતા હતા ?" તેણીએ મોટી ઉશ્કેરણીથી પુછયું.

"જી હા," લીઓએ જવાબ કરયો. "મને એમ ખ્યાલ છે કે ચારલ્સ અને સુસન મારાં માતપીતા નહીં હતાં, અને કોઇએ મને તેઓના હવાલામાં સોંપ્યો હતો. વળી હું એમ બી જાણુંછ કે એ રીતે મને તેઓને સોંપનારે નાણુંની એક મસ મોટી રકમ મારા નીભાવ અને કેળવણી સારૂ તે લોકને આપી હતી, જે પાછળથી લુચ્ચો મી૦ બ્રે ઉચાપટ કરીને ખાઇ ગયો, અને ત્યારથીજ મારી હાડમારીઓ અને મુશકેલીઓ ચાલુ થઇ."

"ગરીબ છોકરો !" તે માતા દયાળુ તબેહથી પટપટી,—અને એટલુંજ સાંભળતાં તો તેણીની આંખો આંસુથી ભરાઇ ગઇ.

"હું મી૦ સ્ટોનના વખતમાં તેનાં ઘરમાં સુખી હતો," લીઓએ જારી રાખ્યું. "તેણે પોતાની ફરજો ઘણી ઇમાનદારીથી અદા કરેલી છે, અને તે ભલા મરનારના વખતમાં હું કોઇ વાતે મોહોતાજ નહીં હતો; પણ તેનાં મરવા પછીથી સુસને મી૦ બ્રે સાથે બીજું ઘેર કીધું ત્યારથી તે વર બૈયર વચ્ચે મારા પૈસાટકા સંબંધી ઘણીક વખત કજયોકંકાસ થતો મેં સાંભળ્યો હતો. એક વખત તો મી૦ બ્રે ચીરડાઇને બોલ્યો હતો કે 'એ કોણનો દુકનો છે અને તમો લોકને કોણે એને સોંપ્યો તે જો તું ખુલાસાથી મને કેહતી હોય તો હું હમણાં જઇને તે આસામી પાસેથી જાસ્તી નાણું નીચવી લઇ આઉં,'—પણ સુસન ચીસ પાડીને સાફ ના કેહતી કે 'હું મરી જવશ પણ એ ભેદ તુને કે કોઇને કેહવાની નથી.'—અને તે બિચારીએ પોતાનો તે રૂડો ઠરાવ છેક અંતની ઘડી સુધી તે બદમાસ સાથે બાથોબાથ લડીને અમલમાં મેલ્યો. એમ છતાં, એ તકરાર સાંભળવાથી મારી એટલી તો ખાતરજમા થઇ કે હું સુસન અને સ્ટોનનો છોકરો નહીંજ હતો, અને મને કોઇ બીજાંઓએજ એક મોટી રકમના ઉચકા સાથે તેઓને સપુર્દ કરેલો હતો."

"પણ તમે કહી શકતા નથી, મી૦ બ્રે, કે કોણે તમોને તે લોકોના હવાલામાં સોંપ્યા હશે ?"—અને એમ કેહતાં તે માતા હજી વધારે ઉસ્કેરાઇ આવી, કેમજે લીઓએ રજુ કરેલી ઉપલી હકીકત ઉપરથી, વાંચનાર જોશે કે, તે પુરતી શંકાશીલ થઇ ચુકી હતી.

"નહીંજી, તે હું કાંઇજ કહી શકતો નથી," તે છોકરાએ જવાબમાં કહ્યું.

"ચારલ્સ સ્ટોન ! ચારલ્સ સ્ટોન !" તે માતાએ પાછું અને પાછું યાદ કરતાં કહયું; "એ નામ મેં આગલ સાંભળ્યું હોય એમ મને કાંઇક ખટકો થાયછ ખરો. તમે કાંહાં રેહતા હતા ?"

"રંકેલ્ટન ગામમાં."

"રંકેલ્ટનનો ચારલ્સ સ્ટોન !" તે માતા લગભગ એક દીવાની-

નીજ અદાથી પાછું પટપટી, અને લીઓ તે અબળાના એ હાવભાવ અને ઉશ્કેરણીઓ જોઇ ઘણો તાજુબ થયો.

"લેડી લીસ્ટર," તેણે તે પછી નરમાસથી કહ્યું, "તમો ઘણાં ઉશ્કેરાયલાં અને દુઃખી થયલાં દેખાઓછો ! કાંઇ બુરૂં થયુંછ ! કાંઇ જાણવાજોગ સબબ છે ? મારી કેફીઅતમાં કાંઇ એવું છે કે જેમાં તમો બાઇ સાહેબને કાંઇ લાગતુંવલગતું હોય ?"

તે માતાએ જવાબ દીધો નહીં. તે ઉંડા વિચારોમાં થોડીક પલ ગીરફતાર થઇ ગયલી દેખાઇ, અને પછી તેણીએ ધ્રુજતા અવાજે કહયું, "ભલા મી૦ એ, તમારે મારીપર એક મેહરબાંની કરવી જોઇશે. એ કામ હું બીજા કોઇને સોંપી શકવાની નથી."

"ફરમાવો, બાંનુ; તમો જે હોકમ કરશો તે મારી આંખોથી હું તરત બજા લાવશ," લીઓએ તાબેદારીથી જવાબ કર્યો.

"તમે કાંઇ બી બાહણું કાહડીને લોર્ડ લીસ્ટર પાસ થોડા દીવસની રજા લેવો, અને સ્કેલ્ટન ખાતે એક ફેરો મારી આવો."

"ત્યાં જઇને મારે શું કરવું ?"

"એ સ્ટોનનું ફેમીલી કોણ છે તેની આગલી પાછલી બારીક વીગતો લાવો. તે લોકો સ્કેલ્ટનમાં કયારે રેહેવા આવ્યા, અને તેઓનાં લાગતાંવલગતાંઓ અથવા ઓળખાણ પીછાણનાં કોઇ હજી ત્યાં છે કે નહીં તે બધું જમા કરીને લઇ આવો," તેણીએ છેક કાકલુદીની ઢબે માંગી લીધું.

"હું મોટી ખુશીથી જવશ, બાંનુ," તે છોકરાએ કહ્યું; "મારા લોર્ડની રજા લઇને કાલેજ હું અત્રેથી ઉપડી જવશ."

"હા, પણ એ નહીં ધારેલી મુસાફરીના ખરચનો બોજો તમારે માથે પડવો નહીં જોઇએ," ગ્લેડીઝે ગરમ દીલસોજીથી કહયું—અને પૈસાથી ખચખચ ભરેલી એક થેલી બગીદ થઇને તેણે તે છોકરાના હાથમાં આપી. એ ગંજાવર રકમ એ રીતે તેને સપુર્દ કરી દેતાં તે અબળાને કશી પણ આનાકાની થઇ નહીં;—દુઃખ નહીં પણ તેથી તેને ઘણું સુખ થયું !

"એ તમારી નોકરી હું મારા પોતાના પૈસાથી કરતે તે મને વધતું ગમતે," લીઓએ હસીને કહ્યું.

"નહીં, તેમ થવું નહીં જોઇએ," તે માતાએ સુચકવ્યું. "હું હમણાં તમોને બધો ખુલાસો કરીને કહી શકતી નથી, પણ જો આએ સ્ટોનનાં ફેમીલીને લગતી બાતમી તમે મેળવી લાવશો તેમાં મને કાંઇ એવું મલશે કે જેથી મારી દયા ને મારી અરજો ખુદાએ વરસો પછી બી સાંભળી અને વાંચી એવું પુરવાર થશે તો તમે બધું જાણશો."—અને લાગણીઓ વશ ન રેહેવે વાત ઉડાવાની મકસદથી વળી તેણીએ વધારયું, "ત્યારે તમે કાલેજ જશો કેની ?"

"હા જી, હું કાલેજ અત્રેથી ઉપડી જવશ," લીઓએ ખાત્રી આપી.

તેણે તેજ રાત્રે લોર્ડ લીસ્ટરની રજા માંગી લીધી. એક જરૂરનાં કામે તેને બાહરગામ જઇ આવવું છે એવું તેણે બાહણું બતલાવ્યું, અને તે ઉમરાવે તેને એક બોલે રજા આપી.

સુંદર રોઝ તેનું જવાનું સાંભળીને ઘણીજ નાઉમેદ બલ્કે દુખી થઇ ગયલી દેખાઇ. તે સમાચાર સાંભળવા સાથે દુ:ખનો એક ઝટકો જાંણે તેના મોહક મુખડાપરથી પસાર થઇ ગયો. તેના વગર તે મેહલ હવે તદન સુનકાર થઇ જશે એમ તે મધુરીને લાગ્યું.

"તમો પાછા કયારે આવશો ?" તેણીએ આતુરતાથી પુછયું.

"હું પાંચ સાત દીવસોમાંજ પાછો આવશ," લીઓએ ધીરજ આપી—અને તે બન્નેનાં દીલ કેટલી હદ સુધી એકમેકમાં ગંઠાઇ ગયાં હતાં તે આ વખતે અરસપરસના અભ્યાસથી વધતી ખાત્રીપુર્વક રવેસે તેઓ બેઉ જોઇ શકયાં.

લેડી લીસ્ટરે તેને ઉપડી જતો પોતાની બારીમાંથી જોયો, અને તેણીનું આશાવંત જીગર તે છોકરા પછવાડે જાંણે તણાઇ ગયું. તેણીએજ તેને મોકલ્યો હતો—સ્કેલ્ટનનાં કુટુંબની આગલી-પાછલી જાણવા તે અત્યંત આતુર રહી હતી, અને લીઓ જે જવાબ લઇ આવે તે માટે શંકાશીલ ફીકરોથી તે જાંણે તે પાછો આવે ત્યાં સુધી ધ્રુજતી રહી.

પ્રકરણ ૧૬ મું.

લીઓ જ્યારે પોતાનાં એ અગત્યનાં કારજથી પરવારીને પાંચ છ દીવસ પછી પાછો ફર્યો ત્યારે છેક રાત થઇ ગયલી હતી, અને મોડું ઘણું થઇ ગયલું હોવાના સબબે તે રાતોરાત તો લેડી લીસ્ટરને મલાય એમ ન હતું.

સહવારે તે મા-દીકરો મલ્યાં.

"શું ખબર લઈ આવ્યા, મી૦ બે ?" તેણીએ જેહમતથી ઉભી રેહતાં પુછ્યું, કે જ્યારે હીરા મોતીમાં મહેલા તેના કોમળ કર ધ્રુજતા હતા તે સ્પષ્ટ જણાતું હતું !

"હુ થોડીક ખબર લઇ આવ્યોછ, બાનુ," તે છોકરાએ સાદાઇથી કહ્યું. "તમે મને મોકલ્યો ત્યારે મને એમ લાગતું હતું કે તમારી બધી કાલજી, ચીંતા અને ફીકર સ્ટોનના સંબંધમાંજ હશે, પણ મને તાજુબી વચ્ચે હવે ખાત્રી થાયછે કે તે મારા પોતાના સંબંધમાં હોવી જોઇએ."

"તમે શું ખબર લાયાછ ?" તેણીએ અધીરાઇથી પુછ્યું—કે જ્યારે તેનો અવાજ માંડમાંડ સાંભળી શકાતો હતો !

"ચારલ્સનો બાપ અને બપાવો એ સ્કેલટનનાજ રહીશ હતા, અને ચારલ્સ બી ત્યાંજ જનમ્યો હતો," લીઓએ ખુલાસો કરયો. "તે અઢાર વરસનો થયો ત્યાં સુધી ત્યાંજ રહેલો હતો, જે પછી તે નવો ધંધો શીખવાને વાસ્તે છ વરસ સુધી લંડન આવી રહયો હતો. એ દરમ્યાનમાં તેનો બાપ મરી ગયો, અને તેથી તેને સ્કેલ્ટન એકદમ પાછું જવું પડયું, જ્યાં આવી તે પોતાના બાપનાજ ધંધામાં મંડાયો, અને પછીથી સુસન સાથે પરણ્યો."

"પછી ?"

પણ લીઓ હવે આગળ બોલવા માટે કાંઇ આનાકાની કરતો દેખાયો ! બોલવું કે નહીં—કેહવું કે નહીં તે માટે જાંણે તે શંકાશીલ થયો.

"કેમ બોલતા નથી, મી૦ બે ? ઓ, એકદમ જે હોય તે મને કહી દેઓ ?" તે અબળાએ લગભગ તવલાત કર્યો.

"મારા કેહવાથી આપ માનવંત બાંનુને કદાચ કાંઈ માઠું લાગે તો મને માફ કરજો," લીઓએ કહ્યું. "સ્ટોનને લગતી તલાસ કરવા પછી મેં સુસનને લગતી તલાસો કરી, અને ત્યારે—અને ત્યારે—"

"અને ત્યારે શું?"

"અને ત્યારે હું જાણી શકયો કે સુસનની માતા ઘણો લાંબો વખત સુધી લોર્ડ લીસ્ટરના પીતાજીના વખતમાં આએ રેનવૉલ્ડ મેહલમાંજ "હાઉસ કીપર" ની જગ્યાપર નોકરીએ હતી," લીઓએ ધીમેથી કહ્યું.

"હયાં? આએ મહેલમાં?" લેડી લીસ્ટરે અજાયબીથી લગભગ ચીસ પાડી; "તમારી ખાત્રી છે? તમારી કાંઇ ભુલ તો નથી? તમે ઘણી ચોક્કસજ ખબરો મેળવેલી છે?"

"ઘણીજ ચોક્કસ, બાંનુ," લીઓએ કહયું; "હું જે કેહુંછ તેનો બોલેબોલ ખરો છે એમ પુરવાર કરી લીધા પછીજ હું તે તમોને કેહવાની હીંમત કરૂંછ.

"વારૂં, કાંઇ બીજું?"

"એ લોકના પરણ્યા પછી એમ કેહવામાં આવેછ કે સુસન થોડા દાહડા કેઠે જઇ આવી હતી," લીઓએ આગળ ચલાવ્યું, "અને જયારે તે પાછી આવી ત્યારે તે પોતા સાથે એક બચ્ચું લેતી આવી, જે હું હતો. તે મને કયાંથી લાવી તે કોઇએ જાણ્યું નહીં, કાંયજે તેણે કોઇને કહયું નહીં. તે કોઇ સગાંનું બચ્ચું લઈ આવી હતી, અને તે વરસૈયરે મને દીકરો કરી લીધો હતો એટલોજ ખુલાસો ફકત તેણીએ જાહેર કરયો હતો. હવે તેથી મારી વધતી ખાત્રી થઇછ કે હું સુસનનો દીકરો નથી. મેં સ્કેલ્ટન ખાતેનાં તે વખતનાં રેજીસ્ટરો પણ તપાસાવ્યાં પણ સુસન અને ચારલ્સના દીકરા તરીકે મારો જનમ તેમાં નોંધાયોજ નથી. તેઓને બચ્ચું થયુંજ નહીં હતું એમ એ આખું ગામ જાણે છે. તે ઘણી ભલી બૈરી હતી, અને ચારલ્સને ઘણી સારી રીતે ચાહતી હતી, માટે તેનાં મરવા પછીથી તરતજ લુચ્ચા બ્રેની લતરાજથી દગાઇને તે પોતાના મરનાર ખાવંદના એ વડા કામદાર સાથ પરણી ગઈ તેથી લોકો ઘણાં અજબ અને દલગીર થયાં, ને તે પછી બ્રે તેને લઇને ત્યાંથી જતો રહયો એટલે સુસનનું ત્યાર બાદ

શું થયું તે ત્યાંનાં લોકો કશું જાણતાં નથી. એમ છતાં મને પોતાને તો તે બધું ખબર છે, અને મેં તમોને તે કહેલુંજ છે, કેમજે તે વખતે તો હું સમજનો થઇ ચુકયો હતો. હું જે આ સઘળી હકીકત સાંભળી આવ્યો તેમાં આપણને ચોંકાવનારી વાત ફકત એટલીજ છે કે સુસનને આ મેહલ સાથે કોઇ રીતે અજાણ્યું નહીં હતું."

તે માતા પોતાના ફરજંદને ટીકી ટીકીને જોતી હતી! તેનાં દીલમાં શા દરીઆ ઉભાતા હતા તે જવાંન લીઓ હજી એ જાંણતો ન હતો.

"ઓ, હવે હું શું કરૂં ?" તે અબળા વધતા ગભરાતમાં અરધું મનસે—અરધું મોટે પટપટી. "મી૦ બ્રે, તમારી તદનજ ખાત્રી છે ? કાંઈ ભુલ તો નથી!"

"એક જરા બી ભુલ નથી, બાંનુ," તે છોકરાએ જુસ્સાથી જવાબ કર્યો.

"શામાં ભુલ નથી, મી૦ બ્રે ?" એવામાં એક ધાડા અવાજે પંછવાડેથી પુછ્યું,—અને તે મા-દીકરાએ ચમકીને પાછળ ફરી જોયું તો લોર્ડ લીસ્ટર પોતે તેમની છેક લગોલગ આવી ઉભેલો હતો!

તે પોતે ગુંચવાયલો દેખાતો હતો. પોતાની મોહરદારનો ગભરાત અને તે જવાંન ચીતારાની ઉશ્કેરણી એક તડાકે જોઈ લઇને તે ઘણો અજાએબ થયલો જણાયો.

"મેં આવીને તમોને તમારી કાંઇ અગતની વાતચીતમાં હરકત કીધીછ, વારૂં ?" તેણે કાંઇક અણુકાના તોરથી પુછ્યું—અને અદેખાઇ જે આપણે જાંણીએ છીએ તેમ એ ઉમરાવની નસેનસમાં જન્મથીજ જરડાઇ ગયલું એક ઝેર હતું તે આ બે વચ્ચેનો એખલાસ જોઇ તેની આંખમાં એકદમ ઉછળી આવી.

લેડીઝ તો, એમ છતાં, કાંઇ બોલીજ નહીં. તે બોલી શકીજ નહીં, અને તે મામલો જોઇ લીઓએ પોતેજ જવાબ કરયો.

"હુ લેડી લીસ્ટર આગલ મારાં આગલાં થોડાંક દોસ્તોની વાત કરતો હતો, સાહેબ," તેણે કહ્યું.

"ત્યારે તમારાં આગલાં દોસ્તોની વાતમાં લેડી લીસ્ટરને દેખીતી રીતે ગમત પડેછ ખરી ?" તે ઉમરાવે તુચ્છકારના દેખાવથી કહ્યું. "હું ઘણો ખુશી છેઉં, કેમજે અમારી તો કોઇ બી વાતચીતમાં એવણુ ગમતથી ભાગ લઇ શકતાંજ નથી !"—અને પછી વળી લીઓ તરફ ફરીને વધારયું, "તમારૂં કામ કેમ ચાલેછ, મી૦ લે ? તે હું જોવા આવ્યોછ; આજે મને થોડી ફુરસદ છે."

લેડી લીસ્ટરે આ "હીંટ" લીધી. તે દમામથી ફરી, અને "ગુડ મોરનીંગ, મી૦ ` " એટલું બોલી તે ઓરડામાંથી બાહર નિકળી ગઇ.

તેણીનું હૃદય જવાળામાં જળતું થયું.

લીઓ જે બાતમી લઇ આવ્યો હતો તે ઉપરજ તે વિચાર કરતી કલાકો સુધી રોકાઇ રહી. સુઝન આ મેહલને લગતી હતી એટલેજ શું ? એને કોણે છોકરૂં સોંપ્યું હશે ! આએ છોકરાપર તેને એટલું હેત કાંએ આવતું હતું ! શું આએ તેનો લીઓજ હતો કે જેને લો લીસ્ટરે સુસનને સોંપ્યો હોય ? ઓ ખુદા, એ વિચાર કરતાંજ તે બિચારી મગજથી એમગજ થઇ જતી હતી.

હવે શું કરવું તે તેને સુઝતું ન હતું. તે આખો દહાડો વિચારમાં અને વિચારમાં કેમ અને કયાં ગબડી ગયો તે તેણે જાણ્યું બી નહીં.

ખાનાની ટેબલપર તે લીઓને પાછી મળી, પણ લોર્ડ લીસ્ટર તે વખતે હાજર હોવાથી પોતાની માનીતી મુરાદને લગતી વાત તે આ વખતે તેની જોડે કશી બી કરી શકી નહીં, અને જમવા પછીથી વળી તરતજ પોતાનાં પીકચરો સંબંધી કામકાજ માટે તે અર્લ લીઓને પોતાની સાથે લઇ બહાર જતો રહયો.

શું તે અદેખો થયો હતો ! શું તે કાંઇ બીગાડ સમજી ગયો હતો ? શું તે તેમને ખાખસુસ એકઠાં નહીં થવા દેવાજ એમ વચ્ચે હોમાયા કરતો હતો !

તેણીએ તક જોઇને પાછી લાયબ્રેરીમાં જુસ્તેજો કરવાનો અને પોતાના ખાવંદનાં ખાનગી કરકાગળ્યાંઓ તપાસવાનો કસદ કર્યો. આગળ તેણીની એ જુસ્તેજો સઘળી વ્યર્થ થઇ હતી તે કાંઇ તે ભુલી ગઇ ન હતી, પણ હવે તેને લાગ્યું કે સ્કેલ્ટન ગામને લગતું અથવા તો

સ્ટોન નામને લગતું કાંઇ બી નોંધેલુંપોતેલું મળી આવશે તો ખરી વાતની તેને સહેલમાં બાતમી મળી જશે !

આજેજ તે તક હતી. લોડ લીસ્ટર, ઉપર કહ્યું તેમ, લીઓને લઇને ગયો હતો તે છેક સાંજ સુધી પાછો ફરે એમ ન હતું; અદેખો આલબર્ટ પણ પોતાના બે દોસ્તો સાથે "શુટીંગ"પર ગયો હતો, ને રોઝ પોતાના ઓરડામાં પોતાનાં ચીત્ર-કામપર રોકાયલી હતી, એટલે ગ્લેડીઝ હાલમાં તે મોટા મેહલમાં તદન એકલીજ હતી.

એક વાર ફરીને, તેથી, ખંચાતાં કદમોએ ને ધ્રુજતી છાતી સાથે તે અભાગની માતા લાયબ્રેરી તરફ ગઇ. તે, એમ કરતાં, ઉંબરપર એકાદ પળ થોભી, ને મખમલના પરદાઓ બન્ને હાથે હટાડતાં અંદર દાખલ થવા સાથે તેણીએ તે પાક કીરતારની જનાબમાં એક દીલસોજ અર્જગુજારી રજુ કરી કે 'ઓ દાદગર, તું હવે મને મારો ખોહવાયલો ખજાનો પાછો મેળવી આપવાની હજી બી નવાજીશ કર !'

તેણીએ બારણું અંદરથી બંધ કીધું.

ગઇ વખતે તેને અદેખા આલબર્ટે અચબુચ તેનાં કામ વચ્ચે આવીને ભડકાવી મારી હતા તેવું આ વેળાએ નહીં થાય તેની આગમચથી સંભાળ લેવા તેણીએ બારણાંની કલમાં કુંચી ફેરવી લીધી, અને પછી તે જુસતેજો કરવા માંડી. ખંતથી અને ચોકસાઇથી ખાણું પછી ખાણું અને ડૅસ્ક પછવાડે ડૅસ્ક તેણીએ ઉઘાડી અને તપાસી, કે જે બધો વખત તે બંદગીના પાક કલામો બબડતીજ રહી હતી. આહ, એક માતાનો પ્યાર !

અંતે એક નોટબુકનાં પાના ઉથલાવતાં એક યાદી જોઇ તે એક ખુશાલીની ચીસ સાથે ચમકી ઉઠી. તે યાદી નીચે મુજબ હતી:—

" આપ્યા પાઉંડ પાંચ હજાર; સ્કેલ્ટનના પ્રીન્ટર ચારલ્સ સ્ટોનને હાથોહાથ; તા૦ ૨૫ મી જુલાઇ ૧૮૬૬."

એટલીજ તે યાદી હતી, અને એટલુંજ તેણે વાંચ્યું. વધારેની તેને પરવાહ શી હતી ? તેણીએ જોઇ લીધું કે જે બાળકના બાબમાં તે મીઠી છતાં જુઠી થવા પામી હતી તે કોઇજ નહીં પણ આયજ વાહલો જવાંન હતો !! ગરીબીનાં ત્રાસજનક સંકટોથી પસાર થયલો

આ નામાંકીત અને કીસમી ચીતારો કાબજ નહીં પણ તેનો વાહલો બેટો લીઓ હતો !

ઢાંગ મારયાં પાણી કેમ છુટી શકે ? તે માદીકરાનાં જોડાયલાં જીગરો ચીરી નાંખીને તેમને સદાનાં છુટાં કરવાં તે હેમક ઉમરાવે એક મોટી દોલતની ધુળ વાળી દીધી અને બન્યું એટલું કરયું હતું, પણ પાક દાદારનો ન્યાય સદા બીલોર જેવો ચોખ્ખો છે. તેણે કેવી અદભુત કરામતે કેવા અજબજેવા સંજોગો નીપજાવીને તે વિખુટાં માદીકરાને પાછાં એકઠાં કર્યાં તે આપણે જોયું. તેની બેઅવાજ લાકડીને અવાજજ કયાં છે ?

ગ્રેડીઝને હવે સઘળી સમજ પડી. લીઓને જોતાં સાથેજ તેણીનું દીલ તેની તરફ ખેંચાઇ ગયું હતું, અને એક હેતવંતી માતાનાજ પવિત્ર પ્યારથી તેનું દીલ તે જવાંન તરફ ઉછાલા મારી રહ્યું હતું તે ભેદનો ખરો ખુલાસો હવે એક તડાકે તેની સમજમાં આવી શકયો.

'હું કેવી હેમક કે મેં એ મારા વાહલાને ઓળખ્યોજ નહીં !' તે મનથી પટપટી; 'તે અત્રે આવતાં સાથે તો પવિત્ર ખોદાએ મને દરેક બસારતો કીધી, પણ હુંજ કાંઇ સમજી નહીં સુઈ ! ઓ મારા દીકરા, મારા દીકરા, મારા લીઓ, હું તુંને પાછો કયારે મારી ગોદમાં ચાંપશ ? ખુદાનો કેટલો મોટો આભાર કે અંતે બી મને તેણે મારો એ ખોહવાયલો ખજાનો પાછો મેળવી આપવાની મારાપર દયા કરી !'

તે ગુઠણુ મરડીએ પડી, અને શુકરગુજારીની એક ખરાં દીલની બંદગી તેણે કરી.

તે દિવસે તે પોતાના ઓરડામાંથી બાહેર પણ નિકળી નહીં. લાગણીઓએ તેને એટલી હદ સુધી આજેજ કરી મેલી હતી કે પોતાની નબલાઇ વચ્ચે પકડાઇ આવવાની ફીકરથી પોતાના ઓરડામાંથી બાહર આવવાનું તે મોકુફ કરી બેઠી હતી.

તેણે લીઓ સાંજે ઘર પાછો ફરવા પછી તેના ઉપર એક ચીઠી લખી. તે ને તે દિવસે તેને મળવા માટે તે હીમ્મત એકઠી કરી શકી નહીં. અર્લ તે સાંજે લીઓ સાથે ઘર પાછો ફરેલો હતો અને હજી બી ઘરમાંજ હતો, એટલે તે મા દીકરો મલી શકે એમ પણ ન હતું.

રાત્રે જમવાને વાસ્તે ટેબલપર પણ તે હાજર થઇ નહીં. માથું દુઃખવાનું એક બાહણું કહી મોકળી તે બધો વખત પોતાના ઓરડામાં ભરાઇ રહી, અને પોતાની વિસવાસુ દાયા પાસે મોડેથી તેણે લીઓ પર એક કાપલી લખી મોકલી. તેમાં આ મુજબ હતું:—

"વાહલા લ્યો—

"આવતી કાલે સહવારે આપરા મેહલના બગીચાની દક્ષીણ બાજુનાં એકાંતમાં નવને ટકોરે મેહરબાંની કરીને મને મલજો. તેટલાં તો અર્લ બી બહાર જશે. હું આજેજ તમોને મલવા તલપી રહેલી છઉં પણ અર્લને લીધે મલી શકતી નથી, અને તમારા ને તમારા ખ્યાલોમાં મારી તબીઅત એટલીબધી ખરાબ થઇ ગઇ છે કે હું મારા ઓરડામાંથી બાહેર પણ આવી શકતી નથી. કાલે મલ્યાથી હું બધો ખુલાસો કરશ.—"ગ્લેડીઝ."

તેણે એ ચીઠી છુપીથી લીઓને આપવા તાકીદ એક બી કરી નહીં. દોષિત દીલને એવા ડર હોય—તેને ડર શાંનો હોય ? તેના જેવા સાચ્ચા ભકિતભાવની, ધ્રમાની, નીતીમાન અને નિષ્કલંક અબળાઓ થોડીજ થતી હશે. ચોરી છુપીથી ચીઠી મોકળી આપવાનું અયોગ્ય આચરણ તેનું જીગર મુતલગ કબુલ કરી શકયું નહીં. એમ કરીને નોકર માણસની આંખમાં દોષિત ઠરવા અને પોતાના ઉંચા દરજ્જાનો બોજ ઉતારી પાડવા જેવી તે બેવકુફ હતી નહીં. તેણીને લાગ્યું કે તેના જેવી એક ઉમરાવજાદી તેના મેહલમાં રહેલા પોતાના ભરથારના એક કામદાર ઉપર એવી એકાદી ચીઠી મોકલે તેમાં અયોગ્ય કે અસાધારણ કશું એ ન હતું.

કમનસીબે, એમ છતાં, લીઓને તે દાયાએ ચીઠી આપી ત્યારે અદેખો આલબર્ટ તેની બાજુમાં ઉભેલો હતો. તે લુચ્છાનું વધારેકરીને તે ચીઠીમાં કાંઇ નાજુક હોવા માટે ધ્યાન એટલા માટે ખેંચાયું કે તે વાંચતાં સાથે લીઓનો ચેહેરો લાલચોલ થઇ ગયો, અને તેના ડોલા ચઢી ગયા !

તે એટલો બધો તાજુબ થયો હતો કે રાજી થયો હતો તે આલબર્ટ સમજી શકયો નહીં, પણ કમલાની આંખે પીલુંજ દેખાય માટે આએ કાગળમાં કાંઇ બી ગલીચી હતી એમ તે ગલીચ માણસે એકદમ અનુમાન કરી લીધું.

'હવે મારો વારો આવશે ખરો,' તે બીડેલા દાંત અને

પીસેલા હેટા વચ્ચેથી બડબડયો; 'વાત બેહકતી ને બેહકતીજ ચાલીછ, અને આએ તક જો હું મારા હાથમાંથી સરી જવા દેઉં તો પછી મારા જેવો પેહલા નંબરનો ગધેડો આખી દુન્યામાં બીજો કોઇ થવાનો નથી !'

પ્રકરણ ૧૭ મું.

લીઓ, બીજા હાથપર, લેડી લીસ્ટરના એ અજબજેવા પેગામથી હરહાલ હેરાંન રહયો. એવું તે શું હશે ? આ માનવંત બાંનુ તેને અજબજેવાં વાહલથી હાલમાં ચીઠી લખતી હતી, અને તેને તેના ખાવંદની હજ્રસે મલવા એકદમ તલબગાર વકીક થઇ ગઇ હતી; તે પોતાની ઉરકેરણીઓ વિષે લખતી હતી, અને તેણે પોતાના ઓરડામાંથી બાહર આવવાનું વકીક મોકુફ રાખ્યું હતું, ત્યારે એટલું બધું તે એ શું થઇ ગયું હશે !

'હું ખચ્ચીત જવશ ને તે મહેરબાંન બાંનુને મળશ,' તે મનથી બોલ્યો.

તેને તે રાત્રે પુરી પાધરી ઉંઘ બી આવી નહીં. ઉંઘમાં બી તે ગ્લેડીઝનાજ સ્વપ્ના જોતો હતો.—એક મધુરી માતા કે જે પોતે દર્શાવેલાં વાહલના સબબે છેક તે છોકરાની બચગીમાં પણ તેનાં જીગરનાં ઉંડાણ સુધી પોતાની છાંયા ને માયાનો છાપ બેસાડી શકી હતી !

અર્લ સહવારે મળસકે ઉઠીને 'શુટીંગ'પર ગયો, અને આલબર્ટ પણ કાંઇ જરૂરનું કામ બતલાવીને ગોરસ્તન જતો રહયો—જાણે તે મા-દીકરાને મળવાને વાસ્તે ખુદરત પોતેજ રસ્તો ચોખ્ખો ને મોકલો કરી આપતી હોય !

તેઓ મળ્યાં.

તડકો ખુશનુમા પડતો હતો, અને તે સફેદ પોશાકમાં સજ્જ થયલી સોહામણી ઉમરાવજાદીના સુંદર પણ ફીક્કા અને ચીંતાતુર ચહેરા ઉપર એક જોવાજોગ નુરાંણી પાંઠરતો હતો. તે એક ઉમરાવજાદી નહીં પણ એક દમામદાર શેહનશાહજાદી દેખાતી હતી.

લીઓ ગયો ત્યારે તે અધીરી માતા તેની વાટ જોતી ખોટી હતી. તે એક મોટાં ઝાડનાં થડપર બેઠેલી હતી. તેણે પોતાની ટોપી કાઢી નાંખેલી હતી, અને પોતાનું ભરાવદાર બાલોવાલું માથું દુઃખી ખ્યાલો વચ્ચે પોતાના હાથોની હથેલીમાં નમાવેલું હતું.

તે તાજુબ થતી બેઠી હતી. તે કેમ પોતાના દીકરાને કેહશે કે તે પોતે તેની માતા અને તે તેનો દીકરો હતો ? તે કેમ લીઓની ખાત્રી કરી શકશે કે તેજ તેની અભાગની માતા હતી કે જે મીઠી છતાં જુઠીજ પુરવાર થઇ હતી ?

લીઓ તેને માફ કરશે કે નહીં એ તેનો મોટો વસવસો હતો. તેને એમ ગએર હાથોમાં છોડી આપવાનાં તેણીનાં અકુદરતી ધાટકીપણાં સારૂ લીઓ તેનીપર ખફા થશે ને તેને ધીક્કારશે કે માફ કરશે અને ચાહશે એ બધા દુખી તુરંગોમાં તે ઉમરાવ બાંનુ ઉતરી ગઇ હતી.

તેણીને લાગ્યું કે તેના જેવી હીણભાગ્ય સરજત કોઇ માતાની થવાની નથી ! એક ઉમરાવપદ બદલ તેણે પોતાનાં બચ્ચાંને વેચ્યું એ એક કરપીણપણું હતું. એ એક દોજખી અપરાધ હતો, કે જે ખુદા વટીક ખામોસ કે તામોસ કરી શકે નહીં ! તે કેમ લીઓની ખાત્રી કરી શકશે કે તે પોતાનાં જુલ્મભરેલાં અનુમાનોથીજ વહવાઇ અને ઠગાઇ હતી ?

તેણે તેને આવતો જોયો. વરસોની વાતપર તે તેને "ચાલ્ર-ચાલ !" કરાવતી એકલો છોડી પોતા આગલ ગોલાંટયાં ખાતો આવવા દેતી હતી તેવા લપેરા ખાતાં કદમે નહીં પણ ગંભીર અને ઠરેલાં કદમે, એક ઉમ્મરે પુગેલા ગ્રહસ્થ તરીકે જવાનીનાં જોરમાં અને જોબનના બાહરમાં ખીલી નિકળેલો તે સોહામણો બેટો હમણાં તેની તરફ આવતો હતો. તે સીધ્ધો, પટલો અને ઉંચો હતો, કે જે તેની ખુબસુરતીમાં ખાસ ઉમેરો કરનારૂં હતું.

તેને આવતો જોતાં સાથે તે ઉઠીને ઉભી થઇ, અને તેને સામો લેવા ગઇ. તેણે પોતાના બન્ને હાથો આગળ ધરીને તે જવાંનને આપ્યા, અને એક બેટાનાં પવિત્ર વહાલની સ્વભાવિક પ્રેરણાનાં દબાંણ હેઠલ તે એકાદ પલ તેણે હેતથી દાબ્યા.

"મારી ચીઠીને માન આપી તમે આવ્યા તે મને ઘણુંજ ગમ્યું,"

તેણે ધ્રુજતા અને ધીમા અવાજે કહ્યું; "તમોને કાંઇ ખ્યાલ થઇ શકેછ વારૂ કે મેં તમોને શું કેહવા તેડવાછ ?"

"નહીં બાનુ," લીઓએ જવાબ કર્યો, "પણ જે બી તમારો હોકમ હોય તે બેલાશક ફરમાવો, અને ખાત્રી રાખજો કે હું તે સરોચશ્મથી બજા લાવશ."

"તમે કાંઇ ધારી બી નહીં શકતા કે મારે તમોને શું કહેવાનું હોશે ?"

"કશુંજ નહીં, લેડી લીસ્ટર."

"ત્યારે હું કેમ ખુલાસો કરીને તમોને મારી બધી વીટક વાત કેહું તેજ મને તો સુઝતું નથી !" લેડી લીસ્ટરે ગભરાતથી કહ્યું—"પણ આવો, અહીં બેસો મારી બાજુમાં, અને મારી વાત ધ્યાંનથી સાંભળો."

તે ઘણો તાજુબ થયલો દેખાયો. લેડી લીસ્ટરના સઘળા હાવભાવ અને હીલચાલો તેને આજેજ નહીં પણ કેટલાક દીવસોથી તાજુબ કરતાં રહયાં હતાં !

તેઓ બેઠાં. જે મોટાં ઝાડનું થડ તે બાજુએ અરડાઇ પડયું હતું અને જે પર લીઓ આવ્યો ત્યારે ગ્રેડીઝ એકલી બેઠેલી હતી ત્યાંજ તેઓ એકમેકની બાજુમાં ગોઠવાઇને બેઠાં, ને લેડી લીસ્ટરે શરૂ કરયું:—

"મારે એક એવી અભાગની માતાની વાત તમોને કેહેવીછ કે જે ઘણુંજ ભુલભરેલાં અનુમાનોથી વહવાઇને પોતાનાં જણેતાં બચ્ચાંને એક વાર છોડી આપવા જેવી હેમક ને પાપી થઇ હતી. તે એક લાચારબેચાર ગામરેની ગોરી હતી. લોકો તેની સુંદરતાની તારીફ કરતાં હતાં. અવલમાં તે એક ગરીબ ખેડુતને પરણી હતી, કે જે લગનનાં પરીણામમાં એક બેટાના ફરજંદની તેને ત્યાં નવાજેશ થઇ હતી. તે માતા તે બચ્ચાંનાં સુખમાં ઘણી સુખી હતી, કેમજે તેને મન આખી દુન્યાની દોલત ને ખજાનાથી બી તે વધારે બેકીંમતી અને જયાદા ખજાનો હતો !

"પણ તેની સોહવાસણ જીંદગીનું સુખ તે અબળાને લાંબો વખત ધાર્યું નહીં. ફકત બેજ વરસમાં તેનો તે બુરજીગર ભરથાર મરણ પામ્યો, અને તેને વધારે લાચારબેચાર છોડી ગયો.

એમ છતાં પોતાના એકનાએક બેટાનાં સુખમાં તે સુખી રહી. પોતાની નિર્ધનતા ને કંગાળ્યતમાં પણ પુરતી સુખી તે મજુરી કરીને પોતાનું ને પોતાના તે ગુલાબ જેવા બેટાનું પુરૂં કરતી હતી, અને તેની ગરીબીનો ચમટો તે ગાય જેવાં બચ્ચાંને તેણે કદી તુટવા દીધો નહીં.

"તે એ બચ્ચાંને વાસ્તેજ જાણે જીવતી હતી, ને તે બચ્ચાંને બી તે માતાનો એટલો ધાડો પડોશ પડી ગયો હતો કે તે મા વગર એક ઘડી બી ઠરીને રહી શકતો નહીં: જાણે તે બંનેના આત્મા એકમેકમાં ગંઠાઇજ ગયલા હતા—ફકત બે શરીરનાં ખોખાંજ જુદાં હતાં!

"અંતે એ તેનાં ગરીબીનાં સુખનાં એકાંતમાં તેને એક અર્લે જોઇ, અને તે મોટો ઉમરાવ તેનાપર મોહીત થયો. તેણેજ તે અબળાને તેને ચાહતાં શીખવ્યું, ને જ્યારે તે છોકરી પુરતી રીતે તે ધનવાન ઉમરાવને ચાહવા લાગી ત્યારે તે પોતાનાં ખરાં રંગરૂપમાં જાહેર થયો. તે કોઇ ઘણો માલેતુજાર ને મગરૂર હતો. વળી તે અદેખો બી ઘણો હતો. તે એ ફુલ જેવાં બચ્ચાંને તેની માતાપર હેત કરતું બી જોઇ કે જોઇને શાંખી શકતો ન હતો! તેણે, તેથી, તે અબળા સાથે પરણવાની માગણી કરતાં એ બચ્ચાં સાથનો તેણીનો તમામ સંબંધ તે માતા પાસે તોડાવી નાખવાની જીદ લીધી. પેહલાં તો તે માતાએ ઘણા ગુસ્સાથી ના કહી, પણ પછી તેને એકાએક એજ હેમક ખ્યાલ થયો કે તે ફકત તેનું હીર અજમાવતો હતો! પોતાનાં જણેતાં બાળથી કોઇ બી માતા જુદી થાય, અથવા તેને ઓવારનિવાર કરવાની કોઇ તેને ફરજ પાડે એ એટલું અકુદરતી હતું કે પેલો અર્લ તેના પાસ હા કેહવડાવી તેને માટેના તેના પ્યારની ફકત તપાસ લેતો હતો, અને મેહેલમાં ગયા પછી તે બચ્ચું તે માતાને જરૂર પાછું સપુર્દ કરવાવાલો હતો એજ ખ્યાલ તે માતાને થયો. તેણીને એમ તો લાગ્યુંજ નહીં કે તે તુમાખી ને અદેખો ઉમરાવ પોતાના મેહેલમાં તે નિરધન ખેડુતનાં બાળકને કદી બી દાખલ નહીં કરનાર હતો, ને તેણીની આગળી ગરીબ જીંદગીની સઘળી યાદો સદાની ભુસી વાળવા તેનાથી તેણીને હંમેશનીજ અલગ કરવા માંગતો હતો!

"જો એ વાહીયાત ને ભુલભરેલાં અનુમાનો તે અભાગનીને નહીં થતે તો ઉમરાવજાદી તો શું પણ એક શેહનશાહબાનુ થવા સારૂ બી,

અને પોતાના ગમે એવા પ્યારને ખાતર પણ, તે માતા પોતાનાં એ એકનાએક બાળકનું એમ બળીદાન આપવા કદી બી કબુલ કરતે નહીં; પણ પરણ્યા પછીજ તેણે પોતાની એ હેમક ભુલ જોઇ, ને ત્યારે તેનું કલેજું ફાટી ગયું !

"તે પછીથી તે જવાંન માતાએ તે પોતાનો ખોહવાયલો ખજાનો પાછો હાથ કરી લેવા તે તુમાખી ઉમરાવને વીણવવા અને મનાવા આતાળપાતાળ એક કરયાં—તેણીએ તે બચ્ચું કયાં હતું ને કોણને આશ્રરે ઉધરતું હતું તેટલું જાણવાને વટીક પોતાનો જીવ ઝીકાટી નાખ્યો, પણ મોટાં દુખનાં ને ગમખાર જુદાઇનાં વરસો પર વરસો વહી જવા છતાં તે ગુમ થયલા બેટાનો કશોજ પત્તો તે કદી બી મેલવી શકી નહી.

"તેણીએ દુન્યાદારી એ ગમની ગીરફતારીમાં અકારી કરી મેલી. તે ગરીબીમાંથી ધનવાન થવા પામી હતી, ને ફાકાફાકીમાંથી લખ્ખોની દોલત જોવા પામી હતી, પણ તે વાતનો તેને જરા એ મોહ રહયો નહીં. તેને ત્યાર પછીથી એક બીજું ફરજંદ થયું, જે એક બેટો હતો, પણ તેમાં બી તે માતાને જોઇએ એટલું સુખ મલ્યું નહીં. તે તો ગરીબીમાં તેના હાથ હેઠળ બે વરસ તુલક ઉધરેલા તેના પેહલા બેટાનેજ પાછો મેલવવા ને ગોદમાં દાબવા સદા સુધીની તરસતી ને તલખગાર રહી!

"એમ વરસોપર વરસો ગબડી ગયાં, ને તે દર વરસ વધતી દુખી, જયાદા ઉદાસ, વિષેશ મિજાજી ને વધારે એકાંત સોહોધનારી બનતી ગઇ. તે વર બૈયર વચ્ચે સુખભરયો એખલાસ બી ઝાઝો નહીંજ રહ્યો. સુતાં કે જાગતાં તે ખોહવાયલો ખજાનો તે અબળાને હૈયે ચઢતો ને સંતાપતો રહયો. તેનું સુખ, તેનો કરાર, તેની મોજ, તેનું સર્વેસ્વ તે ખોહવાયલો દીકરો થઇ પડયો."—અને હયાં તે માતા હીંમત હારી ગરગર રડી પડી, કે જયારે શું કેહવું તે નહીં સુઝવાથી સુદ્ધબુદ્ધ ખોહી બેઠેલો લીઓ આ હેરત ઉપજાવનારી કેફ્યત સાંભળતાં ફકત ટકટક તેની માને જોઇ રહ્યો!

"હવે કેહવાનું થોડુંજ બાકી છે, મારા દીકરા," તે માતાએ જરા વારે આંસુ લુંછી નાંખી કહ્યું. "તે અભાગની માતાની રાત દહાડાની બંદગીનો અવાજ અંતે—છેક પચીસ વરસે બી તે દાવરે દાદગરની દરબારમાં પોહચી ગયો, ને જે ઉમરાવે તે નિરદોષ બચ્ચાંને

થોકડે મારી પોતાથી દુર કરયું હતું તેનાજ મેહેલમાં ખુદાના કરામતી ને ભેદી સંજોગોનાં પરીણામમાં તે હાલમાં મેહમાન આવી રહેલો છે! મારા દીકરા, મારા ખજાના, મારા લીઓ, જો! હુંજ-ઓ હુંજ તારી અભાગની માતા છેઉ, ને તુંજ મારો પોતાનો દીકરો છે!"—અને એ સાંભળતાં લીઓ હરખની એક ચીસ સમેત તે **જુઠ્ઠી નહીં પણ સદાની સાચ્ચી ને મીઠ્ઠી** માતાની પનાહભરી ગોદમાં નજદીક પચીસ વરસે પાછો દબાયો!!

"ઓ મારી માતા! મારી માતા! તમોને જોતાં સાથેજ ખુદરતે મને તમારો ગુલામ બનાવી આપ્યો," તે હેતવંતા દીકરાએ રડી પડીને કહ્યું.

"હા, મારાં ફરજંદ," લીઓ જાણે પાછો ન્હાસી કે ગુમાઇ જનાર હોય તેમ તેને પોતાનાં પેટ-પાસાંમાં દાબી રાખીને તે માતાએ કહ્યું. "તુંને જોતાં સાથે મારૂં બી દીલ તારા તરફ જાણે તણાઇ-ખેંચાઇજ ગીયું, ને તેથીજ મેં એ બધી તેહકીક કરાવી. વળી તે તેહકીક પછી અર્લની એક નોંધ મેં સોહધી કાહરીને વાંચી, જેમાં એણે મરનાર ચારલ્સ સ્ટોનને હાથોહાથ પાંચ હજાર પાઉંડ આપવાની યાદી લખેલી છે."

તે બેટો ગુઠણે પડયો. એવી એક ખરી હેતવંતી ને મીઠ્ઠી માતાના પુજ્ય ને પવિત્ર ચરણની તે રજ માત્ર હતો એમ તેની ખાત્રી થઇ. તેણે ગુઠણ ભરડીએ પડીને તે પ્યારા હાથો પોતાની રડતી ચશ્મોમાં દાબ્યા, પણ તે માતાએ તરતજ તેને હેતથી પાછો ઉભો કરયો ને બીજી મરતબે પોતાની બગલમાં દાબ્યો.

તે એક સુખનું ચિત્ર હતું!

તે એક એવાં સુખનો મીલાપ હતો કે જેનું સુભાગ્ય તેનાં પુરાં પ્રમાણમાં વાંચનારાંઓને સમજાવવાને આ અદના કલમ કમતાકાત છે! તે મા-દીકરા સાથેજ આંસું બેળતાં હતાં, પણ તે તો હર્ષનાં—હવે તો સુખનાં આંસુઓ હતાં!

"ઓ, હવે હું સંતોશથી ને સુખથીમરશ," તે માતા કેહતી હતી. "જો તું નહીંજ મલ્યો હોતે, દીકરા, તો મારો વખત આવવે મારો જીવ મારાં ગલાંમાંથી નિકળી જવા બી જાંણે કઠણ થઇ પડતે, પણ કેહે મને, મારા લીઓ, કે શું તું મને મારી તકસીર માફ કરશે?"

"માતા, તમારે માફી માંગવી સજાવાર નથી," તે હેતવંતા દીકરાએ કહયું. "એમાં તમારો અપરાધ કે તકસીર એક બી નથી. તમે જાંણીબુજીને મને તજી દીધો નથી. ઓ ઉમરાવ માતા, હું કેવો બાએગશાલી કે જયારે મારી માતાને જાંણવા પીછાણવા ને સ્વિકારવા પાંમ્યો ત્યારે તો તે એવી એક માનવંત ઉમરાવ બાંનુ છે!"

"નહીં, દીકરા, હું એ કરતાં તો તારી સાથે મારી ગરીબીમાં વધારે સુખી હતી," તે માતાએ સઘળી ગઇગુજરી યાદ કરતાં કડવાસથી કમકમીને કહ્યું.

"હવે સુખીજ થશો, માતા," તે બેટાએ ધીરજ આપી કહ્યું. "હવે તમારાં જૈફ માથાંપર દુખનો એક ઓસો બી પડવા હું નહીંજ દેવશ."—અને તેઓ પાછાં બગલગીર થયાં.

તેઓ પાછા બગલગીર થયાં, ને તે માતાએ તે પ્યારો પનોતો ચેહરો ચુમીઓથી ભરી નાંખ્યો—પણ તેવામાં એ શું? એકજ પલ તે પોતાના દીકરાથી જરા અલગ થઇ કે તરતજ હવામાં એક મસ મોટા ધુજારાનો ધડાકો થયો, અને કમબખ્ત લીઓ હવામાં ઉંચે ઉછલી એક ભયંકર ચીસ સમેત ભોંયપર પાછો પટકાઇ પડયો! ગજબપર ગજબ, તેને કોઇ કરપીણ હાથોએ ગોલી મારી વીંધી નાંખ્યો હતો!!

તે માતા બેબાખરી-હૈયાંસુની-દીવાની બની ગઇ! ધડાકો સમી રેહતાં ને ધુમાડો હટી જતાં સાથે તેણે પોતાના વ્હાલા ફરજંદને ગોલીથી વીંધાઇને પોતાના પગ પાસે મુડદું થઇ પડતો જોયો, અને ત્યારે તે આખું એકાંત ધુજાવે એવી ચીસ સાથે તે હૈયાં-ફુટી માતા પોતાના તે વ્હાલા બેટાની લોથપર બેબાંન તુટી પડી!!

પ્રકરણ ૧૮ મું.

શું લીઓ મરીજ ગયો!

લુચ્ચા આલબર્ટે તે માદીકરાના એ મેલાપનો રસ્તો ખાખસુસ મોકલો અને ચોખ્ખો કરી આપ્યો હતો. અર્લ વળતી સહવારે સકાળે શિકારગાહે જનાર હતો તે તેને રોશન હતું, અને તેથી તે મુજબ તે

પોતાની બંદુક લઇને મેહેલમાંથી બાહેર પડયો એટલે ગોરસ્તાન જવાનું બાહણું બતલાવીને સુંદર ગ્રેડીઝનો તે શત્રુ સગો પોતે પણ તરત બંગલામાંથી બાહેર પડયો. તે, એમ છતાં, લાંબે કેડે ગયોજ નહીં. તે જલદીજ મહેલમાં પાછો ફર્યો, અને પોતાની વકી અને ગણત્રીઓ મુજબ ગ્રેડીઝને અને ચીતારા મી૦ બ્રેને બંનેને મેહેલમાંથી બાહર ગયલાં તેણે તેહકીક ઉપરથી જાંણી લીધાં. તે મુછમાં હસ્યો. ગઇ રાત્રે બ્રેને તે ઉમરાવ બાંનુ તરફથી છુપી છાંની એક ચીઠી પુગાડવામાં આવી હતી ત્યારથીજ તે તો આવી એક મીલાકાતનો ગાંઠ વાળી બેઠો હતો, અને પચીસ પચીસ વરસ થઇ ઢીનો લેવાના કરદમાં તે અટવાઇ મરતો હતો તેં દાવ હવે અંતે તેને હાથ આવેલો નજરે આવવાથી તે ખુશીમાં ગરક ગયો.

તેને, તોપણ, અજબ ઘણું લાગતું હતું. લેડી લીસ્ટરનાં શુધ્ધ વર્તણે અને સાવચેતભરી નિષ્કલંક શ્રદ્ધાએ તેને હંમેશ તાજુબ કર્યો હતો, કેમકે તેના જેવી પાકઝાદ અબળા તેણે બીજી કોઇ જોઇ ન હતી. તેણીની તેજસ્વિ ખુબસુરતીએ ઘણાક લંપટોને મોહીત કર્યા હતા, અને તે છતાં પોતાની પાકીજગીથી તે ભલા ભલાઓને અત્યાર સુધી હંફાવતી અને માહાત કરતી રહી હતી તે તેને સારી રવેસે રોશણુ હતું; અને તેવી એક આવા ઉતરતા વર્ગના એક છોકરવન ચીતારાની મોહીનીમાં આયંદે પોતે માહાત થાય એ અકલમાં બેસની આવતી વાત ન હતી. એમ છતાં છેલ્લે અંતે તે હેમકે મનથી ચુકવ્યું કે દુન્યા એ જાતના ઓચંબાઓથી ખાલી નથી, અને જો આ બે આસામીઓ ચીઠીપત્રીની છુપીછાંની આપલે પછી એ કીસમે એકાંતમાં એકઠાં મલ્યાં હતાં તો તેમાં ગલીચી સિવાય બીજું થઇજ શું શકે ?

તે, એ ઉપરથી, તેમને શોહધનો તરત મહેલમાંથી પાછો બાહેર પડયો. તે ખુણાં ખંટોલાં શોધનારો એક ખવીસ હતો, માટે એ જાતનાં સઘળાં ખુણાં ખંટોલાં તેનાથી અજાણ્યાં ન હતાં, અને ત્યારે તે શોહધની સરહદે, પોતે અદ્રષ્ય રહીને, જલદીજ તે માદીકરાને એક મોટાં ઝાડનાં થડ ઉપર એકમેકનાં પાંસાંમાં ગોઠવાઇને બેઠેલાં તેણે પકડી કાહડયાં.

એટલુંજ બસ હતું ! ખરા ભેદનો ભાવાર્થ તે મુર્ખો કેમ જાણે ! કમળાની આંખોએ પીલુંજ દેખાયછે. તેણે તેમને હાથમાં હાથ મેળવીને

એક બીજાંની ગોદમાં બેઠેલાં જોયાં, અને ત્યારે એક પણ પળ ખોહયા વગર તે લોર્ડ ફીલીપની શોધમાં દોડયો—બલકે ઉડયો !

'એ પરણી નહીં આવી હોતે તો મારો નાશ થતે નહીં,' તે એમ દોડતાં દોડતાં બી કીનાથી બબડતો ચાલ્યો. 'કોઇ રીતે જો હવે એનું કાતલું કાહરી નાખી શકાય, અને પછી પેલા પોરયા વીલીનો વચમાંથી રસ્તો કરી શકાય તો હજી બી મારી મોતેબર ઉમેદો બર આવવા માટે ઘણું મોડું થયું નથી.'

અર્લનો ઘર તરફ પાછો ફરવાનો વખત થયો હતો. તેને પંખેરાંઓના શિકારે જવાનો ઘણો શોખ હતો, અને તે એ મીસાલે, તેથી, અવારનવાર ખાંધે બંદુક મારીને ફુરસદની એકાદ સહવારે પાંઉપીઆદો એકલો ઘરમાંથી બાહેર નિકળી પડતો હતો. તે કયે રસ્તે જતો હતો, કાંહાં જતો હતો અને કયાંથી પાછો આવતો હતો તે સઘળું, તેથી, આલબર્ટને ખબર હતું, અને ત્યારે તેને એક તડાકે હુંડી લાવવાના પાપી ઇરાદાથી તે કરપીણ આસામી કમ્મર કસી એકદમ દોડયો.

તેને ઘણું લાંબે જવું પડયું નહીં. તે તુમાખી ઉમરાવ, ખુશ મીજાજી, ઘેર પાછો ફરતો હતો. તેની ખાંધપર બંદુક તૈયાર ભરેલી હતી, ને હજી ઘર આવતાં આવતાં પણ શિકારની ઉમેદમાં તે ચોગરદમ નજર દોડાવતો રહયો હતોઃ એવામાં તેની નજર સામેથી ઉતાવલે ધસી આવતા આલબર્ટ ઉપર પડી ને તે ઘણો તાજુબ થયો.

"શું છે, આલબર્ટ, તું ઘણો ફ્ગલાયલો છે ? તું ઘણો ગભરાયલો છે ?" તેણે મોટી ચીંતાતુર આતુરતાથી પુછયું.

"હા, ફીલીપ, મારે તમારી સાથે કાંઇ તાકીદનું કામ છે," તેણે કહ્યું.

"એવું તે શું છે ?"—અને લોર્ડ ફીલીપની અજાયબી વધીને બેવડી થઇ.

"તમોને તમારી પાક હોરમત ઘણી પ્યારી છે તે મને ખબર છે, ફીલીપ," તે લુચ્ચાએ કાંગલો થતાં કહ્યું, "અને તમારી ઇજ્જતની બરબાદી તે મારી અને આપણાં આખાં ખાંનદાનની ઇજ્જતની હું ધુળધાણી જાંણુછ."

"વારૂં પછી!"

"હું એક ઘણો નેહસ્ત, નાપાક ને દાઝખી દેખાવ જોઇને તમારી પાસે દોડયો આવ્યોછ," આલબર્ટે ચોકઠું બેસાડવાનું ચાલુ રાખ્યું. "લંબાણથી કેહવાનો વખત નથી, પણ ટુંકમાં એટલુંજ જાણો કે તમારી ગ્નેડીઝ પેલા પોરીઆ ચીતારા સાથે ઘણી બેઅદબીથી વરતેછ, અને તેઓ વચ્ચેની શરમભરેલી દગલબાજીનું તરકત મેં મુદ્દા સાથે પકડેલું છે."

"હેમક, તું દીવાનો થયોછ," ગુસ્સાવાલા લોર્ડ ફીલીપે મોટાં ઝનુનનાં જોશમાં લગભગ મુક્કી ઉંચકીને કહ્યું. તેને તેની પાકજાદ ગ્નેડીઝની પવિત્રાઇમાં સંપુર્ણ એતબાર હતો. જે એકાંતમાંજ જીવતી હતી અને જેણે અશોઇ સદા પોતાની કરી લીધી હતી તે એક બી ગલીચીનો ખ્યાલ કરે એ અનુમાનજ તેને કમકમાવા બસ હતું.

"જરા ધીરા પડો, ફીલીપ," તેને ખીજવાયલો જોઇને ધીરજ આપતાં આલબર્ટે કહ્યું. "તમોને જો પુરાવો ને મુદ્દો જોવોજ હોય તો તે હમણાં બી મોજુદ છે. જરા ઝપાટામાં ચાલો મારી સાથે, અને હું એક તડાકે તમોને તેઓ બગલગીર થયલાં હોવાનો દાઝખી દેખાવ નજરોનજર બતલાવીને તમારી ખાત્રી કરી આપવા તૈયાર છેઉં."

"ચાલ!" તે ઉમરાવે જુસ્સાથી કહ્યું, "મગર યાદ રાખજે કે જો તું જુઠ્ઠો પડયોછ તો તારા બદનમાંનું એક બી હાડકું આખું રેહવાનું નથી."

તેઓ ઉતાવલે કદમે ધસ્યા ગયા.

આલબર્ટ તેને એક ઝપાટે તે અજબજેવો "સીન" બતલાવવા લઇ આવ્યો, કે જ્યારે તે માદીકરો હજી એ ત્યાંજ હતાં. વાંચનાર યાદ કરશે કે ગ્નેડીઝે એક વારતા રૂપે પોતાની ગઇગુજરી લંબાણથી કહી સંભળાવી હતી, અને તેઓ એકમેકને જાહેર થવા પછી હદ વનાનાં હેત સાથે પાછાં ને પાછાં બગલગીર થતાં હતાં તેજ હીણભાગ્ય પ્રસંગે તે અદેખો ઉમરાવ આબાદ ત્યાં આવી ચહડયો.

તે દેખાવ જોતાં તે અદેખા અને ઝનુની આસામીની આંખમાં ખુન વરસી આવ્યું. તેની સુદ્ધ બુદ્ધ ગુમ થઇ ગઇ, અને પછી જરા

બી બોલ્યા વના, ગુસ્સાનાં ઝનુનમાં દાંત પીસીને, તેણે પોતાની ભરેલી બંદુક તાકી, અને તે જવાન ચીતારાને જાનથી મારીજ નાખવાના કસ્દથી તાબરતોબ વિંધી નાખ્યો !

પ્રકરણ ૧૯ મું અને છેલ્લું.

સારાં નસીબે ગ્નેડીઝની બેભાની લાંબા વખતની નહીં હતી. તેને ફક્ત એકાદ પલની મુર્છા આવવાથી તે હૈયાંસુની તુટી પડી હતી, પણ તેના સપુત લીઓના ભયંકાર જોખમે તેને ફરજ્યાત સચેત કરી મેલી, અને બીજીજ પલે તે પાછી કુદકો મારીને ઉભી થતાં એ કરપીણુ કરતબ્ય કોણુનું હતું તે નજરોનજર જોવા ને જાંણુવા પામી.

"ઓ ખુંની!" તે હવે પોતાના ખાવંદનાં આંગપર તેથી રડતી તવલતી ધસી જતાં બોલી, "તેં અંતે જો મારા વ્હાલા દીકરાને જાનથી બી માર્યો તો હવે મને બી મારી નાખ; મારે જીવવુંજ નથી!"

"તારો દીકરો?" તે ઉમરાવ એકદમ ચમકીને બોલ્યો—અને તેના ધ્રુજતા હાથોમાંથી બંદુક વટીક પડી ગઇ, કે જ્યારે નવી રવેસે પટકાઇ પડતી પોતાની ભલી ભારજાને તેણે પોતાના હાથમાં પકડી લીધી; "ઓ, શું એ ખરૂં છે? આએ શું ખરેખર તારો દીકરો છે, ગ્લેડીઝ?"

"અરે, એ શું ઘેલી વાત છે?" આલબર્ટ ગુસ્સાથી વચ્ચે પુરાયો; "આએ કાંઇ વીલી નથી. આએ તો પેલો પોરચો ચીતારો બ્રે છે."

"હેમક, વગર સમજવે વચમાં પટપટ ના કર," તે ઉમરાવે ગુસ્સાથી ઠઠરાવી નાંખનારી ઢપે તેને ચુપ કરતાં કહ્યું; "જા મર, મેહલમાં જા, અને ડાકટરોને એકદમ તેડવા મોકલ. પાલખી બી અત્રે મોકલી દે."

આલબર્ટ હેરત થતો ચાલ્યો. તેને જે હદ સુધીનું ચાંઇ અને ખસીઆનું લાગતું હતું તેનો ખ્યાલ થઇ શકવાનો નથી. તેને કશી સમજ પડી શકી નહીં. આ ચીતારો બ્રેડી ગ્લેડીઝનો દીકરો તે કેમ થઇ શકે? શું તે બન્ને દીવાનાં થઇ ગયાં હતાં? શું તે પોતે સ્વપ્નો જોતો હતો?

હવે લોર્ડ ફીલીપે પોતાના સાહસથી હદ વનાનો લજવાઇ જઇ તે મરતા જવાંનની લોહને પોતાના હાથમાં ઉપાડી લીધી, અને પસ્તાવાથી બળી મરતાં જીગર સાથે તે હીણેલા જવાંનનું માથું તેણે પોતાની છાતી ઉપર ટેકવીને કાળજીથી તેનો જખમ તપાસ્યો.

"મારી પવિત્ર ગ્લેડીઝ, હું તારો ખરેખર ઘણો મોટો તકસીરવાર છેઉં," તેણે ધીમે સાદે અને નરમ લાગણીઓથી કહ્યું; "આએ છોકરાના સંબંધમાં અવલથીજ હું તારી સાથે ઘણો ઘાતકીપણે વરત્યોછ, અને છેલ્લે અંતે મેં મારા હાથ વટીક એનાં લોહીમાં બોલ્યાછ. હું જાણુંછ કે હવે તું મને કદી બી માફ કરવાની નથી, પણ હું એને જીવાડવા અને તુંને પાછો સપુર્દ કરવા મારો જાન પટકીને મેહમત કરશ. તે મારાં પાપની પુરતી તોજેશ થશે. જો, એ હજી જીવેછ! ખોદા એને મારે ખાતર હજી બી બચાવશે, અને મને એક આખી જીંદગીના પસતાવાથી મોકલો રાખવાની દયા કરશે."

ગ્લેડીઝ આ બધા સુખભર્યા સુખનોથી પોતાના ખાવીંદ માટેનાં તેનાં અસલ વાહલમાં પાછી એક તડાકે ખેંચાઇ ગઇ, ને પોતાના હાથ તેનાં ગલાંમાં નાંખીને તેની એ દયાલુ લાગણી માટે હરખાતાં તે અબળા ફોકેફોક રડી!

ઓ, જો તેણીના વાહલા બેટા તરીકે તે જવાંન જીવીને જાહેર થઇ શકે તો હજી બી તેણીનું જીવ્યું જીવતર સફળ થાય એમ હતું, અને તે માટેની તેણે તે કીરતારની પાક જનાબમાં ખરાં દીલની અરજગુજારી કરી લીધી.

તે પછી મરતા લીઓની લોહને મોટાં માન સમેત મેહલમાં લાવવામાં આવી. ઘરમાં ગભરાત થઇ રહયો. કાબેલમાંકાબેલ ડાકતરોની તાકીદની દોડ પોંહચી, જેઓએ લીઓની પાંસલીમાંથી તે ગોલી કાપી કાઢી.

મામલો એ સઘળો વખત ઘણોજ ગંભીર હતો. લીઓ મોહતનાં ઘરના ઉંબર સુધી પોંહચી જઇ ચુકયો હતો. તેને મોહતજીવત વચ્ચે ઝોંકા ખાતો જોવાનું કેવળ ત્રાસજનક હતું. ગલેડીઝ—તે મીઠી માતા ખાધા પીધા વગર રાત ને દાહડો તે વાહલા બેટાની સાહરવારની ખીદમતગુજારીમાં ખડે પગે મસગુલ રહી હતી. તે ઉમરાવે પોતે પણ પાપરીની પેરે પૈસો વેરયો. લીઓનો જીમાઇ જતો જાંન બચાવા અને

તેને જીવતો પાછો ઉઠાડવા તેણે હદ વનાનું કરયું. ખુંનની કાળી તીલી સાથે તેને જલ્લાદને હાથે મરવાનું થાય અથવા સર્વદા લોકોની થુ-થુ વચ્ચેજ જીવવાનું થાય તે માટે તેનો જીવ સીકે ટીંગાયલો હતો. તેણે પોતાની તોજેશ વચ્ચે ગ્લેડીઝને ઉપરાસાપરી વચનો આપ્યાં હતાં કે લીઓ જો જીવે તો તે પોતાની મગરૂરીને સદાની છેલ્લી સલામ કરશે, અને તે જવાંનનો જાહેરમાં સ્વિકાર કરીને ખરી હકીકત લોકોમાં જરા બી શરમાયા વના તે ખુશી સાથે જાહેર થવા દેશે. વળી લીઓને પોતાના પેટના દીકરા પેરે તે સદા હેતથી ચાહશે, ને તેને પોતાના મેહેલમાં રાખી તે પછી સદા સુધી સાચવશે.

અને થયું પણ તેમજ ! ખુદા તેની દયામાં એવા નેકમાંનેક હીંગામ વચ્ચે કેમ તંગદસ્ત થઇ શકે ? લીઓ છેક મોહોતની કીનારી તલક પોંહચી ગયલો કાબેલમાંકાબેલ તબીબોની ખંતીલી સારવારથી અંતે જીવવા અને સાજો થવા પામ્યો, કે જયારે લેડી ગ્લેડીઝ હદ વનાના હરખથી હર્ખઘેલી થઇ.

અને તે તુમાખી ઉમરાવે પોતાનું આપેલું વચન પાલ્યું, કે જયારે લોકોની ભારે અજાયબી વચ્ચે સુંદર ગ્લેડીઝના આગલા ગરીબ સંસારની તે સઘળી હેરત પમાડનારી કેફીયત એકદમ અજવાળાંમાં આવી.

* * * * *

હવે કેહવાનું થોડુંજ રહયું છે. તે મોટા મેહલમાં દુઃખનો એક બી ઓળો હવે રહયો ન હતો. નાઉમેદ થયલા એકલા કંગાલ આલબર્ટ સિવાય સર્વ કોઇ હવે ખુશખુશાલ અને સુખી સુખીઆરાં હતાં. વીલી પણ પોતાના વડા ભાઇનો હેતથી અંગીકાર કરતો હતો, કે જયારે ગ્લેડીઝ ને લીઓનાં સુખની તો જાંણે સીમાજ ન હતી !

રોઝ પણ પુરતી સુખી હતી. લીઓ માટેના તે સુંદરીના સાચ્ચા પ્યારનો ઉમરાવ ફીલીપે તેટલાંજ હેતથી સ્વિકાર કરયો હતો, અને તેઓ અદરાઇ ચુકયાં હતાં, કે જયારે જલદીજ, વળી, તેમનાં મોટી ધામધુમથી લગ્ન કરી આપીને પોતાની નજીસ ગરૂરીની પુરતી તોજેશ પરીપુર્ણ કરી આપવા તે સુધરીને સમા થયલા ઉમરાવે માથે લીધું હતું. તે ઉમરાવી તોખમનો એક શુદ્ધ ઉમરાવબચ્ચો હતો, અને તેથી તે સુધરવા લાગ્યો અને પોતાની ભુલ જોઇ શકયો ત્યારે તેને સમો થતાં વિશેષ વાર લાગ્યો નહીં. તે હવે સામો પોતે પોતાની એ આગલી હેમાકાત બલ્કે હેવાન્યત માટે તાજુબ અને હેરત રહયો !

લીઓનાં લગ્નમાં પેલા નામીચા ગાનાર વરનર અને ફીસખી ચીતારા વારીનીએ પણ ઉલટમંદ ભાગ લીધો. તેમના વડે આ ભીક્ષુક ચીતારાનો ઉદગાર અને ઉદય થયો હતો, અને તે બન્નેનું હેસાંન ગ્લેડીઝ મરતાં તુલક ભુલી જઇ શકી નહીં. ટુંકમાં, સઉ સારૂં જેનું સેવટ સારૂં. એક મીઠી માવતરનાં પવિત્ર વ્હાલનું મહત્વ ને મહીમા અચુક ફીસમે પુરવાર કરી આપનારી આપણી આ ચાનકરૂપી ન્હાનકડી વારતાનાં સઘળાં સુખી પાત્રોએ પછીથી, મોટાં માયો કેહતાં તેમ, "ખાધું પીધું ને મોજ મજાહ કીધી" એવી રૂડી ખાત્રી સાથે અમો અમારાં વ્હાલાં વાંચનારાંઓથી અત્રે રૂખસદ લઇશું, અને રૂખસદ લેતાં આ વારતાનાં મથાલાંમાં અમોએ પુછેલો સવાલ, જવાંન લીઓની નેકબખ્ત માતા ગ્લેડીઝના સંબંધમાં, અમો અમારાં સુઘ વાંચનારાંઓને પોતાનેજ પાછો પુછીશું કે—**મીઠી કે જુઠી ?**

સમાપ્ત.

જાહેર ખબર.

"ફુરસદ."

વાંચવાજોગ વારતાઓ, નસીહતો, નાટકો, અને અનેક વીવીધ વીષયોથી ભરપુર મોટા ૪૮ સફાનું ગુજરાતી માસીક.

*** એકાદ કામ સારૂં છે એમ કેહેનારો મત ખુશામત યા લાગવગથી મંગાવાનું અથવા મેળવવાનું મુશકેલ નથી, પણ એવી કશી બી ખુશામત અથવા લાગવગ વગર, દીલના પ્રમાણીક હેતુઓને આધીન, વગર મંગાવવે લખાઇ આવેલાં મતો કોઈ બી સારાં કામની સૌથી શ્રેષ્ટ અને સૌથી સાચ્ચી સીફારસ ગણાવી જોઇએ અને એવી જાબજા સીફારસ માટે 'ફુરસદ' ભાગ્યશાલી તેમજ મગરૂર છે. માસીક કુટુંબોના હાથમાં વીશ્વાસથી વાંચવા આપવાજોગ એક ગમત સાથ જ્ઞાન આપનારાં સાંધન તરીકે છેહલાં વીસ વરસ થયાં ધરેધર પલોટાયલું ને ઘણું પ્યારૂં થઇ પડેલું છે.

વારસીક લવાજમ રૂ ૩.

બ. ન. કાબરાજી.

"નવરાસ."

("ફુરસદ" ની સગી બેહેન !!)

વારસીક લવાજમ "ફુરસદ" નાં ગ્રાહકો પાસેથી રૂ. ૧ાં.
બાહેરનાં ગ્રાહકો પાસેથી ... ... રૂ. ૧ાાાં.

માસ જુલાઇ ૧૯૧૦ ના અંકથી પારસી સંસારની એક નવીજ ઘણી દીલપઝીર વારતા નામે "નેકીનો નતીજો" ચાલુ કરવામાં આવી છે. આ વારતા મીસીસ M. R. B. ની જાંણીતી કલમથી લખાય છે. ને "નવરાસ" ની વારતાઓએ અત્યારસુધી, એક બી અપવાદ વગર, તેની રસીકતા ને ફતેહ માટે "ફુરસદ"નીજ પંકતીની જે પ્રસિધ નામના કરેલી છે તેને મુકાબલે આ નવી વારતા તેટલીજ બળવાન ને દરેક જ્ઞાતનાં વાંચનારાંઓને એક સરખો ઉમંગ તેમજ રસ ઉપજાવવા જોગ થઇ પડવાની પુરતી ખાત્રી આપી શકાય છે.

બ. ન. કાબરાજી.

જાહેર ખબર.

"જી—રોજી."

"ફુરસદ" ની કટારીમાં નજદીક બે વરસ વક લંખાયલી દીલ-પઝીર પારસી સંસારી વારતા નામે "જી—રોજી" ના સઘળા અંકોની સંપુર્ણ ફાઇલોના ગણત્રીના થોડાક સૅટ વેચવા માટે તૈયાર કરી શકાયા છે. એ વારતા માટે ઘણાંક ગ્રાહકોને નાઉમેદ થવું પડયું હતું તેમને માટે આ નાદર તક છે. એ વારતા ઉપરાંત એ નજદીક બે વરસની ફાઇલોમાં બીજું દીલપસંદ વાંચવાનું પુશ્કલ ને પુરતું છે. તાકીદે મંગાવી લેશો. એકંદર કીંમત, ટપાલ ખરચ સુદ્ધાં, ફક્ત રૂ. ચાર.

ફુરસદ ઑફીસ,—ફ્રીઅર રોડ; કોટ.

એક પરણેતર—ખરી કે ખોટી?

પ્રખ્યાત બાંનુ લેખક "M. R. B." ની આ મોટી જાંણીતી વારતા જે "નવરાસ" માં છપાઇ છે તેની થોડીક ગણત્રીની કંપલીટ ફાઇલો વેચવાની બાકી રહી છે. તુરત મંગાવવી. આ વારતા અવલથી આખર તક ઘણીજ દીલપઝીર છે.

કીંમત, રેજીસ્તર ને પોસ્ટ ખરચ સુદ્ધાં, રૂ. ૩.

"રાજાના મેહેલમાં."

"નવરાસ"ના અધીપતીની કલમથી લખાયલી આ દીલપસંદ ને રસીલી વારતાની કંપલીટ ફાઇલો વેચવાને થોડીક તૈયાર કરી શકાઇ છે. આ વારતા પુશ્કળ વખણાયલી છે. અજમાવી જુઓ.

કીંમત, રેજીસ્તર ને પોસ્ત ખરચ સુધ્ધાં, રૂ. ૩.

જાહેર ખબર.

સસતી ચાર રસીલી વારતાઓ:—

૧. "મીઠી માસીની મેહેરાં."

૨. "જાલ જુગારી."

૩. "એકજ ભુલ—જીંદગીની ધુલ."

૪. "પાપનું મુળ—પૈસા!"

☞ આ સસતી ૪ રસીલી વારતાઓની ઘણીજ ભલામણ કરી શકાશે. 'ફુરસદ'ના નોરોઝના ડબલ મોટા અંકો માટે હરેક વરસમાં ખાસ લખાયલી એ ચાર મોટી દીલપઝીર સંપુર્ણ વારતાઓ છે. ગમે તે એક અથવા બધી સામટી અજમાવી જોઈ શકાશે. જે એક વાંચશે તે બધી વાંચશે.

અકેકની કીંમત ફકત રૂ. ૦॥, પોસ્ટેજ ૦)‑ વી. પી. પોસ્ટથીજ મોકલવામાં આવશે.

બ. ન. કાબરાજી.

મીઠી

ૐ

જુઠી ?